મુલતવી રાખવાનાં માઠાં ફળ.

કર્તા,

વિઠ્ઠલરાય ગોવર્દ્ધનપ્રસાદ વ્યાસ.

કેળવણી ખાતાએ ઇનામ તથા લાયબ્રેરી બુક તરીકે મંજુર કરેલી.

મુલતવી રાખવાનાં માઠાં ફળ.

(એક વાર્ત્તા.)

श्लोक.

नकश्चिदपिजानातिकिंकस्यश्वोभविष्यति ।
अतःश्वःकरणीयानिकुर्यादद्यैवबुद्धिमान् ॥

ગીતિ.

અરે! થશે શું કાલે? ધ્યાને જ્ઞાન ન કદાપિ કોઈ ધરે;
એ માટે મતિમંડિત કામ કાલનું આજજ પૂર્ણ કરે.

ભાષાન્તર કર્ત્તા,

વિઠ્ઠલરાય ગોવર્દ્ધનપ્રસાદ વ્યાસ.

'મા બાપ તેવાં છોકરાં' 'લંગડો જરવાસ' 'યુવાનોને બોધવચન' તથા 'ઇંગ્લીશ ગુજરાતી પોકેટ ડીક્ષનેરી' 'ધી સ્ટુડન્સ ઈં. ગુ. ડીક્ષનેરી' તથા 'ધી સ્ટાન્ડર્ડ ઈં. ગુ. ડીક્ષનેરી' વિગેરેના કર્ત્તા.

છપાવી પ્રસીદ્ધ કર્ત્તા.

પોપટલાલ મગનલાલ ગજરાવાળા.

ધી ગુજરાત ઓરીએન્ટલ બુક ડીપો

અમદાવાદ.

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

કી. ૦-૭-૦.

અમદાવાદ.
જમાલપુર રોડ ઉપર શ્રી નટવર પ્રિન્ટિંગ પ્રેસમાં
ભોગીલાલ નારણદાસ ખાડીવાળાએ છાપ્યા.

મુલતવી રાખવાનાં માઠાં ફળ.

પ્રકરણ ૧ લું.

કુટેવનાં પ્રથમ પરિણામ.

એસિલ લખે છે કે–લાંબા વખતથી મારા મનમાં મારો ઇતિહાસ લખવાનો વિચાર હતો. તેનો આજ હું આરંભ કરૂં છું. કારણ કે મારી જીંદગીના અર્ધા સારા ઠરાવો કંઇ પણ કામ કાલસુધી મુલતવી રાખવાથી નકામા ગયા છે. જ્યારે હું જુવાન હતો ત્યારે સૌ એમ કહેતા કે એનામાં ફક્ત મુલતવી રાખવાની કુટેવની એકજ ખોડ છે. આ ખોડ હું માન્ય કરતો હતો; પણ મારામાં રહેલી મગરૂરી અને આળસને લીધે હું એમ ધારતો કે એ ખોડ નાની અને ઝટ સુધારી શકાય તેવી છે. પરંતુ મારી આખર અવસ્થા સુધી એમ કરવાનો વખત મળ્યા છતાં પણ હું સુધર્યો નથી; તેથી મારૂં મન જે ચરચર થયાં કરે છે તથા અન્તઃકરણનો જે પશ્ચાતાપ મને થાય છે તે હવે સુધારાની ગરજ સારે છે એમ ધારી મન વાળું છું.

મારા પિતા **લંડન** શેહેરના એક પ્રખ્યાત પુસ્તકો વેચનાર હતા. મારો જન્મ થયો તે દિવસે તે નવો 'જીવનચરિત્ર કોષ' તપાસતા હતા. પ્રસવની ખબર જ્યારે તેમને કરવામાં આવી ત્યારે તેમની આંગળી "**બેસિલ**" એ નામપર હતી. તેથી તરત તેમણે મોટે સાદે વાંચ્યું કે "ઇશ્વિરી જ્ઞાન, વાદવિવાદ, અને નીતિ સંબંધી લેખક, **સેસિરીઆનો** ધર્મગુરૂ, **એસિલ.**" પછી તે બોલ્યો કે "આ મહાપુરૂષનું જે નામ છે તે નામ મારા છોકરાનું પણ પાડીશ. ગ્રંથકાર તથા ધર્મ-

ગુરૂ એ બંને પદ્વિઓ સાથે મેળવવી અશક્ય છે તોપણ, મને આશા છે કે હું એને તાર્કિક, વાર્તિક, અને નીતિ સંબંધિ લેખક તથા ધર્મગુરૂ થયેલો જોઇશ,"—એ પ્રમાણે તેમણે મારૂં નામ એસિલ પાડ્યું. બાલ્યાવસ્થામાં મારી અક્કલ અને સ્મરણશક્તિ મારા જોડિયા મિત્રો કરતાં ભાગ્યેજ વધારે હતી. તોપણ 'આપકી લાપસી ઓર પરાયેકી કુસકી' એ ન્યાયે પિતૃસ્નેહની ધુનમાં મારા પિતાને તે અસાધારણ લાગતી હતી. અને તેથી તેમના ધારેલા ભવિષ્યને ટેકો મળતો હતો. તેમને એમ લાગ્યું કે આ છોકરાને ઉંચી કેળવણી નહીં અપાય તો મોટી ભૂલ થશે; તેથી મને કેળવણી આપવાને તેમણે પોતાના ગજા ઉપરાંત પૈસા ખરચ્યા. આગળ જતાં હું એક પ્રખ્યાત માણસ થઇશ એ વિચારથી હું પણ બચપણમાથી પ્રેરાયેલો હતો. મારા શિક્ષાગુરૂઓ પણ કેટલાક વખત સુધી મારાથી સંતુષ્ટ હતા અને મારી તીવ્રબુદ્ધિનાં વખાણ કરતા. પણ 'વખાણી ખીચડી દાંતે વળગે' એ ન્યાયે એજ વખાણવચનોએ મને આગળ વધતાં અટકાવ્યો. જે ઝડપથી હું મારા પાઠ તૈયાર કરતો, તેજ ઝડપ પાઠ તૈયાર કરવાનું છેલ્લી ઘડીસુધી મુલતવી રખાવતી; ઘમંડને લીધે શરૂ થયેલી આ કુટેવનું પરિણામ એ આવ્યું કે મારી નામોશી તથા બેઆબરૂ થઇ.

જ્યારે મને એક જાહેર નિશાળે મુક્યો. ત્યારે હું મારા સોબતીઓની સાથે એટલો બધો આળસુ થઇ ગયો કે મારી તીવ્રબુદ્ધિ છતાં અઠવાડીઆમાં બે વાર ફેરકાનો માર મારે ખાવો પડતો. જેમ જેમ હું વધારે મોટો થતો ગયો તેમ તેમ આવતી જતી સમજણને લીધે મારી ભૂલ સુધરી હોત; પણ મારા પિતાનાં કેટલાંએક અવિચારી વખાણ સાંભળી મને આળસુ રહેવાનું ઉત્તેજન મળતું ગયું. રજાના દિવસોમાં જ્યારે હું ઘેર આવ્યો, અને મારા આળસને માટે શિક્ષાગુરૂઓના ઠપકાના કાગળ મારા પિતાપર આવ્યા, ત્યારે તે-

મણે મને ઠપકો દેતાં દેતાં પણ પાસે બેઠેલાં માણસો તરફ નજર કરી મારાં વખાણ કર્યાં, અને કહ્યું કે, "મારો એ- સિલ વિચિત્રમૂર્તિ છે; તે ધારે તે કરી શકે એવો છે; એના સઘળા શિક્ષકો પણ એમજ કહે છે; તથાપિ એ ઘણોજ આળસુ છે.—સઘળા બુદ્ધિમાન્ પુરૂષો એવાજ હોય છે, અને તેઓ 'આગ લાગે ત્યારે કુવો ખોદવા જાય' તેવા હોય છે; જે ગીતની ત્રીજી આવૃત્તિ મેં હમણાંજ છપાવી છે તેનો રચ- નાર ઘણોજ આળસુ છે. પણ એના જેટલી ઢીલચાલ તથા હોહા દુનિયામાં કોણે કરી છે ? તે પોતાનું દરેક કામ મારા એસિલની માફક મુલતવી રાખે છે; તે છતાં શૂરમાં આવે તો છેલ્લી ઘડીએ પણ તે ઘણું કરી શકે છે; તથાપિ શૂર આવ્યા શિવાય તે કંઈ પણ કામ કરતો નથી. એકે અક્કલ- વાન્ પુરૂષ એવો જોવામાં નથી આવ્યો કે તે આળસુ નહિ હોય."

ઉપરનાં વખાણનો એકે શબ્દ મારા મનમાંથી ખસે તેમ નહોતું, "અક્કલવાન અને આળસુ" એ શબ્દો મારા મગજમાં એવા તો જડાઈ ગયા કે, તે મારી પોતાની લાગ- ણીથી અથવા શિક્ષાગુરૂઓના બોધ કિંવા દાબથી દૂર થઇ શક્યા નહિ. હું તો ઉલટું એવું સમજવા લાગ્યો કે અક્ક- લવાન્ હોય તે આળસુ હોયજ. જે કુટેવ દૂષણરૂપ ગણી સુધા- રવાને મારા શિક્ષકો પ્રયત્ન કરતા તે કુટેવને હું ભૂષણરૂપ માનતો; અને જ્યાંસુધી વર્ગમાં શીખવાતી કવિતા પૂરેપૂરી ઉતારી લેવાનું મુલતવી રાખવાથી મેં હ્યટનની જાહેર પ- રીક્ષામાં ઇનામ ખોયું નહીં, ત્યાં સુધી મારી મૂર્ખાઇને માટે મને કોઇ પણ વખત ઝાઝો પસ્તાવો થયો નહોતો. કવિ- તાની જે થોડી ઘણી લીટીઓ મેં લખી હતી તે બધાને પ્રસન્ન હતી; પણ પૂરી કવિતા વિના તે કામની નહોતી; આથી મારૂં ધારેલું ઇનામ મારા એક સોબતી જોન્સને મળ્યું. એ જોન્સ ઘણો બુદ્ધિમાન્ નહોતો, પણ જબરો

ખંતીલો હોવાથી તેણે પોતાની કવિતા વખતસર તૈયાર કરી હતી.

આ જાહેર પરીક્ષાના મેળાવડામાં મેં મારૂં નામ કાઢવાની હાથ આવેલી તક ખોઇ તેને માટે મારા પિતા મારાપર બહુ ગુસ્સે થયા. એમ થવાનું મુખ્ય કારણ એ હતું કે ખુદ મહારાજા એ મેળાવડામાં હાજર હતા; અને જેમને ઈનામ મળ્યાં તેમને મહારાજા પાસે લેઇ જવામાં આવ્યા હતા. વળી એમ ધારવામાં આવતું હતું કે જે છોકરાઓ અત્યારથીજ અક્કલવાન જણાય છે તેમને મોટપણમાં દરબાર શ્રી તરફથી સારો ફાયદો મળશે. આ સઘળાને લીધે મારા પિતાને ઘણો ખેદ થયો; અને તેમણે "અક્કલવાન ને આળસુ" કહી મને જે ઉત્તેજન આપ્યું હતું તેને માટે પોતાનેજ ઠપકો દેઇ પોતાનાં તે અવિચારી સંભાષણની વિરૂદ્ધ બોલવાનો ઠરાવ કરી મને કહ્યું કે, "તારી મુલતવી રાખવાની કુટેવ છોડાવવાનો મેં નિશ્ચય કર્યો છે. પછી તેમણે પોતાના કબાટમાંથી મિ. **યંગનું** નાઇટ્સ થોટ્સ નામનું પુસ્તક લીધું. એમાંની "Procrastination is the thief of time" (મુલતવી રાખવું એ વખતના હરણકર્તા છે) એ લીટી તેમને યાદ હતી, તેટલા માટે જે જે વાક્યમાં "મુલતવી," "વખત," "આજ," વગેરે શબ્દો મળી આવ્યા તેવાં વાક્યો એકઠાં કરી, "ઢીલનાં ભયંકર પરિણામ" ને લગતા ફકરાઓ, સાત મોટાં પાનાં ભરીને ઉતાર્યા. પછી મને કહ્યું કે "**બેસિલ** આ ફકરાઓ તારી આખી જીંદગીને માટે ઉપયોગી થઈ પડે તેવા છે; માટે જો તું તે મોંઢે કરીશ તોજ હું તને ગજવા ખર્ચના પૈસા આપીશ." એ વાક્યોમાં જણાવેલા વિચાર અમૂલ્ય હતા. પણ મારા ઘમંડને લીધે હું તેની દરકાર કરતો નહોતો. તો પણ મારા પિતાના સખ્ત ઠરાવને લીધે, મનની નાખુશી છતાં, આ સંબંધ રહિત ફકરાઓ મેં એવા તો ગોખી

નાંખ્યા કે તેમાંના ઘણાખરા હજુ મને યાદ છે, અને તે પૈકી થોડાક અત્રે જણાવું છું.—

"વખત નકામો ગાળવો એ આત્મઘાત કરવા જેવું છે. આત્મઘાત કરવાથી ફક્ત જીંદગી ખોવી પડે એટલુંજ નહિ પણ તે સાથે બીજું ઐહિક અને પારમાર્થિક ઘણું ગુમાવવું પડે છે."

"વખત નાશી જાય છે, મરણ તાકીદ કરે છે, સ્વર્ગ આમંત્રણ કરે છે, અને નર્ક બીવરાવે છે."

"આપણે વખતને મારી કાઢીએ છીએ અને તે પાછો આવે એમ ઇચ્છીએ છીએ."

"માણસ વખત પાસેથી જતો રહે છે, વખત માણસ પાસેથી ઘણીજ ઝડપથી નાશી જાય છે, અને એમ બંનેની નાશભાગ પાછળથી ઘણી નુકશાનકારક નીવડે છે."

"આજજ ડાહ્યા થાઓ. મુલતવી રાખવું એ મૂર્ખાઇ છે."

"જો તમે ગઇ કાલ આવવાનું ઇચ્છતા હો તો આજ એ કાલ આવેલી છે એમ ધારો. તમારી વર્તણુંકજ તમારી શાન્તિનો ગમે તો નાશ કરશે, કાંતો તેને વધારશે, દીપાવશે અને ઉન્નત કરશે. માટે ગઇ કાલની માફક આવતી કાલ પણ નકામી જવા દેશો નહિ."

"જે માણસે કાલપર વિશ્વાસ રાખ્યો નથી, જેનું કામ ખરાબ થયું નથી, ગયા વખતને માટે જે ખૂશ છે, એવો માણસ મને ક્યાં મળશે!!"

અગર જોકે ઉપલા ફકરાઓ મેં મોંઢે કર્યા તોપણ હું તેથી જરાએ સુધર્યો નહિ. આથી જણાશે કે મારી મૂર્ખાઇની ખાતરી કરવાની જરૂર નહોતી, પણ મારા નિશ્ચયોમાં ફેરફાર કરવાની જરૂર હતી. જો એ ફકરાઓમાં સુચવેલી શીખામણ લક્ષમાં રાખી તે પ્રમાણે હું વર્ત્યો હોત તો દર વર્ષે ચાર હજાર રૂપીઆનો હું પેદાગરૂ થાત.

મિ. યંગના નાઇટ્સથોટ્સના ઉપલા ફકરા મોંઢે

કરતાં હું ઘણો કંટાળી ગયો. અને તેથી એના ઉપર ટીકા કરવાને મારૂં મન લલચાયું. જ્યારે હું કોલેજમાં ગયો ત્યારે ત્યાં **યંગના** વખાણ કરનારા જે ઉત્સાહી વિદ્યાર્થીઓ હતા, તેમને હું એમ કહેવા લાગ્યો કે **યંગ** એ કવિ નહોતો. આમ કહેવાથી તેઓ મારી મશ્કરી કરતા. પરંતુ જેમ મારી વધારે હાંસી થવા માંડી તેમ તેમ હું એ બાબતમાં વધારે આગ્રહી થતો ગયો. ખુલ્લી રીતે હું **મિ. યંગની** વિરૂદ્ધ બોલવા લાગ્યો; અને **કેમ્બ્રીજના** કેટલાક વિદ્વાનોની મુલાકાત કરી. મારા મતના બચાવમાં કેટલુંએક લખીને હું એમ કહેવા લાગ્યો કે મિ. **યંગના** લખાણમાં લોકો જેને અર્થગૌરવ કહે છે, તે ખરેખરૂં ગૌરવ નથી, પણ માત્ર શબ્દપાંડિત્ય છે; અને "નાઇટ્સથોટ્સ" એ કવિતાનો નમુનો નથી, પણ જોડકણાં છે. મેં એક નિબંધ લખ્યો તેમાં મિ. **કાઉલે** તથા મિ. **યંગનો** મુકાબલો કરી તેની સમાપ્તિમાં જણાવ્યું કે **યંગ** એ અઢારમા સૈકાનો **કાઉલે** છે. આટલું છતાં મારે વાજબી જણાવવું જોઇએ કે મારા એ નિબંધમાં ઘણે અંશે ચતુરાઈ અને માત્ર થોડેકજ અંશે સત્ય હતું.

વિદ્વાન પક્ષકારો જો કોઈ પ્રખ્યાત ગ્રંથકારની સામે લખાણ કરે તો ઘણી વખતે જે માનને તેઓ લાયક ન હોય, તેવું, પણ ક્ષણિક માન તેમને મળે છે. નિબંધ લખવાની મારી ધારણા સફળ થવાની જેટલી આશા મેં રાખી હતી તેના કરતાં પણ ઘણે દરજ્જે સારી ફતેહ થઇ અને હું પ્રસિદ્ધિને પામ્યો. આથી હું ધારવા લાગ્યો કે "હું મોટો માણસ થઇશ." એવું મારા પિતાએ જે ભવિષ્ય વર્ત્યું હતું તે ખરૂં છે. તરૂણ પુરૂષોના આશ્રયદાતા (Patron) કહેવડાવતા એક પાદરીએ મારા તરફ જે પ્રીતિ દેખાડી તે પ્રીતિને લીધે હું વધારે સ્વાભિમાની થયો. મારા પિતાએ મને ધર્મ સંબંધી કેળવણી આપેલી હતી; તેથી હાલના

મારા પાદરી મુરબ્બીની સાથે જેમ જેમ હું વધારે સંબંધમાં આવતો ગયો, તેમ તેમ મને સારી જગો અપાવવાનો તેનો નિશ્ચય થતો ગયો. હજુ હું ધર્મ સંબંધી કાંઈ પણ કામ કરતો નહોતો, એટલામાં ચાર હજાર રૂપીઆનું વર્ષાસન આપવાનું તેના હાથમાં આવ્યું, અને તે તેણે મારી ખાતર કેટલાક મહિના સુધી કોઈને પણ આપ્યા વગર એમનું એમ રહેવા દીધું.

આ સંધિમાં તેણે એક દિવસ મને કહ્યું કે આવતે રવિવારે ગંજાવર સમાજ મળનારી છે, તેમાં વાંચવા સારૂ "દયા" વિષેનો ઉપદેશ તું લખી લાવજે. પરંતુ જેઓ મુલતવી રાખવાની કુટેવના દાસ થઈ ગયા હશે તેમના સિવાય કોઈના માનવામાં ભાગ્યે આવશે કે મેં એ ઉપદેશ લખવાનું કામ નિમેલા રવિવાર પહેલાંના શનિવારની સાંજ સુધી **મુલતવી રાખવાની મૂર્ખાઈ** કરી. ભાગજોગે શનિવારે મારા કેટલાક મિત્રો મારે ત્યાં વાળુ કરવાને આવ્યા. તેમની સાથે ગપાટા મારવામાં મોડી રાત સુધી હું જાગ્યો. "લખાણની ઝડપ વાળો હું જુવાન ગ્રંથકાર છું" એવી મગરૂરી રાખીને મેં મારા મન સાથે વિચાર કર્યો કે કશી ચિંતા નથી, ધારેલો નિબંધ એક કલાકમાં લખીને તૈયાર કરી દેઈશ. પણ અપશોચ! જ્યારે મારા સોબતીઓ મારે ત્યાંથી ગયા ત્યારે રાત્રિ ઘણી ગઈ હતી તેથી તરતજ હું સૂઈ ગયો, અને એવો નિરાંતે ઉંઘ્યો કે બીજે દિવસે પેલા પાદરીના ચાકરે આવી બૂમ બુમો પાડી ત્યારે જાગ્યો. આ વખતે મને જે ભય લાગ્યો તે અવર્ણનીય છે. પથારીમાંથી ઉઠીને મેં ઘડિઆળ સામું જોયું તો નવ વાગ્યા હતા. હવે માત્ર એક કલાકજ બાકી હતો; કારણ કે દશ વાગે તો માગેલો નિબંધ આપવાનો હતો. તરતજ હું લખવાને બેઠો; પણ મારૂં મન તથા શરીર કંપવા લાગ્યાં અને મારા વિચાર એવા તો ગુંચવાઈ ગયા કે હું ગમે તેવો બુદ્ધિ-

માન્ હતો તથાપિ પા કલાકે પણ પહેલું વાકય લખી ના રહ્યો. પાદરીના ચાકરને મેં ચાળીશ મિનિટ રોક્યો તેટલા વખતમાં બે પાનાં લખ્યાં, અને તેની સારી નકલ કરી ઓરડીમાં આમ તેમ ફરવા મંડયો; પણ વળી પાછું મન ચળ્યું એટલે એ બે પાનાંએ ફાડી નાંખ્યાં પછી આખરે જ્યારે પેલા ચાકરે કહ્યું કે મારાથી હવે વધારે વાર ખોટી થવાય તેમ નથી, ત્યારે મેં માંદગીનું બ્હાનું કાઢી મારા કમનશીબ વિષે પાદરી ઉપર ચિઠ્ઠી લખી આપી તેને પાછો કાઢ્યો!!! ખરેખર એ વખતે હું માંદો જ હતો, મારૂં માથું જોરથી દુઃખતું હતું અને આખો દિવસ હું મારી મૂર્ખાઈપર વિચાર કરતો ઓરડામાં પડી રહ્યો હતો. પરિણામ શું થશે તે મેં અગાઉથીજ ધારેલું હતું. બીજે દિવસે સવારે પેલું ચાર હજાર રૂપિયાનું વર્ષાસન બીજા માણસને મળ્યું અને તેજ વખતથી મારા ભાગ્યોદય પર પાણી ફરી વળ્યું. આને માટે મારા પિતાએ મને અનહદ ઠપકો દીધો તેથી, અને નાઉમેદથી, કદાચ હું સુધર્યો હોત. પણ એક અણચિંતવ્યું સારૂં ભાગ્ય (જેને મેં સારૂં ભાગ્ય ધાર્યું હતું તે) મારો નાશકર્તા થઈ પડયું.

પાઠશાળાનો મારો એક મિત્ર મારા પિતાની દુકાને એક પુસ્તક ખરીદવા આવ્યો. એનો બાપ **ચીન** દેશમાં એલચી તરીકે જવાનો હતો, તેથી મેં **ચીન**દેશ જવાનો મારો આગ્રહ અને ઉત્સાહ તેને બતાવ્યાં. તેણે કહ્યું કે "તમારા વિષે હું મારા પિતાને કહીશ અને તે તમને પોતાની સાથે તેડી જશે." કબૂલત પ્રમાણે તેણે મારા વિષે પોતાના પિતાને ભલામણ કરી. હું વિદ્વાન્ તથા બુદ્ધિમાન્ છું એ વાત તેને સમજાવતી વખતે, ઘણીજ સંભાળથી અને સ્વચ્છતાથી ચિતરી રાખેલાં મારાં વનસ્પતિ વિદ્યા સંબંધીનાં તાજાં ચિત્ર તેને બતાવ્યાં. આથી તેના બાપે મને પોતાની સાથે તેડી જવાનું કબૂલ કર્યું; પરંતુ એ મહાયાત્રાએ જવાને

મારા પિતાએ ના પાડી, અને જે ધંધાની તાલીમ મને આપી હતી તે છોડી દેઇ બીજે ડાળે વળગતો જોઇ તે ગુસ્સે થયા. પણ મેં કહ્યું કે એ ધંધો મારી બુદ્ધિને અનુસરતો નથી, તેમજ હું એ ધંધામાં જ્યાંસુધી દાખલ થયો નથી ત્યાંસુધી તેને છોડી દેવામાં નાનમ ગણતો નથી. "બુદ્ધિ" એ શબ્દથી હમેશની માફક મારા પિતાના મનપર ઘણી અસર થયેલી જોઇને હું મોટેથી બોલ્યો કે "મારા અનુભવથી હું કહું છું કે ઉપદેશ લખવાની વેઠ મારી બુદ્ધિને ક્ષીણ કરશે. મારી બુદ્ધિને સતેજ કરવાનો ઉપાય માત્ર એટલોજ છે કે મારે પરદેશની જૂદા જૂદા પ્રકારની રીતભાતો જોવી." મારા આવા બોલવાથી "હું મોટો ગ્રંથકાર થઇશ." એ મારા પિતાના ભવિષ્યના પૂર્વાર્દ્ધ તેમની આશાઓ તાજી કરી, અને મારા આવ્યા પછી મારી મુસાફરીનો હેવાલ મોટા પુસ્તકના આકારમાં તેમને લખી આપવો એ સરતથી તેમણે મને **ચીન** જવાની રજા આપી.

એ પ્રમાણે સવારથી તે સાંજ સૂધીનો વખત મુસાફરીની વાતો કરવામાં, મોટી મોટી આશાઓ બાંધવામાં અને કલ્પના તથા તર્ક કરવામાં કાઢી નાંખ્યો. મારા પિતાની વખતસર ચેતવણી છતાં પણ જવાની સઘળી તૈયારી મેં છેલ્લા અઠવાડિઆ સૂધી **મુલતવી રાખી,** અને પાછળથી ઉતાવળ અને ગભરાટ કરવા લાગ્યો. કાગળો, ચોપડીઓ, રંગની પેટી વગેરે સઘળું મારી ઓરડીમાં હજી રખડતું પડ્યું હતું. મારી પાસે જૂદી જૂદી બાબત લખવાની બાર નાની અને પરચૂરણ હકીકત લખવાની એક મોટી એમ તેર સ્મરણપોથીઓ હતી. તે પણ રીતસર તૈયાર કરી નહોતી. છેલ્લે દિવસે હું મારી પરચૂરણ સ્મરણપોથીમાં જૂદાં જૂદાં ખાનાં પાડી લાલ શાહીથી આંકવા બેઠો; પણ શાહી પાણી જેવી હતી, કાગળ ઘણા પાતળા હતા, પાનાં જલદી ફેરવવાં પડતાં હતાં, અને તેને કોરાં કરવાને શાહી ચૂસનારો કાગળ

(મશીશોષક) છેક નકામા જેવો હતો, તેથી વારંવાર ઘણા ડાઘા પડતા હતા. અધૂરામાં પૂરૂં મારૂં મન દરજીમાં હતું, કારણ કે તેને શીવવા આપેલો મારો ડગલો તે વેળાસર તૈયાર કરી આપશે નહિ એવો મને ભય હતો. વળી વાયદા કરનાર મોચી પણ મારાં બૂટ જલદી નહિ આપે એવી ફિકર રહેતી હતી. એમની જંખનાને લીધે બારણું જરા ખખડે કે હું ઉઠી ઉભો થતો અને ડગલો આવ્યો કે બૂટ એમ પૂછતો. એ પ્રમાણે ઉઠએશ કરવાની ગરબડમાં ત્રણવાર લાલ શાહી ઢોળી નાંખી, અને એ વખત કાળી શાહીનો ખડિયો ઉંધો વાળ્યો; તથા વખતે વખત એમને (દરજીને તથા મોચીને) ઘણીજ ગાળો ભાંડી. એલચીના ખટલાને જઇ મળવા સારૂ ડાગગાડીમાં બેશી પોર્ટ્સમાઉથ જવાનો મને હુકમ મળ્યો હતો. પણ હું તો ઉપર પ્રમાણે વિચાર-વામાં અને આંકવામાં રોકાયો હતો તેથી ડાગગાડીનો વખત થયાની ફામ મને રહી નહીં. એટલામાં ગાડીવાને હાક મારી કે અગિયાર વાગી ગયા અને ગાડી તમને મૂકીને ચાલી ગઈ. આ વખતે મારા હસીલ બાપને ઘણો ખેદ થયો; અને તે પોતાને તથા મને ઠપકો દેતા દેતા ઓરડામાં આમતેમ ફરવા લાગ્યા. મેં તેમને કહ્યું કે એલચી સાહેબે મને કહ્યું હતું કે "ડાગગાડી **પોર્ટ્સમાઉથ** પહોંચશે તેજ દિવસે અમે ત્યાંથી ઉપડવાના નથી, કારણ કે ઘણાં કારણોને લીધે એક દિવસ ત્યાં અમારે રોકાવું પડશે." વળી જે દિવસે એ **પોર્ટ્સમાઉથ** પહોંચશે તે દિવસે કદાપિ પવન સારો નહિ હોય, અને તેમના ખટલાનાં કેટલાંક માણસો મારા કરતાં પણ વધારે અનિયમિત હશે. આ દલીલોથી, અને સામાના મનમાં ઠસાવવાની યુક્તિથી મેં મારા પિતાનો ભય દૂર કર્યો કે આજ હવે જવાય તેમ નથી માટે "**કાલ**" જ નીકળવું.

પ્રકરણ બીજું.

નઠારી આદત પગલે પગલે પીડાકારક છે.

પોર્ટ્સ્માઉથ બંદરની વીશીમાં આવતાં વારજ મને ખબર મળી કે **લાયન** અને **હુડસન** નામે વહાણો **ચીન** દેશ જનારા એલચીઓને લેઇને થોડાકજ કલાકપર ઉપડી ગયાં. આથી નાઉમેદ થઇ હું એક પણ શબ્દ બોલી શક્યો નહિ. અને ગભરાટમાં પડેલો તથા આમો બનેલો જોઇને વીશીનો એક દયાળુ ચાકર મારી પાસે આવ્યો, અને મારી દિલગીરી વિષે પુછપરછ કરવા મંડ્યો. મેં તેને સર્વ હકીકત કહી તે સાંભળીને તે બોલ્યો કે, તમે ગભરાશો નહિ; **જેકોલ** નામની એક બોટ સઘળું એલચીનો કેટલોક સામાન લેઇને થોડી વાર પછી અત્રેથી નિકળવાની છે; અને જે ગૃહસ્થ એની સાથે જનાર છે તે આ પાસેના મહોલ્લામાંની એક વીશીમાં જમીને દશ મિનિટ થયાંજ બંદર ઉપર ગયો છે; માટે તમે તાકીદે ત્યાં જઇ પહોંચશો તો એનો મેળાપ તમને થશે. આ ખુશ ખબર સાંભળીને હું ઘણીજ ઉતાવળથી બંદર ઉપર ગયો, પણ કમનશીબે તે બોટ પણ ઉપડી ગઈ હતી. હું ગભરાટમાં પડ્યો કે હવે શું કરવું! પછી ત્યાં એક બોટ તૈયાર હતી તેના માલીકને મોંમાગ્યા પૈસા આપીને **જેકોલ** ભેગો કરી દેવાની સરતે હું તેમાં બેઠો. એ બોટવાળાએ એવા સપાટાથી હંકારવા માંડ્યું કે એક ઠેકાણે **જેકોલ** લંગર નાંખવાની તૈયારીમાં હતી તે વખતે મને ત્યાં પહોંચાડ્યો; પછી હું જેકોલમાં બેઠો. ગભરાટથી હું બહાવરો* બન્યો હતો તે ગભરાટ જરા શાન્ત પડ્યો તથા મારામાં બોલવાની શક્તિ આવી કે તરતજ મેં મોટે સાદે કહ્યું કે "જાણે હું ગઇ કાલનો આ બોટપર

હોઉં તેમ **અત્રે** સહી સલામત છું.” મારી મૂર્ખાઇ વિષે મને વિચિત્ર વિચાર થવા લાગ્યા, અને તે વખતથી મેં નક્કી કર્યું કે “ **હવે કદી મોડા થવું નહિ.** ”

શાન્ત થયા પછી જ્યારે હું વિચાર કરવા લાગ્યો ત્યારે “**લાયન**માં મારાથી જવાયું નહિ ” તેને માટે મને દીલગીરી થઇ; કારણ કે મારો મિત્ર તથા રક્ષક એમાં હતા. વળી એલચીના જે વિદ્વાન્ અને ચતુર માણસો સાથે મારે ઓળખાણ થઇ હતી અને જેઓ મારાપર મમતા રાખતા હતા તે સર્વ પણ તેમાં હતા. તેમના સહવાસ અને વાતચીતથી આ લાંબી મુસાફરીમાં હું જે લાભ મેળવત તે સઘળા મેં મારી બેફિકરાઇથી તથા ખરાબ આદતથી ખોયા. આગળ ચાલતાં એક નહેરમાં થઇને જતાં અમારી બોટ **લાયન** તથા **હુસડનથી** અવળે રસ્તે ચઢી ગઇ. આખરે **સુમાત્રાના** કિનારાપર એક વળીને ટકે ચોટેલું પાટિયું અમે (મેં અને મારા સાથીઓએ) જોયું. એ પાટિયું મારા મિત્રે ચોડયું હતું અને તેમાં લખ્યું હતું કે, ફલાણે દિવસે **લાયન** તથા **હુસડન** આ કિનારે થઇને ગયાં હતાં. પાછળથી જ્યારે અમે એલચીના ભેગા થયા ત્યારે મારા મિત્રે મને કહ્યું કે “નહેરના પેલી બાજુના ઉપસાગરમાં લાગટ પાંચ દિવસ સૂધી અમે તમારી વાટ જોઇ હતી; પણ કોઇ આવ્યું નહિ ત્યારે પછી ત્યાંથી ઉપડી ગયા હતા. **સુમાત્રા**ને કિનારે જે પાટીયું ચોડયું હતું તે પણ મેં જ ચોડ્યું હતું; કારણ કે તે વાંચી તમે પણ તે રસ્તેથી તમારી બોટ હંકારી લાવીને અમને મળી શકો.”

આ લખિત પાટિયું જોઇ મારો આનંદ જાગૃત થયો. પવન પણ અનુકૂળ હોય એમ લાગ્યું, પણ અપશોચ ! **બન્કની સામુદ્રધુની** વટાવતાં અમારી બોટને એવું તો નુકશાન લાગ્યું કે તેને સજ કરાવવાને અને નવો

ખોરાક લેવાને અમારે બંદર તરફ પાછા ફરવાની જરૂર પડી. આથી પ્રથમના વહાણમાં જનારને અમે બધા સાથીઓ નશીબદાર ગણવા લાગ્યા; તેમાં વળી હું તો દિવસમાં વીશવાર એમ કહેતો હતો. તે સાથે હું એમ પણ બોલતો કે "જો હું વખતસર સ્પીટહેડ પહોંચ્યો હોત તો મારે પણ એ૦ (એલચીના) વહાણમાં જવાનું હતું." આ છેલ્લા બોલ મારા સોબતીઓએ સાંભળ્યા ત્યારે કેટલાકને મારી દયા આવી અને કેટલાકે મને ઠપકો દીધો: પણ ઘણાનો મત એવો જ થયો કે મારી ભૂલને માટે મને એવી જ શિક્ષા થવી જોઇએ. આખરે ઉત્તરદ્વીપમાં અમે એલચીનાં વહાણને મળ્યા. અમારા મિત્રોને અમને ફરીથી મળવાની બિલકુલ આશા નહોતી અને તેથી જેકાલ (અમારા મળવા) ની ખોટ પૂરી પાડવાને તેમણે બતેવીયામાંથી એક ફ્રેન્ચ વહાણ ખરીદ કીધું હતું. પછી તેમણે મને લાયનમાં બેસાડયો; સફરના પ્રથમ ભાગમાં જે વિદ્વાનોથી વિયોગ પડયો હતો તે વિદ્વાનો સાથે વાતચિત કરવાની તક મળી તેથી મને ઘણો સંતોષ થયો. જે જે સ્થળો એમણે જોયાં હતાં પણ મારાથી જોવાયાં નહોતાં તે વિષે જ્યારે એમણે મારી સાથે વાત કરી ત્યારે મારા મનમાં નવી જ દિલગીરી પેદા થઇ.

મારા મિત્રોએ મને કહ્યું કે "પાઇન એપલ્સ"* કરીને એક ફળ થાય છે તે તરવાર સાફ કરવાને ઘણું કામ આવે છે, અને અમે પણ અમારી તલવારો એનાથી સાફ કરી હતી. આ સાંભળીને મને દિલગીરી ઉત્પન્ન થઇ; પણ થોડી જીજ્ઞાસા ઉત્પન્ન કરનારી આવી ચીજો કરતાં, પણ પ્રખ્યાત "યુપાસ્ટ્રી"+ વિષે હું કાંઇ પણ જ્ઞાન મેળવી શક્યો નહિ એથી મને ઘણો શોક થયો; મારા મનમાં

---

* Pine-aples=અનન્નાસ. + Upas-tree, એક જાતનું ઝેરી ઝાડ.

એવું આવ્યું કે જો હું **બતેવિયામાં** હોત તો ત્યાં બાગના માળી પાસેથી એને માટે ચોક્કસ માહિતી મેળવી શકત.

હું કબૂલ કરૂં છું કે મને આટલો પશ્ચાતાપ થયો તે મુખ્યત્વે કરીને કુદરતને વધારે ચહાવાને લીધે નહોતો; પણ મેં લખવા ધારેલા પુસ્તકમાં એ ચુપાસ્ટ્રીના વિષે હું ઘણું સારૂં લખી શકત, એ વાત મને વારે ઘડીએ યાદ આવતી હતી. પરંતુ હવે તો **ચીન**ના વિશાળ દેશમાં જે જે ચીજ મળી આવે તે તે ચીજનું બ્યાન કરી મારા પુસ્તકને રમુજી, જ્ઞાનદ, રસિક અને પ્રૌઢ બનાવવાનું ધારી મેં મારા મનને સંતોષ્યું. અક્કલવાન આદમી સાધારણ કે નકામી વસ્તુ અગર બનાવને નવાં નવાં રૂપ આપી ઉમદા સાર દૃષ્ટિગોચર કરાવી શકે છે, તો પછી જે વિશાળ દેશના લોકોની રીતભાત અને નિયમ નીતિ વિગેરે દુનિયાની કોઇ પણ પ્રજા કરતાં જૂદાં જ છે તેનું બ્યાન કરવામાં તે શી મણા રાખે ? આવી સ્થિતિમાં અક્કલવાનના લખાણમાંથી તત્વજ્ઞાની વિચારો, નીતિનિયમ, પ્રકૃતિ, વિવેક અને માનસશાસ્ત્રની શોધો, તથા કાયદા અને રાજનીતિના લાભ મેળવવાને લોકો કેટલા ઉત્સુક થાય !

જેવા ગ્રંથની લોકો મારા તરફથી આશા રાખે તેવાજ ગ્રંથ હું તેઓની નજર આગળ મૂકીશ એમ ધારીને હું ખૂશી થયો. મારા અમૂલ્ય અને અદ્વિતીય પુસ્તકને માટે મારા મિત્રો મને મુબારકબાદી આપશે એમ ધારી હું આગળથી મગરૂર થવા મંડયો; પોતાનું વંતેલું ભવિષ્ય સફળ થયું એમ ધારી તથા પોતાના પુત્રની (મારી) કીર્તિ સાંભળી મારા પિતા ઘણા ખૂશી થશે એમ વિચારીને શેખશલ્લી માફક હું ફુલાયો; આવા આવા તર્કવિતર્ક કરતાં **ચીનનું મકાઉ** બંદર આવી પહોંચ્યું અને અમે સઘળા ત્યાં ઉતરી પડયા.

મુકામ કર્યા પછી પ્રસ્તાવનાનું ટાંચણ કરવાને અને

પ્રકરણનાં મથાળાં ગોઠવવાને હું રાત્રે મોડો લખવા બેઠો; પણ થાકી ગયો હતો તેથી એ કામ પડતું મૂકી ઘસઘસાટ ઊંઘી ગયો. ઊંઘમાં મને એવું સ્વપ્નું આવ્યું કે જાણે હું **ચીન**ના શહાનશાહને " Chrononhotonthologos " (ક્રોનોન્હોટોન્થોલોગોસ) નો ઉચ્ચાર કરતાં શિખવું છું. પણ એટલામાં વહાણું વાતાં ઘંટનો અવાજ થયો તેથી હું જાગી ઉઠયો. **પેકીન** જનારા ઉતારૂઓને લેઇ જનાર વહાણ ઉપડવાની તૈયારીમાં હતું તેની સૂચના તરીકે એ ઘંટ વગાડવામાં આવ્યો હતો. ઝપાટાબંધ મારાં કપડાં સંભાળી લેઇને ઘંટ વાગતો બંધ થતા પહેલાં હું વહાણમાં જઇ બેઠો. આ વખતની મારી ત્વરા (ચાલાકી) ને માટે હું ફૂલાવા લાગ્યો; પણ અમે વહાણમાંથી ઉતરીને અંદરના પ્રવેશમાં છ ગાઉ પણ નહિ ગયા હોઇએ એટલામાં તો મારે મારી એ ત્વરાને માટે પસ્તાવું પડયું. **ચીન**ના મુલકમાં પ્રવેશ કરતાં મારા મનપર જે જે અસર થઇ તે સર્વ મારે નોંધી લેવા હતી. પણ અફશોચ! સ્મરણપોથી અને પેન્સિલ લેવાને મેં મારા ગજવામાં હાથ ઘાલ્યો તો હું ભૂઠો પડયો, કારણ કે તે બંને વાનાં **મકાઉ** બંદરપરની મારી પથારીમાં હું ભૂલી આવ્યો હતો. ફક્ત એક સ્મરણપોથીજ ત્યાં ભૂલી આવ્યો હતો એમ નહીં પણ તે સાથે બીજી દશબાર ચીજો રહી ગઇ હતી.

અગર જો કે સ્મરણપોથીની ખોટ બીજા માણસોને ગમે તેટલી નજીવી દેખાતી હશે, પરંતુ મને તો તેથી ખરેખરો ગેરફાયદો હતો. હવે કાગળ વેચાતા લેઇ બીજી સ્મરણપોથી બાંધવી જોઇએ. પણ આ કામ સહેલું હતું તેથી હરરોજ તે **મુલતવી રાખીને** ઉપયોગી ટાંચણ કાગળની કરચોપર લખવા લાગ્યો, અને **કાલ** સ્મરણપોથી બાંધી તેમાં એ ટાંચણ ઉતારી લેઇશ એમ ધારી તે કરચોને રાખી મૂકતો.

એમ કરતાં અમે **પેકીન**માં આવી પહોંચ્યા. અમારો ઉતારો ત્યાંના એક ભભકાદાર રાજમહેલમાં હતો; પણ અહીં અમે એટલા સખ્ત ચોકી પહેરામાં હતા કે અમારામાંથી મહેલના વંડાની બહાર જવાતું નહિ. કોઈ એમ કહેશે કે આ જગોએ સ્મરણપોથી બાંધી કાગળની જૂદી જૂદી કરચો- પર કરેલું ટાંચણ તેમાં ઉતારી લેવાને તમને પુષ્કળ વખત મળ્યો હશે; તો એ વાત હું કબૂલ કરૂં છું. આ સ્થળે મને પુષ્કળ વખત હતો અને એ કામ કરવાનો મેં દૃઢ નિશ્ચય કર્યો હતો; પણ બંદાનો **મુલતવી રાખવાનો પાર આવે ત્યારે કની!** હું એમ ધારતો હતો કે એ કામ માત્ર થોડા કલાકનું છે તેથી ગમે તે દિવસે કરી શકાશે. પછી તો ત્યાં સખત તાપ લાગવા માંડ્યો. ત્યાં પહોંચ્યા પછીના પહેલા અઠવાડીઆમાં હું આખો દિવસ મારો કબજો અને પહેરણ કાઢી નાંખતો અને શરબત પીધા કરતો. વળી **ચીનના** પ્રતિનિધિઓની વિવેક ભરી મુલાકાતોમાં અમારો ઘણો વખત જતો. તેઓ યંત્રની માફક એવી ઝડપથી બોલચાલ કરતા કે અમારા દુઃભાષીઆને પણ તેમનાં વિવેકી વાક્યોનો અર્થ અમને સમજાવતાં મુશ્કેલી પડતી. બારીકીથી જોતાં એ વાક્યો સાંભળવા લાયક જ નહોતાં. અમે તેમને પંખો નાંખતા, ચાહ પીતા, ફળ તથા ચોખા ખાતા અને સોપારી ચાવતા જોયા. મારો વિચાર એમની એ ચેષ્ટાઓ નોંધી લેવાનો થયો, પણ પછી એમ લાગ્યું કે યૂરોપથી આટલે વેગળે આવી એવી ચેષ્ટાઓપર ટીકા કરવી એ બીલકુલ નકામું છે; કારણ કે એક સાધારણ ચિનાઈ વર્તમાનપત્ર પોતાની હંમેશની ઢબમાં એનો સારો ચિતાર આપી શકે. મેં એક બીજું અઠવા- ડિયું આ વ્યર્થ વિવેકમાં સાવધ રહેનારા અક્કલ વગરના માણસોની ચેષ્ટા કરવામાં ગાળ્યું અને મારા પુસ્તકમાં એ બાબત એક છટાદાર પ્રકરણ લખવાની ટીપ કરી.

એક સવારમાં એવીજ ઢબ છબના એક પ્રતિનિધિની મુલાકાતથી અમે અજાયબ થયા. તેને પ્રતિનિધિના હોદ્દાપર અને ચીનાઈ પોશાક પહેરી ફ્રેન્ચ ભાષામાં અમારી સાથે વાતો કરતો જોઈ અમને ઘણું આશ્ચર્ય લાગ્યું, તેણે અમને કહ્યું કે "પ્રથમ હું ફ્રેન્ચ જેસ્યુટ× હતો, અને પારિસના કેટલાએક પાદરીઓની સાથે અત્રે આવ્યો હતો. પણ અહીંના સત્તાવાળાઓએ અમારો મત ફેલાવવાની સખ્ત મના કરી તેથી ઘણા ખરા પાછા ગયા અને થોડાકે અત્રે રહી દેશ તેરો વેશ કર્યો. પછી અમારા સારા જ્ઞાનને લીધે રાજ્ય તરફથી અમને પ્રતિનિધિની જગાઓ મળી." આ પ્રતિનિધિની સાથે જે વાત થઈ તે રસિક અને જ્ઞાનદ હતી. તે યૂરોપની નવાજૂની સાંભળવાને ઉત્કંઠિત હતો અને અમે ચીનની ખબર મેળવવાને આતુર હતા. મેં એની તરફ સારો પ્રેમ બતાવ્યો અને તેનો વિશ્વાસુ થવાને હું ભાગ્યશાળી નિવડ્યો. તે વારંવાર મારી મુલાકાતે આવતો અને થોડાક કલાક મારી ઓરડીમાં વાતચિત કરવા માટે મારી સાથે ગાળતો.

અજાણ્યા માણસ સાથે ઘણો સહવાસ રાખનારના ઉપર ચીનના લોક વહેમે ભરાય છે, પણ અમારી મુલાકાતને માટે તેણે એમને એવું સમજાવ્યું હતું કે, 'વિદ્યા સંબંધી વાત કરવાને હું તેની પાસે જાઉં છું," તેથી કોઇને કાંઈ પણ વહેમ આવ્યો નહિ. તેમજ સરકારમાં એની પ્રમાણિકતા વિષે સારો અભિપ્રાય હતો. તે અને હું ચોપડીઓ વાંચી તથા વાતો કરી આનંદમાં કાળક્ષેપ કરતા. એણે કેટલીએક વાતો અને વર્ણનથી પેકીન નિવાસીઓની રીતભાત તથા ઘરસંસારી સ્થિતિ વિષે મને સારી બાતમી આપી. એવી બાતમી બીજા કોઈ પણ પ્રકારે મને મળી શકત નહિ. એની વર્ણનશક્તિ ઘણી અજાયબ જેવી હતી, અને એની

× Jesuit—ગમે તે પ્રકારે રોમન ક્યાથોલિક ધર્મ ફેલાવવા સારૂ સ્થાપન થએલા પંથનો માણસ.

રીતભાત મને એવી તો નવાઈ જેવી લાગતી કે તેથી મને અત્યાનંદ થતો. મેં એને Chiasela Bruyere નું ઉપનામ આપ્યું, અને મેં રચવા ધારેલા પુસ્તકમાં એના વિષે સારૂં વર્ણન કરી એની વક્તૃત્વશક્તિની પુષ્કળ પ્રશંસા કરવાનું નક્કી કર્યું. મારા વખાણથી તેની મગરૂરી તૃપ્ત થઇ અને એની અક્કલ વિષેનો મારો મત વધારવાને એણે બનતી કોશીશ કરી.

આખરે અમને હુકમ મળ્યો કે તાતારના જેહોલ શહેરમાં જવાનો પાદશાહી પેગામ આવ્યો છે તે સ્વીકારવો. એ શહેરને "અત્યંત શાન્તિનું સ્થાન તથા અસંખ્ય વૃક્ષનો બાગ" કહેતા હતા. આ નામ સાંભળીને જ મેં વિચાર કર્યો કે એ જગા બુદ્ધિને પ્રદીપ્ત કરશે. મેં નિશ્ચય કર્યો કે મારા ભવિષ્યના પુસ્તકનું ઓછામાં ઓછું એક પ્રકરણ પણ એ ખુશનુમા જગાએ લખીશ. આવા વિચારથી હું તાતાર જવાને નિકળ્યો. મારા સન્મિત્ર પ્રતિનિધિએ અમારી સાથે આવવાની ઈચ્છા જણાવી. અને ત્યાં આવવાનું કારણ એ હતું કે ચીનનાં કેટલાંએક હસ્તલિખિત પુસ્તકો વિષે શાહાનશાહને અરજ કરવી હતી. આથી મને ઘણી ખૂશી થઇ. મારા મિત્ર વેન્ટજે (પેલા પ્રતિનિધિનું એ નામ હતું) મુસાફરીની એવી તો સારી ગોઠવણ કરી હતી કે બનતા સુધી આખી વાટ અમે સાથે જ રહ્યા. યુરોપના મુસાફરોને આ દેશમાં મારા જેટલું સુખ નહિ મળ્યું હોય; કારણ કે લોકોની ઘરસંસારી તથા રાજ્ય દરબારી રીતભાતનું યથાસ્થિત વર્ણન ખૂશીથી કરી શકે એવો મારે મિત્ર હતો. કોઇ પણ ચીજ કે પુરૂષનો ઉપરચોટીઓ હેવાલ લખી પોતાની ચોકસી બતાવવા ખોટા દાખલા દલીલો આપનાર મુસાફરોની જે મશ્કરી થાય છે તે મશ્કરીનો મારે જરા પણ ભય નહોતો.

જ્યારે અમે જેહોલ જઇ પહોંચ્યા ત્યારે પાદશાહને

મળવાની ગડબડને લીધે, લખવાના મેજની તંગાસને લીધે, અને કદાચ મારી "**મુલતવી રાખવાની કુટેવને લીધે**" મારા પુસ્તકનું પ્રથમ પ્રકરણ લખાયું નહીં. તેમજ મુસાફરી કરતી વખતે મારા મિત્રે જે ટીકા કરી હતી તે પણ ઉતારી લેવાઈ નહીં. એક દીવસ સવારમાં મેં મારી નોંધની તમામ ચીઠીઓ તથા કાગળિયાં ડગલાના ગજવામાંથી કાઢયાં; તેનો ઢગલો જોઇને હું તાજુબ થયો, અને બીજે દિવસે એ બધાં ગોઠવી ગાંસડીમાં બાંધીશ એવા ઇરાદાથી એક વાંસના કંડીઆમાં ભર્યાં. પછી બીજે દિવસે તો આપણાથી તેમાંનું કાંઈ થયું નહીં; કારણ કે પેકીનથી આવેલા અંગ્રેજી નજરાણાં વગેરે પેટીઓમાંથી કાઢવાનાં હતાં. વળી એને બીજે દિવસે બાદશાહની મુલાકાત કરવાની હતી, અને તેને બીજે દિવસે તો એક જુદુંજ કામ કરવાનું મેં ધારી રાખ્યું હતું. ઇંગ્લાંડના રાજાને ભેટ આપવા સારૂ **ચીનના** શહાનશાહે અમારા એલચીને એક પેટી આપીને કહ્યું કે સૌથી કિમતીમાં કિમતી ભેટ આજ હું તમારા રાજાને મોકલું છું. એ પેટીમાં શહાનશાહના વડિલોની નાના આકારની છબીઓ હતી, અને એમાંની દરેક છબીની નીચે છબીવાળા પુરૂષની રીતિનીતિ તથા તેની કારકિર્દિમાં બનેલી જાણવા જોગ બીનાનું વર્ણન કવિતામાં લખેલું હતું. એ છબીઓ જોઇને મારા મનમાં તુરંગ ઉઠયો કે ઇંગ્લાંડના રાજાઓની એવીજ છબીઓ ચીતરી શહાનશાહને ભેટ કરી હોય તો તેથી તે ઘણોજ ખુશ ખુશ થઇ જાય. આ બાબત મેં મારા મિત્ર **વૅન્ટેજની** સલાહ પુછી ત્યારે તેણે મારા વિચારને ટેકો આપ્યો. અને કહ્યું કે એથી શહાનશાહ તમારા ઉપર ઘણા પ્રસન્ન થઈ સારૂં **માન** તથા ઉદાર બક્ષિસ **આપશે, અને તેથી તમે** ઘણા **પ્રખ્યાત થશો.** હું જે **છબીઓ તૈયાર કરૂં** તેના ઉપર **ચીનાઈ વારનીશ** કરી **આપવાનું,** તથા તૈયાર થયેથી તે **શહાનશાહને ભેટ**

કરવાનું તેણે વચન આપ્યું. આખો શિયાળો પેકીન રહેવાનું થશે એમ ધારવામાં હતું; તેથી મેં વિચાર કર્યો કે તે વખતે એ છબીઓ તૈયાર કરવાનો સારો અવકાશ મળશે. મારી ચીતરેલી છબીઓ બરાબર મળતી આવશે કે નહિ એ વિષે શંકા આણવાની કાંઈ જરૂર નહોતી; કારણ કે શહાનશાહ એવી ભૂલો કાઢી શકે તેમ નહોતું. વળી સારા ભાગ્યે હું લંડનથી નીકળ્યો તે વખતે ઇંગ્લાંડના સર્વ રાજાઓના ઇતિહાસ સહિતની છાપેલી છબીઓ મારી સાથે આવી હતી એટલે મારા કામમાં સુગમતા થાય તેમ હતું. ઘેરથી નીકળતી વખતે ઉતાવળથી સામાન બાંધવાની ગરબડમાં પંચાગને બદલે સરખા કદની એ છબીઓનો ગડી વાળેલો કાગળ પેટીમાં નાંખી દીધો હતો. મારી બેફિકરાઇને લીધે મારા જન્મારામાં કેટલાક સારા બનાવ બન્યા છે; પરંતુ એજ બેફિકરાઇએ મારા સુભાગ્યનો હમેશનો લાભ ચૂકાવ્યો છે.

આ વખતે મેં દૃઢ નિશ્ચય કર્યો કે તાલેવંત થવાની આવી સારી તક આળસુ થઇને મારે ગુમાવવી જોઇએ નહીં. તરતજ હું તે કામ લેઈ બેઠો અને એવી ત્વરા અને સહેલાઇથી મેં કવિતા કરી કે તેથી મારો મિત્ર આશ્ચર્ય પામ્યો. અમે ઉતર્યા હતા તે મહેલના બહારના ભાગમાં એક ગેલેરી હતી. તેની એક બાજુએ એકાન્ત સ્થળ હતું. ત્યાં જઇને હું મારૂં કામ કરતો; તેથી મહેલની અંદર થતી ગડબડથી મને હરકત થતી નહોતી. એ ગેલેરીની પાસે અમારા તોપખાનાના માણસો કવાયત કરતા તે શિવાયનો બાકીનો બધો વખત ત્યાં શાન્તિ રહેતી. મોડી રાત સુધી હું ત્યાં લખવાને બેસતો. એક સુંદર અજવાળી રાત્રે ઈલીઝાબેથ રાણી વિષે કવિતાની થોડીક લીટીઓ ગોઠવતો ગોઠવતો હું ગેલેરીમાં ફરવા લાગ્યો, અને છેલ્લી એ લીટીઓ મારી મરજી પ્રમાણે બનાવી શક્યો

નહિ, તેથી મહેલની વચ્ચોવચ્ચ એક કૃત્રિમ ખડક હતો. તેના ઉપર હું બેઠો અને હાથપર માથું મૂકીને glory નો અનુપ્રાસ મળે તેવો જોઇતો શબ્દ ખોળી કાઢવાનો વિચાર કરવા લાગ્યો અને તેમ કરતાં કરતાં હું ઘસઘસાટ ઉંઘી ગયો. એકદમ એક ભયંકર ગર્જનાથી હું જાગી ઉઠયો અને બેશુદ્ધ થઈ ઉંધે મ્હોડે જમીનપર પડી ગયો.

જ્યારે હું શુદ્ધિમાં આવ્યો ત્યારે મને માલૂમ પડયું કે થોડાક યુરોપીઅનો અને કેટલા ચીનાઓથી મહેલ ભરાઈ ગયો હતો. એ સઘળા તુરતના ઉઠેલા હોય એમ લાગતું હતું; અને તેમની પાસે ફાનસો અને મશાલો હતી. બધા માણસો ગભરાટ ભર્યા પૂછતા હતા કે 'શું થયું? શું થયું?" મેં જોયું તો ત્યાં જમીનપર લાકડાના થાંભલાના કડકા, સાદડીઓ, અને ખપરડો પડેલાં હતાં તથા ગેલેરીના જે ભાગમાં હું ફરતો હતો તે અને મારૂં એકાન્તસ્થળ નાશ પામ્યાં હતાં. વળી દારૂની ગંધ પણ આવતી હતી. મને યાદ આવ્યું કે 'મારી બંદૂક ભરવાને દારૂની એક કોથળી સીપાઈ પાસેથી આજ સવારે મેં માગી લીધી હતી, પણ તેનો ઉપયોગ કરવાનું **મુલતવી રાખ્યું હતું.** આખો દિવસ તે મારા એકાંત સ્થળના ટેબલ ઉપર ઉઘાડી પડી રહી હતી. અને તેની પાસે બંદુક પણ મૂકેલી હતી. જ્યારે હું ગેલેરીમાં ફરવા ગયો ત્યારે ટેબલ ઉપરનો દીવો મેં બળતો રાખ્યો હતો, અને હું ધારૂં છું કે એ દીવામાંથી બળતો મોગરો ખરીને પેલી થેલી ઉપર પડયો હશે, તેથી તેમાંનો દારૂ સળગી ઉઠયો હશે અને નહિ ધારેલો અકસ્માત બન્યો હશે.' આ બનાવથી મારી સાથેના એલચીના માણસોને ગભરાટ ઉત્પન્ન થયો એટલુંજ નહિ, પણ એ શી રીતે બન્યું તે સમજી ન શકે એવા પાસેના ચીનાઓ પણ ગભરાયા.

મારી સાથેના બધા માણસો મને કઠોર વચનો કહી

ભડકા દેવા મંડયા, તેથી ગભરાટને લીધે મેં તૈયાર કરેલી ઈંગ્લાંડના સર્વ રાજાઓની છબીઓ અને કવિતા નાશ પામ્યાં તે સંભારવાનું પણ હું ભૂલી ગયો. તેમાંનો કકડોએ બચ્યો નહોતો, તેથી એ કામ કરવામાં મેં ગાળેલો વખત તથા લીધેલી મહેનત સર્વ પાણીમાં ગયાં. આ કરતાં પણ વધારે દુઃખદાયક તો એ હતું કે મારો એક શબ્દ પણ કોઇ સાંભળતું નહોતું. મારી બેફિકરાઇને લીધે બધા મારા ઉપર ગુસ્સે થયા હતા, અને આ બનાવનું પરિણામ માઠું થશે એમ ધારતા હતા. તેમને એમ લાગ્યું કે નાખૂશ થઇને જતા રહેલા ચીનાઓ સઘળી હકિકત શહેરના પ્રતિનિધિઓને જરૂર જાહેર કરશે, અને એ પ્રતિનિધિઓ શહેનશાહને જણાવશે.

આ બાબતમાં મેં મારા મિત્રની સલાહ પૂછી, ત્યારે તેણે મારો ભય ઓછો કરવાને બદલે ઉલટો વધાર્યો. તેણે કહ્યું કે "એ બાબત શહેરમાં રજનું ગજ થઇ બહુ વાતો ફેલાઇ છે. ચીનાઓ જે સ્વાભાવિક રીતે બીકણ અને પરદેશી તરફ વહેમ રાખનારા છે, તેઓ આ કૃત્ય તેમને હેરાન કરવાને માટે નહોતું, પણ એ તો અકસ્માતજ બન્યું છે, એમ નહિ માને. એકાન્ત સ્થળનો કોઈ ભાગ ઉડેલો તે વાગવાથી એક છોકરૂં ઘાયલ થયું છે; અને બંદુકના છેડાનો ભાગ ઉડી પાસેના મહોલ્લામાં પડ્યો હશે તે કોઇએ ત્યાંથી લઈ જઇને પ્રતિનિધિને આપ્યો છે; તથા કહ્યું છે કે આ કામ ખોટા ઇરાદાથી જ કરેલું છે." વળી તેણે કહ્યું કે લોકોને મ્હોડે કાંઈ ઢાંકણું દેવાય તેમ નથી, તેથી તેમના ઘોંઘાટને લીધે આ અકસ્માતનું પરિણામ ભૂંડું થશે. આ વિચારને મજબૂતી આપે એવી એક છાની વાત તેણે મને કહી કે થોડા દિવસપર બંદૂકો વિગેરે લડાઈનાં હથિયારની ભેટ કોઈના તરફથી આવી હતી. તે તપાસતાં છરાના ગોળા ભરવાની પિતળની તોપ

તેમને શહાનશાહે કહ્યું કે અગર જો કે નાશ કરવાનાં આ હથિયાર બનાવવાની ચતુરાઈ હું વખાણું છું, તો પણ જે એનો ઉપયોગ કરે છે તેમને મારે નિંદવા જોઇએ. પોતાના ધર્મનાં તત્વો સાથે લડાઈ સંબંધી સાહિત્યમાં આવો સુધારો કરે છે તે સ્વીકારી શકાય નહિ તેની સાથે તેમના ધર્મના તત્વોને તે જોમ આપતો નથી.

મારી બેફિકરાઇથી થયેલા અકસ્માતની બાબતમાં જે સત્ય છે તે શહાનશાહને જણાવવાનું, અને લોકોના ખોટા વહેમથી તથા પ્રતિનિધિઓએ ધારેલી ખોટી સૂચનાઓથી જે અસર થાય તે અટકાવવાનું મારા મિત્રે મને વચન આપ્યું પણ મારે એમજ ધારવું જોઇએ કે તેના સર્વ પ્રયત્ન વ્યર્થ ગયા હશે, અથવા તો એને અમારા કામમાં વચ્ચે નહિ પડવાનો સખ્ત હુકમ મળ્યો હશે કિંવા અમારી સાથે દોસ્તી રાખવાથી ભવિષ્યના અપમાનમાં એને પણ ભાગ લેવો પડે એમ તેણે ધાર્યું હશે; ગમે તેમ હોય, પણ પેલી વાતચિત વખતે અમે મળ્યા તે અમારી છેલ્લી મુલાકાત હતી, ત્યાર પછી તે મને મળ્યો નથી.

પ્રકરણ ત્રીજું.

દુર્ભાગ્ય તે બીજું કાંઇ નહિ પણ પોતાના દોષનું પરિણામ છે.

થોડા દિવસમાં અમારા એલચીના કાફલાને પેકીન પાછા જવાનો હુકમ મળ્યો. ત્યાં અમારે રહેવાનો મહેલ શિયાળામાં જોઇતા સરસામાનથી ભરપૂર હતો. પેકીન આવ્યા પછી એલચી સાહેબ પોતાના ખાતાના માણસોની ગોઠવણ કરવામાં રોકાયા હતા, તેટલામાં શહાનશાહ તરફથી એવો હુકમ મળ્યો કે “બનતી ઉતાવળથી તમારે

ચીન દેશ છોડી જતા રહેવું." અને તે પછીના સોમવારે બીજો હુકમ મળ્યો કે "આવતા બુધવારે તમારે **પેકીન** છોડી જવું" આ તાબડતોબ હુકમનાં જૂદાં જૂદાં કારણ ગણાતાં હતાં, અને તેમાં મારાથી થયેલો અકસ્માત પણ એક કારણ તરીકે મનાતો હતો. એવી નજીવી વાતનું પરિણામ આવું સખ્ત નિવડે, એ અગર જો કે ગમે તેટલું અશક્ય હતું તો પણ મારા સોબતીઓ તો એજ કારણ ગણતા હતા, અને તેથી તેઓ સઘળા મારા તરફ ધિક્કારથી જોવા લાગ્યા.

આથી મારે ઘણું જ સોસવું પડ્યું. હમેશાં મેં અનુભવ્યું છે કે થઈ ગયેલી બેદરકારીનો પશ્ચાત્તાપ મારી મૂળ ખોડને ઓછી કરવાને બદલે ઉલટી વધારે છે. થઈ ગયેલા અકસ્માતના શોકને લીધે **પેકીનથી** કન્તાન સુધીની મારી આખી મુસાફરીમાં શું થયું અને શું જોયું તે અવલોકવાનું અગર નોંધી લેવાનું મેં તદ્દન વિસારી મુક્યું. જ્યારે અમે કન્તાન આવી પહોંચ્યા ત્યારે ઇંગ્લાંડના મારા કેટલાએક મિત્રોના કામકાજમાં મારો વખત રોકાયો. આખો શિયાળો પેકીનમાં ગાળવો છે એમ ધારી મેં એ કામકાજ **મુલતવી રાખ્યાં હતાં.** મારી સઘળી ચીજો તૈયાર થઈ નહોતી, તેટલામાં સર્વ જણ વહાણપર ગયા, તેથી મારે કેટલીક ચીજો તથા રમકડાં ટોપલીમાં બાંધવાં પડ્યાં. થોડી ઘણી નોંધ લીધેલાં કાગળીઆં **જેહોલમાં** મેં જે કંડીઆમાં નાંખ્યાં હતાં તેને તેજ કંડીઆમાં રહેવા દીધાં હતાં. હું એમ ધારતો હતો કે ઘેર પાછા વળતાં મુસાફરીમાં મને વખત મળશે ત્યારે એ ગ્રંથણીને હું બરોબર ગોઠવીશ, અને મારી મોટી સ્મરણપોથીમાં ઉતારી લેઈશ.

મુસાફરીની શરૂઆતમાં સમુદ્રની માંદગીને લીધે હું ઘણો હેરાન થયો. વચમાં હું સારો થયો; પરંતુ તે વારે દરિયામાં કાંઈ પણ તોફાન ન હોવાને લીધે હવા સ્વચ્છ

અને સુખકારક હતી, તેથી હું માછલાં મારવામાં ગુંથાયો; અને એવાં એવાં ઘણાં નજીવાં કારણોને લીધે મુદ્દાનું કામ **મુલતવી રાખ્યા કીધું.** વહાણની અંદર પુષ્કળ ખાવા પીવા અને ગાવા બજાવવા વિગેરે મોજમઝા ચાલતી હતી, તથા એટલી બધી વાર ગંજીફા રમવામાં રોકાવું પડતું કે મારા ધારેલા પુસ્તકની ગોઠવણ કરવાને ઘણીવાર હું લેઈ બેઠો, પણ વિષયવાર પ્રકરણ પાડી તેમના મથાળાં નક્કી કરવા સરખું પણ કરી ન શક્યો. ક્વચિતજ કાગળીઆં બહાર કાઢી પાછાં મૂકવા કરતાં વધારે કર્યું હશે.

એક દિવસે જ્યારે આખી પાદશાહી કેબીન મારા સ્વાધીનમાં હતી ત્યારે મેં મારૂં કામ શરૂ કર્યું. પણ તેટલામાં એક ખલાસી મારી પાસે આવી કહેવા લાગ્યો કે તમે **ચીન**થી આણેલો કંડીઓ દરિયામાં ઘસાઈ ગયો. એ કંડીઆમાં મારા મિત્રોએ મંગાવેલાં કેટલાંએક રમકડાં તથા બીજી ચીજો હતી. તરતજ હું **કેબીન** (વહાણની ઓરડી) ની બારીએ જોવા ગયો તો રંગબેરંગી પેટીઓ, મારી પિત્રાઈ બેન હચુસીનો પંખા, અને બીજા નાના પિત્રાઈ ભાઈઓ માટે આણેલી જુદી જુદી ચીજો એ સર્વ મારાથી ઘણે દૂર દરિયામાં મેં તરતા દીઠાં. મને પહેલેથીજ કહેવામાં આવ્યું હતું કે તમે ભય ભરેલે ઠેકાણે કંડીઓ મૂકો છો, ત્યાંથી તે દરિયામાં ઘસડાઈ જશે. તેથી કદાચ મેં તેને કોઈ સારી જગોએ મૂકવાનો નિશ્ચય કર્યો હશે, પણ દુર્ભાગ્યે તેમ કરવાનું મેં **મુલતવી રાખ્યું હતું.**

આ બનાવને લીધે મારૂં મન એટલું બધું ખાટું થઇ ગયું કે હું બિલકુલ લખી શક્યો નહિ. નક્કી હું કહું છું કે જો આ હરકત ન આવી પડી હોય તો ઘણી મુદતથી ધારી રાખેલું કામ મેં આજ પૂરૂં કર્યું હોત. મારા વિચાર અમલમાં લાવવાને બીજી શી શી હરકતો નડી તે બારીક રીતે વર્ણવાને મારી મરજી નથી અને ખરૂં પૂછો તો હું તે

કહી શકતોજ નથી. જ્યારે હું ઈંગ્લાંડ આવ્યો ત્યારે પણ તે કાગળો એજ અવસ્થામાં હતા. ઘેર આવ્યા પછી બીજેજ દિવસે આ કાગળોની ગોઠવણ કરવાનો મેં મનથી નિશ્ચય કર્યો હતો; પણ મુબારકબાદી આપવાને આવતા મારા મિત્રોની મુલાકાતને લીધે પહેલા અઠવાડીઆમાં મારે તે **મુલતવી રાખવું** પડ્યું. બીજું અઠવાડીઆમાં મારે સંખ્યાબંધ કામો કરવાના હતાં. **ચીન**થી તરતજ આવેલાની સાથે વાતચિત કરવાને ઉત્સુક થએલા મારા સ્નેહસંબંધીઓ મને ચાહ પીવા અને જમવાને આમંત્રણ કરવા લાગ્યા. આ માયાળુ આમંત્રણોની ના પાડીને એક ભાડુતી ગ્રંથકારની માફક ઘરમાં એકલા ગોંધાઈ રહેવું એ મારાથી બને તેમ નહોતું!! મારા પિતા હમેશાં મને પહેલો ફરમો લખવાને માટે તાકીદ કરતા: કારણકે તેમને માલૂમ પડ્યું હતું કે એલચીના કાફલા સાથે ગએલા માણસોમાં એક જણે તેમની મુસાફરીનો હેવાલ બહાર પાડવાનો નિશ્ચય કર્યો હતો. વળી તે (મારા પિતા) બુકસેલર હતા અને તેમને ગ્રંથકારો સાથે સારો પરિચય હતો તેથી પરિણામ શું થશે તે તેમણે વર્ત્યું હતું. અમે સર્વ ઘેર આવ્યા પછી એક પખવાડીઆમાં વર્તમાનપત્રોમાં નીચેની જાહેર ખબર પ્રકટ થઇ—" **ચીન**ના શહાનશાહને ત્યાં ગયેલા અંગ્રેજી એલચીનું વર્ણન થોડા દિવસમાં છપાઈ બહાર પડશે. એમાં એલચીયાતના જૂદા જૂદા ફેરફારનું તથા ચીનાઓના દેશચાલ અને રીતભાતનું બ્યાન કરવામાં આવશે. તેમજ તે દેશનું અને તેનાં શહેર અને ગામડાં વગેરેનું વર્ણન પણ દાખલ કરવામાં આવશે."

આ જાહેર ખબર વાંચીને મારા પિતા જેટલા ફિક્કા પડયા, અને જેટલા રાતાપીળા થયા તેટલા કોઈ દિવસ થયેલા મેં જોયા નહોતા. નાસ્તો કરતી વખતે હું તેમની સામો બેઠો હતો ત્યારે તેમણે નીચે પ્રમાણે મને કહ્યું:—

" **એસિલ,** પરિણામ શું **થશે** તે મેં તને પહેલેથીજ

કહ્યું હતું, પણ તેં મારૂં બોલવું ધ્યાનમાંજ ન લીધું ! આજ પ્રમાણે તેં મારી અત્યાર સુધી સેવા કરી છે, અને એવીજ રીતે તું તારી આખી જીંદગી પર્યંત કામ કરવાનું **કાલ સુધી મુલતવી રાખ્યા કરીશ.** ખરેખર, તારે પ્રખ્યાત થવાના ચાર પાંચ પ્રસંગ આવી ગયા, પણ આજ પ્રમાણે દરેક તક તેં ખોઇ છે. મેં તારે માટે જે મહેનત લીધી છે, અગર તું જે કાંઇ તારે વાસ્તે કરી શકે, તેનું સાર્થક શું ? તારી તીવ્રબુદ્ધિ અને કેળવણી કોઇ પણ પ્રકારે કામનાં નથી. જોને, તારી સાથે ઇટનમાં ભણેલો **જોન્સન** કેવો પ્રખ્યાત થયો છે ! સખ્ત મહેનતથી પોતાના ધંધામાં દૃઢતાથી મંડી રહેવાને લીધે તે દીપતો જાય છે. જેવી રીતે એણે કવિતા ઉતારવામાં તને ગોથું ખવરાવી દીધું હતું, તેવીજ રીતે દરેક બાબતમાં તે તને હઠાવી દેશે.”

મેં કહ્યું, ખરૂં પૂછો તો ફક્ત નકલે નકલ ઉતારવામાં એ ફાવ્યો હતો. દરેક જણે કહ્યું હતું કે મારી કવિતા તેના કરતાં ઘણે દરજ્જે સારી હતી, પણ કમનશીબે મેં તે વખતસર તૈયાર કરી નહોતી. મારા પિતાએ કહ્યું, “ હું પણ તેનેજ માટે ફરિયાદ કરૂં છું તો ! મને ખાતરી હતી કે તું એવો જવાબ દેઇશ.” મેં કહ્યું. “ આ જાહેર ખબરમાં જે મુસાફરી બહાર પાડવાનું જણાવ્યું છે તેના કરતાં મારૂં પુસ્તક ઘણુંજ સારૂં થશે; કારણ કે સાધનો મેળવવાની મને પુષ્કળ તક મળી હતી. હું ખાત્રીથી કહું છું કે જે સાધન મેં મેળવ્યાં છે તે સાધન આ જાહેર ખબર કાઢનારે નહિ મેળવ્યાં હોય. મારી બુદ્ધિ વિષે કાંઇ ન બોલતાં એટલુંજ કહું છું કે **ચીન**ની સર્વ હકીકત મને મારા મિત્ર **વેન્ટેજ** તરફથી મળી છે.” મારા પિતાએ ઘાંટો કાઢીને કહ્યું કે, “ તારા મિત્ર, હકીકત, બુદ્ધિ, અને સાધનો એ શું દેવતા મૂકવાનાં છે ? પુસ્તક બહાર પડયું નથી, અને કોઇ દિવસે તે બહાર પાડવાનું પણ નથી; અને કદાપિ

થશે તો તે એટલું મોડું થશે કે તેને પિષ્ટપેષણ સમજીને કોઇ વાંચશે પણ નહિ. પછી તું તારાં બધાં સાધનો દેવતામાં નાંખજે. પ્રખ્યાત થવાનો અને એકદમ મોટા ગ્રંથકાર થઇ પડવાનો આ સારો સમય જો તું ચૂકયો તો તે વિષે હું તને કદી માફ કરવાનો નથી."

મેં મારા પિતાને વચન આપ્યું કે "હું મારૂં પુસ્તક કાલે શરૂ કરીશ." એમને શાન્ત પાડવાને મેં વધારામાં કહ્યું કે "ઉતાવળથી બહાર પાડેલું પુસ્તક નમાલું થશે અને તે લોકોની જીજ્ઞાસા તૃપ્ત કરવાને બદલે ઉલટી વધારશે. પણ મારૂં પુસ્તક પાછળથી ઘણા દબદબાથી બહાર પડશે: તેથી દરેક વિદ્વાન્ અને રસિક માણસો તેની માગણી કરશે." આ આશાઓથી શાન્ત થઇને મારા પિતા પોતે કાંઇક સંતોષ થયા હોય એમ બતાવ્યું, અને મારૂં પુસ્તક હું બીજેજ દહાડે શરૂ કરીશ એવો મારાપર વિશ્વાસ રાખ્યો. હું ઘણો ચિન્તાતુર થઇ ગયો. મારાં સાધનો તૈયાર કરવાને મેં મારી કેનવાસની કોથળી લઇ તેની અંદર જોયું. પરંતુ અફશોચ! તેમાંના સઘળા કાગળો ધૂળધાણી થઇ ગયા હતા. મુસાફરી વખતે બેમાલૂમ રીતે દરિયાનું પાણી તેમાં ભરાઇ ગયું હશે, તેથી ઘણાખરા અમૂલ્ય કાગળોમાંનો એકે અક્ષર ઉકેલી શકાય તેમ નહોતું. પેન્સિલથી લખેલા શબ્દો તો તદ્દન ભૂંસાઇ ગયા હતા: કરોચલીઓ પડી ગએલા કાગળો મેં બરાબર કાળજીથી ઉકેલી જોયા; પણ તેમાંનો એકે શબ્દ વંચાતો નહોતો. જે શાહીથી લખેલા હતા તે પણ હું ઘણીજ મુસ્કેલીથી ભાગ્યા તૂટયા વાંચી શકયો; કારણ કે તે પણ ઘણા ચેરાઈ ગયા હતા. વળી માથાકુટ કરીને કોઇ કોઇ શબ્દ બંધ બેસાડું ત્યારે તેના અર્થને માટે પંચાત પડતી. કારણ કે મેં મારી યાદદાસ્ત ઉપર એટલો બધો ભરોંસો રાખ્યો હતો કે મારી નોંધ પૂરેપૂરી લખી લીધી નહોતી પણ માત્ર ટાંચણ જ

કર્યું હતું. જે વિચારો માટે હું એમ ધારતો હતો કે તે મારા મનમાંથી કોઇ પણ દિવસ ખસશે નહિ, તેજ વિચારો હું તદ્દન ભૂલી ગયો, અને મારૂં પોતાનું કરેલું ટાંચણ પણ હું સમજી શક્યો નહિ. અત્યારે મને યાદ છે કે મેં નીચેના શબ્દો સમજવાનો બરોબર બે કલાક ગાળ્યા હતા. "હોય-અક્ષા હોય,—હોયા—હોયા—હોય-ઉવોડી હો." આખરે મને સાંભરી આવ્યું કે ચીનના ખારવાઓ વહાણને ખેંચતી વખતે આ શબ્દો બોલી બૂમ મારે છે. પરંતુ આવું યાદ રાખવા લાયક નહોતું; તેને માટે આટલો બધો વખત ગાળ્યો તેથી હું ખૂબ ચીડાયો. બીજે દિવસે આ નીચેની નોંધ વાંચીને હું બહુજ તાજુબ થયો. "ચીઃ દી, ૩૦ ફુ. ઉં.—૨૪ ફુ.—પો.—૧૨૦૦ મા. લાં. પ્રતિનિધિ—ચી. દંતકથા–૨૦૦૦–૨૦૦ ઇ૦ પૂ૦ પોણાકલાક સુધી ગડમથલ કરી ત્યારે તેનો ખૂલાસો મને નીચે પ્રમાણે માલૂમ પડયો. "ચીનની દીવાલ ૩૦ ફુટ ઉંચી, ૨૪ ફુટ પહોળી, ૧૨૦૦ માઇલ લાંબી, અને પ્રતિનિધિએ કહ્યું કે ચીનાઇ દંતકથા પ્રમાણે ૨૦૦૦ વર્ષપર એટલે ઇ. સ. પૂર્વે ૨૦૦ વર્ષે બંધાઇ હતી."

એક બીજી ચબરખીપર નીચેના શબ્દો હતા. "ઉવી-ચ્યું–કેનચીન—કયુએચુકાઉકિ—ગચમ્ફા—કેમેછોહલેન્ગ ક્વે-નશેન્ગલીન—કેલેધેટ વગેરે." આ સર્વ જે ગામડાં અને શહેરમાં થઇને અમે ગયા હતા તેનાં અગર જે જગો અમે જોઈ હતી તેનાં નામ હતાં, પણ તેમને જૂદાં જૂદાં શી રીતે ઓળખવાં તેની આપણને અત્યારે ખબરજ નહોતી! કારણ કે તે વિષેની સઘળી ખબર મારા મગજમાંથી ઉડી ગઇ હતી અને તેથી વધારે ખબરના કાગળો કાંઇ નીકળે તેમ નહોતું.

ફ્રેન્ચ પ્રતિનિધિએ (વેન્ટેજે) જે નોંધ કરાવરાવી હતી તે નોંધમાંથી કાંઇ પણ તારણ કાઢવાની સઘળી આશા થોડા ઘણા દિવસ સુધી વ્યર્થ મહેનત કરીને છોડી દેવી

પડી. જેને માટે મેં મારી સ્મરણશક્તિપર આટલો બધો ભરોસો રાખ્યો હતો તે કોઇ કોઇ જુજ બાબતમાં યાદ નહિ આવવાથી સઘળું નકામું થઇ પડયું. મારાં પુસ્તકનાં સાધનો ઘણાંજ થોડાં થઇ ગયાં. તોપણ મારા લખાણની પદ્ધતિ, અને મારા પુસ્તકમાં જે નીતિના અને રાજ્ય દરબારી વિષયો નાખવાનો મેં ઠરાવ કર્યો હતો તે વિષયો, મારા વર્ણનનાં તૂટતાં સાધનોની ગરજ સારશે એમ ધારીને મેં મન વાળ્યું. હવે બીજી ત્રીજી ભાંજગડો છોડી દેઇ લખવામાંજ ચિત્ત પરોવવું, એવા ઇરાદાથી મેં **લંડન** છોડવાનું નક્કી કર્યું; કારણ કે **લન્ડન**માં મારે આળસુ થવાનો ઘણો સંભવ હતો. આમ નિશ્ચય કરીને ઇંગ્લાંડના એક એકાન્ત વાસમાં રહેતા **થૉમ્સ "લૉવે"** નામના મારા કાકા પાસે જવાને હું નિકળ્યો. એ ખેતીનું કામ કરતા હતા, અને સાદા, વિચારવંત તથા માયાળુ માણસ હતા. વારંવાર એ મને મળવાને માટે બોલાવતા હતા. તેથી મેં ધાર્યું કે નિઃશક હું તેમને મનગમતો થઇ પડીશ. મારા નિકળવાના એક અઠવાડિયા પહેલાં એક કાગળ લખીને મારે એમને જણાવવું હતું કે હું આવતે અઠવાડીએ તમારી પાસે આવીશ. પણ તેમ કરવાનું મેં **મુલતવી રાખ્યું**; એટલે આખરે એમ ધાર્યું કે હવે કાગળ લખવો એ નકામું છે, કારણ કે હું અને કાગળ બન્ને સાથેજ પહોંચીશું.

મારા કાકાને કાગળ લખવાનું વીસરી જવાથી મારે તરતજ પસ્તાવું પડયું. કારણ કે જ્યારે હું તેમને ત્યાં ગયો ત્યારે જેમ મેં ધાર્યું હતું તેમ ખુશી થવાને બદલે આખું ઘર ગભરાટમાં પડયું. મારે કમનશીબે એમ બન્યું કે તે વખતે તેમને ઘેર પરોણા આવેલા હતા, અને રાતનો વખત હતો તેથી સઘળાં ગોદડાં તેમની પથારીમાં રોકાયાં હતાં. જ્યારે હું મારા જોડા કાઢતો હતો ત્યારે મને જોઇને દુઃખ અને ઠપકાથી મિશ્રિત અવાજે મારી કાકી બોલ્યાં કે

"આવ્યો તો ખરો. પણ હવે બીજાં ગોદડાં માટે કેમ કરીશું? પહેલેથી એક કાગળના કટકાએ લખ્યા વગર અહીં આવવાને એનો પગ કેમ ઉપડયો હશે? ખરેખર અત્યારે એ અત્રેથી હજાર ગાઉ વેગળો હોત તો હું ખુશી થાત." આ શબ્દ–બાણ મારા હૃદયમાં હજાર વીંછીની વેદના માફક ભોંકાયાં. મારા કાકાએ મારી સલામ સ્વીકારી અને રીતસર મારો સત્કાર કર્યો; પણ તેમના ચ્હેરા ઉપરથી મે તરતજ જાણ્યું કે એ મારા આવવાથી બિલકુલ ખુશી નહોતા, પરંતુ તે શુદ્ધ મનના માણસ હતા, તેથી તરતજ તેમણે મને કહ્યું કે "અગર જો કે દુનિયામાં તું કેમ ચાલે છે તથા વખતોવખત તું શું કરે છે તે મને લખી જણાવવાને તે ઇટનની સ્કુલમાં જતી વખતે વચન આપ્યું હતું, છતાં તે વખતથી તે અત્યાર સૂધીમાં તેં મને બિલકુલ પત્ર લખ્યો નથી, તેથી મને ઘણુંજ ખોટું લાગ્યું છે." મારો બચાવ કરવાને કાંઈ પણ સાધન નહોતું, તો પણ મેં બ્હાનું કાઢ્યું કે "હમેશ મેં મુલતવી રાખ્યા કીધું તેથી વર્ષનાં વર્ષ વીતી ગયાં, અને આખરે કાગળ લખતાં મને શરમ આવી. ખરૂં કારણ તો આજ છે. કાંઇ પ્રીતિના અભાવને લીધે હું નહોતો લખતો એમ નહિ."

જ્યારે હું બોલતો હતો ત્યારે મારા કાકા બેઠા બેઠા બીડી પીતા હતા. ગોઠવી ગોઠવીને જે કહેવાનું હતું તે કહી રહ્યા પછી હું ચૂપ રહ્યો; કારણ કે પાસે બેઠેલાં માણસોના ચ્હેરાપરથી જણાતું હતું કે મારા બોલવાથી તેઓનાપર કાંઈ પણ અસર થઈ નથી. મારી કાકીએ ડોકું ઉંચું કરીને કહ્યું કે "જે કાકો કાગળ લખવાને માટે હમેશ કહ્યા કરતો હતો અને જે હમેશ મિત્ર તરીકેજ વર્તતો હતો, તેનાપર બેસિલ સરખા વિદ્વાને કાગળ લખવાની તસ્દી પણ ના લીધી, એ જોઇ હું આશ્ચર્ય પામુંછું."

મારા કાકાએ કહ્યું કે "એ વિષે કાંઈ બોલશોજ

નહિ; વારેઘડીએ એ વાત સંભારવી મને પસંદ નથી. હું એ છોકરાને ચાહતો હતો અને જે કાંઇ હું એને માટે કરી શકું તે મેં કર્યું છે. જ્યાં સુધી હું જીવતો રહીશ ત્યાં સુધી કોઈ પણ દિવસ હવે એને મારાપર કાગળ લખવાને કહીશ નહિ. કારણ કે હવે મને જણાયું કે એ મારે માટે બીલકુલ દરકાર રાખતો નથી; તેમ મારે પણ એની કાંઇ દરકાર નથી. લ્યુસી (એ મારા કાકાની છોકરી હતી) ઉંધુ ઘાલી કેમ બેઠી છે? ઉંચુ જોને! જાણે મરવા પડી હોય એમ કરીશ નહિ.”

ત્યાં જેટલાં હાજર હતાં તેમાંથી ફક્ત લ્યુસીનેજ મારી દયા આવતી હતી. જ્યારે એના બાપના ઉપર પ્રમાણે કહેવાપરથી મેં એના સામું જોયું ત્યારે તે મને સૌન્દર્યથી ભરપૂર માલૂમ પડી. હું હમેશાં એને સારી છોકરી ધારતો હતો. પણ આજસુધી મને સ્વપ્નુંએ નહોતું આવ્યું કે તે આટલી ખૂબસુરત હશે. મારા કાકાને મેં ખોટું લગાડયું તેથી હું ઘણોજ દિલગીર થયો. મને માલૂમ પડ્યું કે તે ખરેખર નાખૂશજ હતા, અને મારા તરફની પ્રીતિ કરતાં તેમના સ્વાભિમાને તેમના મનપર વધારે અમલ કર્યો હતો. તેમણે કહ્યું કે “ મિત્ર મેળવવા કરતાં મિત્ર ખોવો એ વધારે સહેલું છે. યાદ રાખજે કે ફક્ત એક કાગળ લખવાને માટે મિત્ર ખોવો એ ખરેખરી મૂર્ખાઇ છે. હું આજ કાલ કરતાં સાત વર્ષથી કાગળ માટે પંચાત કરૂંછું પણ તે બધું પાણીમાં ગયું. ચીન ગયો તે પહેલાં કટકો કાગળ પણ તેં મને ના લખ્યો; અને જો તારી કાકી દૈવયોગથી લન્ડનમાં તને ના મળી હોત તો હું એ વાત જાણત પણ નહિ. એણે તને છોકરાં માટે રમકડાં લાવવાને કહ્યું હતું ને પણ ઘણા દિવસ થઇ ગયાથી તું ભૂલી ગયો. વળી જ્યારે તું પાછો આવ્યો ત્યારે પણ કાંઈ લખ્યું નહિ.” એટલામાં મારી કાકી વચ્ચે બોલી ઉઠયાં કે “ અરે આજ

રાત્રે અહિં આવવાની ખબર આપવાને એક કડકો કાગળ પણ એણે નાજ લખ્યો ને! એણે તો જાણ્યું હશે કે ત્યાં તો બધી સામગ્રી તૈયારજ હશે! મારા કાકાએ કહ્યું કે "તે વિષે પૂછો તો આપણે ત્યાં કાંઈ ચીનની રકાબીઓમાં પીરસેલો સુંદર ખોરાક મળવાનો નથી. અહિં તો અનાજનો સૂકો પાકો રોટલો મળશે. એ રોટલો મારા મનથી તો પરદેશી સર્વ મિષ્ટ ખોરાકને આંટે તેવો છે, અને તે તેની આગળ હાજર છે; તેમાંથી એની મરજી પડે તેટલો ખાય, એક ઓળખીતા તરીકે હું એને અત્રે જોવાને ઘણો ખૂશી થઇશ, પણ એક વહાલા તરીકે નહિ. હશે! એ વાત હવે સંભારશોજ નહિ, કારણ કે થયું તે ના થયું થવાનું નથી, અને ગયો વખત પાછો આવવાનો નથી. ઝાઝી વાત ઉકેલવામાં માલ નથી. દેવતાપર પાણી છાંટો એટલે તે ઓલાશે, આટલામાંજ સમજી લેવું. લ્યુસી મારી કાનટોપી લાવ." મને સાંભરે છે કે ઉપલી વાતચિત થયા પછી લ્યુસીએ એકવાર નિસાસો નાંખ્યો, અને મેં ઘણીવાર એમ કીધું. મને એવી આશા હતી કે આજની રાત વિશ્રામ લીધા પછી તેમનું (મારા કાકાનું) મન મારા તરફ સારૂં થશે. સવારમાં હું ઉઠ્યો કે તરતજ રાત્રે જે છોકરાં ઉંઘી ગયાં હતાં તે મને વિંટળાઇ વળ્યાં. એકે કહ્યું "એસિલ ભાઈ, ચીનથી મારે માટે ટમ્બ્લર (પ્યાલો) લાવવાને તમે વચન આપ્યું હતું તે લાવ્યા કે!" બીજાએ પૂછ્યું કે "ભાઈ, મારી હોડી ક્યાં છે?" ત્રીજાએ કહ્યું "મારી મંગાવેલી પેટી લાવોને?" મારી કાકીએ પૂછ્યું કે "લ્યુસીએ તમને પંખો લાવવાને માટે કહ્યું હતું તે લાવ્યા છો કે?"

એ બધાં બોલી રહ્યાં એટલે મારા કાકાએ કહ્યું કે "હું ખાત્રીથી કહુંછું કે જેણે સાત વર્ષ સુધી કાગળ સરખોએ ના લખ્યો તે પરદેશથી મંગાવેલી એવી ચીજો વિષે કાંઈ

મનમાં પણ નહિ લાવ્યો હોય." આ પ્રમાણે થવાથી જો કે હું શરમાઇ અને ચીડાઇ ગયો, તો પણ મેં હિંમત આણીને કહ્યું કે "મારા મિત્રોની કોઈ પણ ચીજ લાવવાને હું ભૂલી ગયો નહોતો; પણ કમનશીબે જે ટોપલીની અંદર તે સઘળી મૂકી હતી તે ટોપલી દરિયામાં ઘસડાઇ ગઇ." મારા કાકાએ કહ્યું કે "છિહ!" મારી કાકી બોલ્યાં કે "એ ચીજો ટોપલીમાં કેમ બાંધી? તમારાં લૂગડાંની પેટીમાં મૂકી હોત તો તે સહીસલામત આવી શકત."

આખરે મારે કબૂલ કરવું પડયું કે "અમે પેકીન છોડયું ત્યાં સૂધી તે ચીજો લેવાનું મે **મુલતવી રાખ્યું હતું**, તેથી કન્તાનમાંથી તે સઘળી લીધી, અને તે પેહેલાં પેટીઓ તો વહાણપર ચડાવી દીધી હતી." મુલતવી રાખવાના દુષ્ટ દુર્ગુણ! આ વખતે મારે કેટલું ખમવું પડયું!! લ્યુસિ મારે માટે બ્હાનાં કાઢવા મંડી અને તેથી મારે વધારે શરમાવાનું થયું. તેણે પોતાનાં માબાપને કહ્યું કે "મારા પંખા માટે કહેતાં હો તો તે તદ્દન નકામોજ થઈ પડત. કારણ કે તે એકાદ અઠવાડિયું મારી પાસે રહેત એટલે ભાંગી જાત, તેથી એસિલ ના લાવ્યા તેમાંજ હું ખૂશીછું" છોકરાંઓ તેઓની ચીજો ખોવાઇ તેથી ખૂમરાણ કરવા મંડયા; પણ લ્યુસિએ યુક્તિથી તેઓને શાન્ત કર્યા, અને તેમને મારી સાથે સારી માયામાં નાંખ્યાં. પરંતુ મારા કાકાનો મારાવિષે સારો વિચાર કરાવવો એ તદ્દન અશકય હતું. તે લ્યુસિને એટલુંજ કહેતો કે "એના વિષેના સારા વિચાર મારા મનમાંથી જતા રહ્યા છે. એ કોઇ દિવસે કાંઇ સારૂં કામ કરવાનોજ નથી. જે કામ કરવું જોઈયે તે નાનપણથીજ એણે મુલતવી રાખ્યા કીધું છે. એ કાંઇ પણ સારૂં કામ નહિ કરી શકે, તેમ કોઇ સારી પદ્વિએ પણ ચડશે નહિ." મારી કાકી મારાપર મમતા રાખતી નહોતી, કારણ કે તેને માલૂમ પડયું હતું કે લ્યુસી

મને ચ્હાતી હતી; અને " પોતે જે ધંધાને માટે કેળવાએલો હતો તે ધંધો છોડી દેનાર આદમીને મારી છોડી ન પરણે*" એમ તે ઇચ્છતી હતી. મારી તીવ્રબુદ્ધિ અને મારા વિદ્યા સંબંધી ગુણો મારા કાકા કાકીને મન નકામા હતા, કારણ કે કાકો એક સારો ખેડુત હતો, અને કાકી સારી રીતે ઘર ચલાવી શકે તેવી સ્ત્રી હતી. ગ્રન્થકાર થઇને મેં શું પેદા કર્યું ? એમ તેઓ મને પૂછતાં; અને જ્યારે મારે "કાંઇ નહિ" એમ કહેવું પડતું ત્યારે તેઓ મશ્કરીમાં હસતા. આથી મારૂં સ્વાભિમાન સતેજ થયું. મેં કહ્યું કે થોડા દિવસમાં હું મારી ચીનની મુસાફરીનું પુસ્તક બહાર પાડનાર છું, તેમાંથી મને ઓછામાં ઓછા ૬૦૦૦ રૂપિઆ મળશે. આ સાંભળીને મારી કાકી મારા તરફ આશ્ચર્યથી જોવા મંડયાં. મેં કહ્યું તે ખરૂં જ છે. એ વાત તેમના મનમાં ઠસાવવાને વળી હું બોલ્યો કે " મારી સાથે મુસાફરી કરનારામાંથી એક જણે એવું પુસ્તક છપાવ્યું તેને ૧૦૦૦૦ રૂપિઆ મળ્યા, અને એના કરતાં મારૂં પુસ્તક ઘણુંજ ઉત્તમ થશે. મારી કાકીએ કહ્યું કે " જ્યારે તને પૈસા મળે ત્યારે તે અમને બતાવજે એટલે અમે તને ખરો માનીશું, અને ત્યાર પછી જ લ્યુસી માટે કાંઈ પણ વિચાર તારે કરવા." મારા કાકાએ કહ્યું કે " કદી એ સારો થવાનો નથી અને લ્યુસી એને મળનાર પણ નથી."

જે વખત મારે મારૂં પુસ્તક લખવામાં ગાળવો જોઇએ, તે વખત મેં મારા કાકાની મહેરબાની મેળવવાના ફોકટ ફાંફાં મારવામાં ગાળ્યો. લ્યુસિ પ્રત્યે મારો પ્રેમ થયો હતો અને

---

* ઇંગ્રેજો, પારસી તથા મુસલમાન લોકોમાં પોતાના કાકા, મામા, માસી, ફોઇ વગેરેની છોડીને પરણાવાની હિંદુઓની માફક કાંઈ અડચણ નથી.

તે પ્રેમની સામા મારા કાકા તથા કાકીનો મારા માટેનો ખોટો વિચાર કરતો. આ ખોટો વિચાર દુર કરી મારા પ્રેમમાં પુષ્ટિ આપે તેમ અનુકૂળ કરવા હું પ્રયત્ન કરવા લાગ્યો અને લ્યુસી તરફ વધુ પ્રેમમાં ઢળતો ગયો. મોહપાશમાં પડેલો મનુષ્ય ગ્રંથ શું લખી શકે? હું હમેશ કરતાં વધારે આળસુ બન્યો, કારણ છેવટે મને એવું જણાયું કે, કોઈ પણ જાતનો શ્રમ મારા કાકાના વિચાર ફેરવી શકશે નહિ અને એમની મહેરબાની સિવાય લ્યુસીને પરણવાની આશા રાખવી એ અવાળે બાચકા ભરવા જેવું હતું.

જ્યારે હું મારા કાકાને ત્યાં હતો ત્યારે મારા પિતા મારા ઉપર ઘણા કાગળ લખતા, અને તેમાં પૂછતા કે "તેં કેટલું તૈયાર કર્યું છે!" તેમ જ ઘણી જલદીથી તૈયાર કરવાનું કહેતા; કારણ કે એક બીજો પ્રખ્યાત માણસ ચીનની મુસાફરી બહાર પાડવાનો ઇરાદો રાખતો હતો, અને તેમ થાય તો મારા ગ્રંથનો કોઈ ભાવ પણ ન પૂછે. પરંતુ મારી મૂર્ખાઈ માટે હું કાંઇ પણ કરી શકું તેમ નહોતું. જેઓ કુટેવમાં ઘસડાયા જાય છે તેઓ કુટેવનું પ્રાબલ્ય કેટલું છે તે જાણતા નથી. મેં મારૂં પુસ્તક તૈયાર કરવાનું હમેશ મુલતવી રાખ્યા કીધું અને નિસાસો નાંખ્યા કર્યો. આખરે પ્રાણઘાતક ખબર એવી આવી કે "સર જ્યોર્જ સ્ટૅાન્ટને ચીનની એલચિયાતનો હેવાલ એ ભાગમાં બહાર પાડ્યો છે." હવે મારી આશાઓનો અંત આવી રહ્યો. નિરાશામાં હું મારા કાકાને ઘેરથી નીકળી લંડન આવ્યો. મારા પિતાને મળતાં હું બીન્યો. તેમણે મને યોગ્ય ઠપકાથી વધાવી લીધો. મારી ફતેહમંદીની સઘળી આશાઓ તેમના મનમાંથી નાબુદ થઇ ;હતી. તેમને હવે માલુમ પડયું કે હું મારી બુદ્ધિ કોઇ પણ દિવસ મારા અગર કુટુંબના સુખને માટે કામે નહિ લગાડું. તેમના ચેહેરા તેમ મનપર જાણુકની દીલગીરીએ વાસ કર્યો, અને કોઈ પણ કામ કરવાને

મને ઉશ્કેરવાનું તેમણે બંધ કર્યું. આવે વખતે મેં પણ મને "હ્યુસી નહિ મળે" એમ શોચના કરતાં મારો વખત આળસમાં કાઢવા માંડયો. હમેશાં હું દુનિયામાં આગળ પડવાની નવી નવી યુક્તિઓ ખોળી કાઢતો, પણ તેઓને કામે લગાડવાને આવતી કાલ સુધી મુલતવી રાખતો.

પ્રકરણ ૪ થું.

કુટેવ તજવાને કરેલો સંકલ્પ ઘણોજ દૃઢ હોવો જોઇએ.

એવી અવસ્થામાં બે વર્ષ વીતી ગયાં, એટલામાં મારા પિતા ગુજરી ગયા. એમના મૃત્યુથી મારા મનમાં જે શોક અને આત્મધિક્કારની સંયુક્ત વૃત્તિ ઉત્પન્ન થઇ તે અવર્ણનીય છે. મને ખબર હતી કે કોઇ દિવસ પણ મેં એમનું ભવિષ્ય-ધારવું પાર પાડયું નથી, અને નિરાશાએ એમના સઘળા આનંદનો નાશ કર્યો હતો. આથી મારૂં મન ઘણું જ પીડિત થયું. મારા પિતાનો દામ સાચવવાની મારે જરૂર પડી એટલે મારી મૂઢતામાંથી હું જાગૃત થયો.

મારા પિતાએ મરતાં પહેલાં (વસિયતનામું) કર્યું હતું તેમાંની એક કલમથી મારા મનપર ઘણી અસર થઇ; કારણ કે એ કલમ મારાપરના એમના પ્યારને લીધે જ એમણે દાખલ કરેલી હતી. તે કલમ એવી હતી કે—" મારો પુત્ર બેસિલ જયારે નાનો છોકરો હતો અને ઇટનની સ્કુલમાં ભણતો હતો ત્યારે મેં એની આખી છબી પડાવેલી છે, તે મારા ભાઈ રૉલ્ફને આપુંછું; મારે કહેવાનું તો એવું છે કે મારી ભત્રિજી હ્યુસને હું તે આપું છું; પણ એમ કહેતાં

મને ધાસ્તી રહે છે કે એમને કોઇને અપમાન લાગે. ”

એ છબી તથા વિલના શબ્દોની નકલ મેં મારા કાકા લૉવે તરફ મોકલી; તેની સાથે અત્યન્ત શોકમાં લખેલો એક પત્ર પણ મોકલ્યો. મારો કાકો જે દૃઢ પણ માયાળુ સ્વભાવનો હતો તેણે મારા પત્રનો નીચે પ્રમાણે ઉત્તર મોકલ્યો.

“ પ્યારા ભત્રિજા બેસિલ,—તમારા પિતાના મરણના સમાચારથી સ્વભાવિક રીતે જ જેટલું મને લાગે છે તેટલું બલ્કે તેથી પણ વધારે તમને લાગતું હશે જ. મારા ભાઇ (જેણે જીવતાં કોઇ દિવસ મને અપમાન પહોંચાડયું નથી તે મરતાં કદિ પહોંચાડેજ નહિ.) તરફથી મળેલી છબી હું લ્યુસિને આપીશ. તમારા સંબંધી પૂછો તો આ વખત ઠપકાનો નથી; કારણ તેમ કરવું ઘણું ઘાતકી થાય; માટે પાછલી સઘળી બાબતોને કોરાણે રાખી મારે કહેવું જોઇએ કે લ્યુસિને છબી આપવાનું કારણ મારા ભાઇની યાદગીરી તેની પાસે રાખવા સિવાય બીજું કંઇ સમજતા નહિ. મારા વિચાર પ્રથમના જેવા દૃઢ છે. અને તે પ્રમાણે મારી છોડીની ફરજ છે કે મારી સલાહ પ્રમાણે તેને ચાલવુંજ જોઇએ; કારણ કે મને ખાત્રી થઇ છે કે **મુલતવી રાખનાર** (આ કાંઇ તમારાપર કહેતો નથી) કોઇ પણ માણસ એને સુખી કરી શકશે નહિ; તે ફક્ત એટલા જ માટે કે એનો સ્વભાવ ઘણો નરમ છે તેથી એ કોઇને ઠપકો દેઇ શકશે નહિ, તેમજ ઘરનું કામકાજ પણ કરી શકશે નહિ. કંઇ પણ ભેદબુદ્ધિ રાખ્યા શિવાય મારા મનમાં જે હતું તે લખી દીધું છે. અને જો કે હું અદેખો નથી, પણ કદાપિને તેવો હઉં તોપણ મારાજ ભત્રિજા તરફ, અને તે વળી આવા શોકને સમયે હું શી રીતે અદેખાઇ કરૂં ? ગુસ્સો પણ મેં મારા મનમાંથી કાઢી નાંખ્યો છે. સાત વર્ષ સુધી તેં મારાપર કાગળ નહોતો લખ્યો તેને માટે કોઇ પણ દિવસ તને માફ નહિ કરૂં એમ મેં કહ્યું હતું, તોપણ હવે

હું તને મારા ખરા અંતઃકરણથી માફ કરૂં છું. માટે તે વિષેના સઘળા વિચાર તારા મનમાંથી કાઢી નાંખ, અને હવે હું આશા રાખું છું કે આખી જીંદગી સુધી આપણુ બંને તનબદન મિત્રો રહીશું. ખરૂં કહું તો હચુસિ સંબંધી કાંઈ પણ વિચાર નહીં કરતો; કારણ કે મારા ધારવા પ્રમાણે નિકટ સંબંધીઓમાં એવી ખટપટ રાખવી જોઇએ નહિ—પ્યારા ભત્રિજા! તને તન્દુરસ્ત અને સુખી જોવા ઈચ્છનારની એટલીજ ભલામણ છે કે હવે તું કોઈ પણ ધંધે વળગજે. તારી કાકીના કહેવાથી ખબર મળી છે કે મારા ભાઇની સભાળ અને ઉદ્યાગને લીધે તારે માટે પાછળ સારી મૂંડી રહેલી છે. તારી કાકીએ તને આશીર્વાદ કહ્યા છે. વખતો વખત તારા કાગળની ઈચ્છા રાખું છું. હું છું,

"તારો વહાલો કાકો, થૉમ્સ લૉવે."

આ કાગળ સાથે મારી કાકીએ બીજો પોતાનો લખેલો કાગળ બીડ્યો; તેમાં મારી શી અવસ્થા છે તથા મૂંડી વિગેરે કેટલું છે તે પૂછ્યું હતું. વળતીજ ટપાલે તેના ઉત્તરમાં મેં લખ્યું કે "મારા ધારવા કરતાં મારા પિતા વધારે મુકી ગયા છે. એક પુસ્તક વેચનાર તરીકે તેમની શાખ સારી પડેલી છે, એમની દુકાનમાં માલ પુષ્કળ ભરેલો છે અને બૅંકમાં એમના નામે પુષ્કળ પૈસા પણ જમા છે; આ સિવાય ગ્રંથકારોને પહેલેથી પૈસા ધીર્યા છે તેથી તેમની પાસે પણ ઘણું લેણું નીકળે છે."

મારા કાકાનું વલણ પ્રીતિ અને ખૂશ મિજાજ રાખવા તરફ જેટલું હતું, તેટલુંજ બલ્કે તેથી પણ વધારે મારી કાકીનું વલણ પોતાના લાભ તરફ હતું. તેટલા માટે એના ધારવા કરતાં હું વધારે ધનવાન થયો છું એવું જ્યારે એણે જાણ્યું ત્યારે મારા તરફ એનું મન વધારે ખેંચાવા લાગ્યું. તેણે મને લખ્યું કે "તું તારા કામમાં બરોબર મંડ્યો રહે, અને તારા કાકાને સાબેત કરી આપ કે હવે તેં તારી

મુલતવી રાખવાની ટેવ હમેશને માટે મુલતવી રાખી છે—તદ્દન છોડી દીધી છે." એણે મને સહાય થવાને વચન આપી કહ્યું કે "જો તું છ મહિના સુધી ખંતથી તારા કામમાં મંડયો રહીશ અને વળગી પડેલી દુષ્ટ કુટેવને છોડી દઇશ તો હું મારાથી બનતો પ્રયત્ન કરી હ્યુસિને તારી સાથે પરણાવવાની તારા કાકા પાસેથી કબુલત લેઇશ."

ઉપલા લખાણમાં રહેલો અર્થ એટલો બધો બળવાન હતો કે દુર્જય કુટેવને પણ તે જીતી શકે. હું દૃઢતાથી મારા કામ પાછળ મંડયો, અને નિયમિતપણાને માટે મારા પિતાની જે શાખ પડી હતી તે શાખને હું લાયક થયો. મને યાદ છે કે એ છ મહિનામાં જે કામ અગત્યનું અને કરવા જેવું હોય તે મેં એક ઘડી પણ મુલતવી રાખ્યું નહોતું. મારી કાકી પ્રમાણિકપણાથી પોતાના વચનને વળગી રહી, અને પ્યારના આવેશથી મારામાં જે ફેરફાર થતો હતો તે ફેરફાર મારા કાકાને યાદ દેવડાવવાની એકે તક તેણે ખોઈ નહિ.

અજમાયશના છ માસ વીતી ગયા એટલે આશાથી ભરપૂર બની હું મારા ત્યાં ગયો. એક દિવસ મારા કાકાએ મારી સમક્ષ મારી કાકીને કહ્યું કે "પ્રિયા! તું જે ફેરફારની વાત કરે છે તે ફેરફાર લાંબા વખત સુધી ટકવાનો નથી. તું કહે છે તેમ તે પ્યારથી શરૂ થયો છે, અને હું કહું છું કે તેનો પ્યારનીજ સાથે અંત આવશે. તું તેમ હું બંને જાણીએ છીએ કે પ્યાર એ ચાર દહાડાનું ચાંદરણું છે; અને જો કે ધીમે ધીમે હેત વધે છે, પણ ઉછરતો પ્યાર દિવસે દિવસે શિથિલ થતો જાય છે. હ્યુસિ એવી મૂર્ખ નથી કે ફક્ત ચાર દિવસના પ્યાર માટે વીશ ત્રીશ કે ચાળીશ વર્ષ સુધી (એમાં કાંઇ આપણો ઉપાય નથી; ઈશ્વર કરેને સો વર્ષનો ઘરડો ડોસો થાય) પોતાની જીંદગી દુઃખમાં ગાળે." પછી મને કહ્યું કે "પ્રિય **એચિલ!** ખોટું

લગાડતો નહિ, હો; કારણ કે જ્યાં મારી લ્યુસિનો સ્વાર્થ જોવાનો છે ત્યાં મારે પિતા તરીકેની ફરજ પૂરી પાડી સર્વ બતાવવુંજ જોઇએ." પછી લ્યુસિને કહ્યું કે વ્હાલી લ્યુસિ! મારો વિચાર તો એજ છે કે બેસિલ તલભાર પણ બદલાયો નથી; તેથી હું તને કહું છું કે જો તારે એને પરણવું હોય તો તે મારી મરજી શિવાય છે."

આથી લ્યુસિ ઘણી ફીકી પડી ગઇ, અને હું ઘણો ગુસ્સે થયો. મારા કાકાએ તો પ્રથમની માફક પોતાની ચલમ ફુંકવા માંડી, અને પ્યાર તથા ગુસ્સાથી ઉશ્કેરાઇ મેં જે જે છટાબંધ કહ્યું તે સઘળાનો ઉત્તર તમાકુનો દમ મારી એટલોજ દેતા કે "પ્રિય બેસિલ, જો લ્યુસિ તને પરણે તો તે મારી મરજી શિવાયજ."

લ્યુસિનો મારા તરફનો પ્યાર અને તેની તેના પિતાની તરફ પુત્રી તરીકેની લાગણી એ બેની વચ્ચે ઘણી ભાંજગડ ચાલતી. મારી કાકી મારી વગ ઘણા જુસ્સાથી કરતી. એકવાર મારા તરફ સારો મત જણાવ્યો એટલે તેજ મત ચાલુ રાખવો એ એની ફરજ છે એમ તે સમજતી. મત-ભેદને લીધે મારી કાકી અને કાકાને ઘરમાં ટાપટીપ થતી, અને કોઇવાર એવી તો લડાઇ સળગતી કે તેનાં પરિણામ સાંભળવાને માટે લ્યુસિ ધ્રૂજતી.

એકવાર લાગ સાધીને એકાન્તમાં લ્યુસિએ મને કહ્યું કે "મારા પ્યારા બેસિલ! હવે આપણે જૂદાં પડવું જોઇએ. તમે જાણો છો કે મારા પિતાની મરજી પ્રમાણે હું કોઇ દિવસ તમારી થવાની નથી, અને જો તેમની મરજી શિવાય હું તમારી સાથે લગ્ન કરૂં તો હું કદી સુખી થવાની નથી. હું દુનિયામાં જેમને મારા પ્રાણ કરતાં પણ અધિક ચહાઉં છું તેમના દુઃખનું કારણ થઇ પડવાની નથી—મારાં માતા-પિતા વચ્ચે હું અણબનાવ કરાવનાર નથી. દરરોજ એમની વચ્ચે જે ટાપટીપ વધતી જાય છે તે હવે હું સાંભળી શકતી

નથી; માટે આપણે બંને જૂદાંજ પડીએ એટલે સર્વ સ્થળે પડશે."

એનો ઠરાવ ફેરવવાની મેં જે કોશિશ કરી તે સર્વ પથ્થર ઉપર પાણી માફક થઈ; તોપણ તે પોતાની ફરજ જાણી પોતાના વિચારને દૃઢતાથી વળગી રહી તેને માટે મારા મનમાં તેને સારૂ ઘણા ઉંચા વિચારો ઉત્પન્ન થયા. આ અણીના વખતે તેણે જે શાંત મિજાજ, માયાળુ સ્વભાવ અને પિતૃભક્તિ વિગેરે ઉત્તમ ગુણો બતાવ્યા તેથી મારા મનમાં એને માટે અવર્ણનીય વહાલ પણ ઉત્પન્ન થયું.

અગર જો કે મારા કાકાએ પોતાના વિચારમાં દ્રોણાચળની માફક અચળ રહેવાનો ઠરાવ કર્યો હતો, તોપણ ધીમે ધીમે તેમના હૈયામાં હતું તે હોઠે આવવા લાગ્યું. એક રાત્રે એમણે પોતાની ચલમ ભાગી નાંખી અને એવાર ચોપીઓ ફેંકી દીધો. હ્યુસિએ જ્યારે એ ચોપીઓ ઉપાડીને તેમને આપ્યો ત્યારે તેમણે કહ્યું કે "દીકરી તું મૂર્ખ છે અને મને વધારે તો એ લાગે છે કે તું તાબૂત જેવી છે. ખરેખર તું મને ઘણોજ હેરાન કરે છે; કારણ કે હું જાણું છું કે આ એસિલ કોટિ પ્રકારે પણ સારો થવાનો નથી; પણ મારી મરજી શિવાય તેની સાથે લગ્ન કરવામાં તને શી હરકત છે?"

આ સૂચનાથી હ્યુસિએ સર્વ આનાકાની તજી દીધી, અને થોડા દિવસ પછી અમારૂં બંનેનું લગ્ન થયું. ડહાપણુ, સદ્‌ગુણ, ગર્વ, પ્યાર, વગેરે જે જે લાગણી મનુષ્ય જાતપર અમલ ચલાવી શકે તે તે લાગણીએ મારા ઉપર અમલ ચલાવ્યો અને હું પ્રફુલ્લ થયો. મેં નિશ્ચય કર્યો કે આ ઘણી પ્રીતિપાત્ર સ્ત્રીનું પાણિગ્રહણ કરવાને હું લાયકજ હતો એવું મારે ખૂબ મહેનત અને ખંતથી સાબેત કરી આપવું. એમ ધારી હું મારા પ્રયાસમાં દૃઢતાથી તથા એકચિત્તે વળગી રહ્યો. એક વર્ષ પછી હ્યુસિએ કહ્યું કે

“મારી પસંદગીને માટે મારે પસ્તાવાનું નથી.” પોતે મારે ત્યાં ઘણી સુખી છે એમ પોતાના બાપને સમજાવવાને તેણે પૂરી કોશિશ કરી. તેના બાપે પણ તેને સુખી જોઇને કહ્યું કે “મેં મારો વિચાર બદલ્યો છે. હું સંપૂર્ણ ખંતથી મારા કામ પાછળ મંડયો રહ્યો, અને “હ્યુસિએ પોતાની જોડ ખબરદારીથી ખોળી કાઢી” એવું મારા કાકાના મોઢેથી સાંભળીને મને જે હર્ષ થયો તે હું કદી ભૂલનાર નથી.

પરંતુ અપશોચ ! ‘પડી ટેવ તે તો ટળે કેમ ટાળી,’ ‘કૂતરાની પૂછડી જમીનમાં હજાર વર્ષ દાટી ને કાઢે તો પણ વાંકીને વાંકીજ,’ ‘પ્રાણ ને પ્રકૃતિ સાથેજ જવાનાં.’ તેમ જ્યારે મેં મારા લાભમાં ઉપર પ્રમાણે મારા કાકાનો મત ફેરવાવ્યો, મહેનત અને નિયમિતપણાને માટે સારી શાખ પાડી, ત્યારે એ શાખને બરોબર લાયક થવાના ઉપાયો મેં ઠંડા નાંખવા માંડયા, અને પ્રથમની મારી “મુલતવી રાખવાની કુટેવપર” ધીમે ધીમે ચઢવા લાગ્યો. મારા ગ્રાહકો અને આડતીઆઓ ફરિયાદ કરવા મંડયા કે “અમારા કાગળના જવાબ મળતા નથી અને અમે મંગાવેલાં પુસ્તકો આવતાં નથી.” જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ તેમની ફરિયાદો વધતી ગઈ. તેમના કાગળોની તારીખ જોઇનેજ પ્રત્યક્ષ મારી ખાત્રી થતી કે તેઓનું કહેવું ખરૂં છે અને હું દોષને પાત્ર છું. મારા પિતાનો એક વૃદ્ધ પરન્તુ તાલેવન્ત મિત્ર પુસ્તકોનો ઘણો શોખિન હતો, અને ખરીદવા લાયક જે પુસ્તક હોય તે તે ખરીદતો. માર્ચ માસમાં એણે ઘણા પૌંડનાં (એક પૌંડના દશ રૂપીઆ) પુસ્તકો મંગાવ્યાં. પણ મારાથી તે મોકલાયાં નહિ ત્યારે મને યાદ દેવડાવવાને એપ્રિલ માસમાં નીચે પ્રમાણે એણે કાગળ લખ્યો.

“મહેરબાન સાહેબ—નીચેનાં પુસ્તકો મોકલવા ગયા

માસમાં મેં તમને લખ્યું હતું, તે પુસ્તકો આજ સુધી મને નહિ મળવાથી હું તદન નાઉમેદ થયેલો છું; માટે મહેરબાની કરી આ કાગળ દેખત તુરત તે વિદાય કરશો.

હું છું, આપનો તાબેદાર, જે. સી.”

એ કાગળ પણ ખજાને પડવાથી મે મહિનામાં તેણે વળી ફરીથી લખ્યું કે—

“મહેરબાન સાહેબ! માર્ચ મહિનામાં મંગાવેલી ચોપડીઓ હજુ સુધી મને મળી નથી તેથી તાજુબ થયો છું. આટલી બધી ઢીલ થવાનું કારણ શું તે લખશો.

હું છું, આપનો તાબેદાર, જે. સી.”

ત્યારબાદ એક પખવાડીઆ પછી એ ગૃહસ્થે મંગાવેલાં પુસ્તકો તેને મોકલવા સારૂ હું બાંધતો હતો, તેવામાં નીચેનો કાગળ મળ્યો.

“સાહેબજી—પુસ્તકો મોકલવા માટે મેં તમને આશરે ચારેક મહિનાથી લખેલું, પણ હજુ સુધી તે આવ્યાં નહિ, માટે મારે બીજી જગોએથી ખરીદવાની જરૂર પડી છે; આવું પગલું ભરતાં મારૂં મન ઘણું દાઝે છે કારણ કે તમારા પિતા તરફ મારૂં મન ઘણું ખેંચાતું હતું. તેનાજ છોકરા સાથેનો મારો સંબંધ હું એકદમ છોડી ન દઊં; પણ તમે મારી ધીરજને થકવી છે. ગયે વર્ષ પણ મારા બીજા આડોશી પાડોશીને મળ્યા પછીજ તમે મારા તરફ નવી છપાયલી ચોપડીઓ મોકલી હતી, અને ઘણીખરી વાર તો તમારી પાસેથી મંગાવેલાં પુસ્તક નહિ આવવાથી મારે તે બીજાનાં માગી લાવવાં પડતાં. આ ઉપરથી આપ ધડો લેશો, અને જેવી વર્તણૂક તાબેદાર સેવક સાથે ચલાવી છે તેવી હવે પછીથી કોઇ બીજા સાથે નહિ ચલાવશો.

તાબેદાર સેવક—જે. સી.”

આ ઠપકાની અસર મારાપર બિલકુલ થઇ નહિ. કારણ કે જે વખતે આ કાગળ આવ્યો તે વખતે હું એક

બીજીજ યોજનામાં ગૂંથાયો હતો. તેના કરતાં પુસ્તક વેચનારનો ધંધો મને નીચો લાગતો હતો. રાજ્યકારભારીઓને એક નવો કર નાંખવાનું બતાવવાની શોધમાં હું મંડયો, અને તેમાં હું પાર પડું તો હજારો રૂપિઆ મને મળે તેમ હતું. બીજા તીવ્રબુદ્ધિનાં માણસોની માફક હું પણ એમજ ધારતો હતો કે નિત્યના ગદ્ધાવૈતરાથી નહિ, પણ બુદ્ધિના પ્રભાવથીજ હું ધનવાન્ થવાનો છું. પરંતુ ખરૂં પુછો તો પ્રખ્યાત થવાના ધોરી રસ્તા મૂકી હું ગલીકુંચીઓ ખોળતો હતો.

જે લોકો સારા દરજ્જાપર હતા તે સઘળા મને હિમ્મત આપતા કે મારા શોધી કાઢેલા કર ઘણા પસંદ પડશે, જેઓ મારા મુરબ્બી કહેવાતા તેઓની હજુરમાં હું હમેશ રહેતો, અને મારી દુકાનનું કામ, 'ક્યારે રવિવાર આવે અને હું ઘોડે બેસીને ફરવા જાઉં,' એવા વિચારવાળા એક જુવાનિયાને સોંપ્યું હતું. અને કદાચ તેવો તે ન હોય તથાપિ **યથારાજા તથા પ્રજા** એ ન્યાયે તેનામાં ગુણ આવેજ. આવા શેઠ અને આવા ગુમાસ્તાથી દુકાનનું કામ કેવી રીતે ચાલતું હશે તેનો વિચાર વાંચનારેજ કરી લેવો!

અગર જો કે **હ્યુસી** મારી બુદ્ધિ માટે ઘણું માન ધરાવતી હતી અને મારાં આપેલાં વચનપર તેને પૂરો ભરોસો હતો, તોપણ વારે વારે તે મને કહેતી કે કર શોધી કાઢવા પાછળ તમે આટલો બધો વખત ગાળો છો, પણ પાછળથી કારભારીઓ તમારી મહેનતનો બદલો નહિ આપે તો શું કરશો? આ તેનું કહેવું હું સાંભળતો હતો, તથાપિ મારા ધારેલા કામમાં મંડયોજ રહેતો. ઉત્તર વાળ્યા શિવાયના કાગળો એટલા બધા થઈ ગયા હતા કે તેમને પરોવી મૂકવાનો એક મોટો વાળો ભરાઈ ગયો હતો. ભોગજોગે જ્યારે જ્યારે હું મારા મેજનું ખાનું ઉઘાડતો ત્યારે હિસાબ ચઢી ગયેલો જોઈ હું નિશ્વાસ નાંખતો. થોડા

વખતમાં મને કામ કરવાનો કંટાળો આવ્યો, અને મુલતવી રાખનારાઓ જે બહાનાં, છળ, અને અસત્યતાના વેહેલા અગર મોડા ગુલામ થાય છે તેમનો હું પણ ઉપયોગ કરવા મંડ્યો. મારૂં અંતઃકરણ ધીમે ધીમે કઠોર થવા માંડ્યું. મારો બોલ હું બરોબર પાળી શકીશ એવો મને સ્વપ્નામાં પણ ખ્યાલ નહોતો તે છતાં જરાએ અચકાયા વગર હું સર્વને કહેતો કે **આવતી કાલે** હું તમારો હિસાબ કરીશ.

હું પુસ્તકો વેચનાર હતો એટલુંજ નહિ, પણ બીજાનાં પુસ્તકો છપાવતો પણ હતો. આથી કરીને ગરીબ અને તવંગર ગ્રન્થકારો ફરિયાદ કરતા કે ઢીલ થવાથી અમારી કીર્તિ ઓછી થાય છે, અને ગરીબ ગ્રન્થકારો એમ કહેતા કે તેમ થવાથી અમને પૈસાની હાનિ થાય છે તથા અમારૂં ગુજરાન ચલાવવામાં પણ વાંધો પડે છે. લોકો મને માયાળુ સ્વભાવનો તેમજ મુલતવી રાખનારો પણ કહેતા. હિસાબ નહિ કર્યાથી તેઓ જે ઠપકો દે તેમાંથી બચી જવાને હું વારંવાર મારા ગરીબ ગ્રન્થકારોને પૈસા ધીરતો.

મારા સદ્‌ગુણ અને દુર્ગુણનો તેઓ બમણો લાભ લેવા લાગ્યા. તીવ્રબુદ્ધિના માણસોને હું ઉત્તેજન આપતો તેથી ગરીબ ગ્રન્થકારોની મોટી યાદી મારી પાસે થઈ હતી. જે જે ગ્રન્થ મને સોંપવામાં આવતો તે તે ગ્રન્થની બરોબર તુલના કરવાનું હું મારા ન્યાયી વિચારપર રાખતો. એવા વિવિધ પ્રકારના ગ્રન્થો વાંચવાનું અગર છાપવા મોકલવાનું ભૂલી જવાથી મારે ઘણીવાર પૈસા આપવા પડતા. કોઈ ગરીબ ગ્રન્થકારને આશામાં ને આશામાં ઘણી મુદ્દત રખડાવ્યા પછી પણ મારાથી તેને એવું કહેવાતું નહિ કે "તમારો ગ્રન્થ મેં ઉઘાડ્યો પણ નથી, પણ પડ્યો છે તે લેઈ જાઓ." મારાથી તેઓ તરફ માનવૃત્તિથી જોયા વગર અગર કાંઈ બદલો આપ્યા વગર રહેવાતું નહોતું; આવી

માનવૃત્તિને લીધે પાછળથી મારા ઘણા પૈસા ખરાબ થયા.

મારા તાલેવંત ગ્રંથકારોએ તુરત મને તજી દીધો. વિદ્વાન્ મંડળમાં મારી જે શાખ પડી હતી તેને ઘણો ધોકો પહોંચાડયો. દરેક ગ્રન્થકાર એમજ ધારતો કે તેનો ગ્રંથ અમુક દિવસે પ્રસિદ્ધ થવાપરજ યુરોપની અરે આખી દુનિયાની ઉન્નતિનો આધાર હતો; પણ હું તો એમજ ધારતો કે કર નાંખવાની મારી નવી યુક્તિ સાથે સરખાવતાં તેઓના ગ્રન્થ કુંજર આગળ કીડી અને મેરૂ આગળ તૃણ સમાન છે. આટલાજ માટે મેં તેઓનાં કામ **મુલતવી** રાખ્યાં અને મારી નવી યુક્તિમાં મંડયો રહ્યા.

મને કહેવાને ગર્વ અને ખુશી ઉપજે છે કે મેં ખોળી કાઢેલા સઘળા કર પ્રસન્ન પડયા, અમલમાં મુકાયા, અને તેથી સરકારને પુષ્કળ વસુલાત થઈ. પણ પશ્ચાત્તાપથી કહેવું પડે છે કે પ્રત્યક્ષ યા પરોક્ષ કોઇપણ રીતે મારી મહેનતને માટે પૈસા સંબંધી બદલો મને મળ્યો નહીં; પણ તેનું માન અને બદલો એક ખંધો માણસ લેઇ ગયો. જો મેં મારો અસ્ત્રો ઘસી રાખવાનું* આગલે દિવસે **મુલતવી** રાખ્યું ન હોત તો આમ બનત નહિ. મારી કટેવના આ એક નજીવા બનાવને મારી જીંદગીની એક મોટામાં મોટી નિરાશાનું મૂળ ગણવું પડે છે ! ! ! મેં જે કરખોળી કાઢયા હતા તે મારી પેહેલાં તેણે ખોળી કાઢયા છે એવું પેલો ખંધો માણસ કહેતો હતો; તેથી અમુક દિવસે અમને બંનેને સવારના બરોબર દશ વાગતાં મારા આશ્રય આપનારને ત્યાં મળવાનું ઠરાવ્યું હતું. મારો સામાવાળીઓ નિયમસર ત્યાં હાજર થયો, પણ હું અસ્ત્રો ઘસવા રહ્યો તેથી ફક્ત અડધો કલાક મોડો ગયો. મારા જતાં પેહેલાં પેલાના હક ખરા ઠર્યા હતા

---

*એ લોકોમાં કેટલાક પોતાના હાથે હજામતના ચહેર કાઢે છે અને અસ્ત્રા વગેરે પોતાને હાથે જ ઘસીને તૈયાર કરે છે.

અને મારા હક રદ્દ કર્યાં હતા; કારણ કે મારા તરફની કાંઇ પણ સાબેતી આપવાને હું ત્યાં હાજર નહોતો. હું ઠરાવેલે ઠેકાણે ગયો કે તરતજ દ્વારપાળે મને અંદર જતો અટકાવ્યો અને બારણું બંધ કર્યું. આવી રીતે કર સંબંધી મારી મોટી મોટી આશાઓનો પાણીના પરપોટાની માફક એકદમ અન્ત આવ્યો !!;

પછી હું ઘેર ગયો અને મારા કમનશીબપર રડવા માટે બારણાં બંધ કરી મેડાપરના એક ઓરડામાં બેઠો; પણ ઘણીવાર સૂધી હું એ સ્થિતિમાં રહ્યો નહીં હોઉં, તેટલામાં મારો ચાકર ઉપર આવી મને કહેવા લાગ્યો કે 'કોઇ ગુસ્સે થયેલો ગ્રન્થકાર તમને નીચે બોલાવે છે, અને એમને જોયા વગર હું જવાનો નથી' એમ કહે છે. ગુસ્સે થયેલા સર્વ ગ્રન્થકારોમાં આ હમણાં આવેલો ગ્રન્થકાર ઘણોજ તામસી હતો. તે કાંઇક અક્કલ અને વિદ્વતાવાળો માણસ હતો. પણ ઘણો દંભી અને ખારીલો હતો. તે ગરીબ હતો પણ તાલેવન્તની સાથે રહેતો હતો, અને તેનામાં અપમાન ગ્રહણ કરવાની શક્તિ અને ગર્વ એ બંને સરખાં હતાં. મારે ત્યાં એ "થેમેટગેસ" અગર "કૌતુકદર્શી" એ નામથી ઓળખાતો હતો; કારણ કે એવા નામનો ગ્રન્થ તેણે મારે ત્યાં મોકલ્યો હતો. અઠવાડિયામાં બે ત્રણ વખત તેના કાગળ આવતા; તેમાં તે પૂછતો કે મારૂં પુસ્તક ક્યારે બહાર પાડવાનું છે? પરંતુ કમનશીબે આ કિમતી પુસ્તક મેં ક્યાં મૂક્યું હતું તે મને માલુમ નહોતું. આવી હકીકત સાથે એક ગ્રન્થકારને મળવું એ ખરેખર તોપના ગોળા સામે ઉભા રહેવા જેવું હતું; તથાપિ કાંઇ પણ બ્હાનું ગોઠવી કાઢ્યા વિના હું તો નિચે ઉતરી આવ્યો.

અગર જો તે ગુસ્સે થયેલો હતો તો પણ પોતાનો ગુસ્સો

દબાવી રાખીને બોલ્યો કે, " સાહેબજી, તમે મારૂં પુસ્તક છપાવવાનું દુરસ્ત ધારતા નથી એમ જણાય છે માટે મહેરબાની કરીને મને તે પાછું આપો." હું વચ્ચે બોલી ઉઠયો કે " માફ કરો મહેરબાન, આવતી વસંત ઋતુમાં તે બહાર પડશે." તેણે કહ્યું " અરે ! વસન્તઋતુ ! વસંતઋતુની તો વાતજ કરશો નહિ. તમે પ્રથમ મને કહ્યું હતું કે નાતાલમાં બહાર પડશે. મારી સાથે તમારે આ પ્રમાણે વર્તવું છે કે ?" મેં કહ્યું, " માફ કરો મહેરબાન, તમારી સાથે તેમજ દુનિયાની સાથે હું ઘણીજ ખરાબ રીતે વર્ત્યો છું; પણ કામના ઘોંટાળા શિવાય બીજું કાંઇ કારણ નથી."

પેલો ગ્રંથકાર ધીમે ધીમે પાછો ગુસ્સે થઇને બોલ્યો કે " બેસિલ સાહેબ ! જરા સાંભળો. હું અત્રે નજીવાં બહાનાં સાંભળવા આવ્યો નથી. તમે મારી સાથે ખરાબ રીતે વર્ત્યાછો તે હું સારી પેઠે જાણુંછું અને દુનિયા પણ જાણશે. મારા શત્રુઓના મનસુબા હું સમજી ગયોછું. અને તર્કટી મંડળીઓ કોઇ પણ રીતે મારી સામે ફતેહ પામશે નહિ. " કૌતુકદર્શી " અંધારામાં પડયું રહેવાનું નથી, પણ અજવાળામાં આવશેજ. ગમે તેટલી અદેખાઇ ચાલતી હશે તોપણ એને ન્યાય મળશેજ. સાહેબજી, મને મારૂ પુસ્તક આપો." મેં કહ્યું " મહેરબાન, હું તમને આવતી કાલે તમારૂં પુસ્તક મોકલાવીશ." તેણે કહ્યું " મારી પાસે કાલ નહિ ચાલે; આખા વર્ષથી એમજ કહ્યા કરોછો કે કાલ થશે કાલ થશે. મારૂં પુસ્તક હું આજેજ લઇશ. કૌતુકદર્શી લીધા શિવાય હું અહીંઆંથી એક તસુ પણ ખસવાનો નથી."

આવી રીતે હું સપડાયો ત્યારે મારે ખરેખરૂં કહેવું પડયું કે " હાલ મને એ પુસ્તક જડી શકે તેમ નથી. પણ હમણાંજ હું આખું ઘર ખોળુંછું." આ વખતે એ ગ્રંથકારે મારા તરફ જે તિરસ્કાર બતાવ્યો તે અવર્ણનીય

છે. હું તરતજ ઘરમાં ખોળવાને ગયો અને એ પણ મારી પાછળ પાછળ આવ્યો. પેટી પટારા વગેરે જ્યાં જ્યાં એનું પુસ્તક હું ખોળતો હતો ત્યાં ત્યાં તે નળની પાછળ કળિયુગની માફક મારી પાસે ઉભો રહ્યો હતો. જ્યારે કાંઈ પણ પત્તો લાગ્યો નહિ ત્યારે તેણે મને કહ્યું કે " મારી પાસે એની બીજી પ્રત નથી, અને એક બીજા પુસ્તક વેચનારે એના મને રૂા. ૫૦૦૦)નું આપવા કહ્યું હતું, પણ મેં તો એથી બમણા રૂપિઆ મળે તોપણ તે આપવાની ના કહી હતી. " જ્યારે તે ગ્રંથકાર મારા ઘરમાંથી નિકળ્યો ત્યારે કહેતો ગયો કે " હવે પરિણામ શું થાય છે તે જોઇ લેજો. "

ખરૂં કહેવરાવો તો એ પુસ્તક ખોવાયુંજ હતું. એને મેં કયે ખજાને નાંખ્યું છે તે સંભારી કાઢવાને મેં જે મહેનત કરી તે વ્યર્થજ હતી. હું ફક્ત એટલુંજ સંભારી શક્યો કે એક અઠવાડીઆ સૂધી તેને મેં મારા ડગલાના ગજવામાં રાખી મૂક્યું હતું. દરરોજ હું એમ ધારતો હતો કે **આવતીકાલે** એને ઠેકાણે મૂકીશ અને એજ ડગલો પહેરીને હું કેટલીકવાર 'માઉન્ટ' નામના કાવા ખાનામાં ગયો હતો. આટલી વાત મને યાદ આવી પણ તે કશી કામની નહોતી.

પેલા ખીજવાયલા ગ્રંથકારે તેના પુસ્તકની નુકશાની બદલ રૂ. ૮૪૦૦) નો મારાપર સરકારમાં દાવો બાંધ્યો. લંડનના બધા પુસ્તક વેચનારા અને ગ્રંથકર્ત્તાઓને આ મુકર્દમો ઘણો રસભર્યો થઈ પડયો હતો. તેથી નીમેલે દિવસે કચેરીનો વખત થયા પહેલાં હજારો માણસ મારા મુકર્દમાની હકીકત સાંભળવા કોર્ટમાં આવ્યા હતા. ×વાદીના લાગતા વળગતા તવંગર ગૃહસ્થો કચેરીમાં આવી

× દાવો કરનાર વાદી કહેવાય છે અને જેના ઉપર દાવો કર્યો હોય તે પ્રતિવાદી કહેવાય છે.

પાટલીઓપર બેઠા, અને કેટલાક એના દુશ્મનો થોમેટર-ગોસને નિંદવા તથા હસી કાઢવાની મને સલાહ આપવા લાગ્યા. મને ઘણી આશા હતી કે દાવો મારા લાભમાં સુ-કશે, કારણ કે વાદીનો જે વકીલ હતો તે ઇટનની શાળામાં મારી સાથે ભણનારો હતો. જે જોન્સને હું મહેનતુ ઢોર કહેતો હતો તેજ જોન્સ વાદીનો વકીલ હતો. આ મહેનતુ ઢોર આટલે દરજ્જે શી રીતે ચઢયો, અને એણે સ્વભાવિક તીવ્રબુદ્ધિની ખોટ ફક્ત મહેનતથીજ શી રીતે પૂરી પાડી તે હું સમજી શકતો નથી. અગર જો કે આખરે દાવો મારા ગેરલાભમાં ચૂક્યો અને મને નુકશાન થયું, તોપણ મારે કહેવું જોઇએ કે જોન્સે પોતાના અસીલનો કેસ ઘ-ણીજ કાબેલીયતથી ચલાવ્યો. મારે રૂ. ૫૦૦૦) અને દાવાનું ખર્ચ ભરવું પડ્યું. માત્ર એક કાગળની ચોપડી મૂકવાનું મુલતવી રાખવા માટે ૫૦૦૦ રૂપિઆનો ધોકો! મુળાના ચોરને મુશકાનો માર ! ! ગુનાના પ્રમાણમાં દંડ ઘણો હતો તેથી દરેક આદમીને મારી દયા આવી; પણ મારા ગયેલા રૂપિઆને માટે તેમની દયાથી કાંઈ દિલાસો મળે તેમ નહોતું.

પ્રકરણ ૫ મું.

જ્યાં નિર્ણય અને દૃઢતાની ખામી છે ત્યાં તીવ્રબુદ્ધિ કાંઇ પણ ઉપયોગ નથી.

આ મુકર્દમો ઘણાંખરાં વર્તમાનપત્રોમાં પ્રગટ થયો. મારા કાકા લૉવેએ તે વાંચ્યો અને મારા તરફના એના સારા વિચારપર હમેશને માટે પાણી ફરી વળ્યું. લ્યુસિ ઠપકાનો કે ફરિયાદનો એકે શબ્દ બોલી નહિ; પણ એક કોળીએ લાડુ ખાઈ તવંગર થવા જેવી ધારણાઓ દૂર કરવા અને એક મનથી મારા કામ પાછળ મંડવા મને સમજા-

વવાને પોતાની સઘળી શક્તિ વાપરવા લાગી. જો કે મને લાગેલી બાધ ઘણી ભારે હતી તોપણ તે વાળી શકાય એવી હતી. પુષ્કળ ગાળો અને ઠપકાના વરસાદથી મારા મનપર જે અસર થાત તેના કરતાં મારી સ્ત્રીની મમતાથી વધારે અસર થઇ. પરંતુ ચ જીત કટેવની આગળ મમતા, પ્યાર, અને સારામાં સારા ઠરાવો શી ગણત્રીમાં છે ? હું સરકાર વિરૂદ્ધ એક ચોપાનિયું લખતો હતો તે પૂરૂં થતા સુધી મારા ધંધામાં મન ઘાલવાનું મેં મુલતવી રાખ્યું. આ ચોપાનિયા માટે મારા મિત્રો તથા ટીકાકારો એમ કહેતા કે તે ઘણું લોકપ્રિય થઇ પડશે. સામી ટોળીના સઘળા માણસો તમારી દુકાનના ગ્રાહક થશે, અને તેથી તમને ઘણા પૈસા મળશે. એ ચોપાનિયું ફતેહમંદ નીવડ્યું, શ્રેષ્ઠ રીતે તેનાં વખાણ થયાં, તેમ તેના દુર્ગુણનાં બાંગાં પણ ફુંકાયાં. વર્તમાનપત્રોમાં જવાબ આવવા લાગ્યા અને વળી તેના રદિયા મારે આપવા પડતા. વખત તો પવનની પેઠે વહી જવા લાગ્યો અને લોકો તરફથી જેમ જેમ મને માન મળતું ગયું તેમ તેમ પૈસા તરફથી હું ખરાબખસ્ત થતો ગયો. "દેવાળિયાની છાપ" મારે માથે ઢળી પડવાનો લાગ જોયા કરતી હતી. મારાં ચોપાનિયાં મેં એકદમ બંધ કર્યાં અને ભય તથા ગભરાટથી ઘણોજ મોડો મારા કામ પાછળ જોવા લાગ્યો. આ વખતે મેં પુષ્કળ પ્રયત્ન કર્યો. **મુલતવી રાખવાની** કટેવને કાઢી નાંખવાને મેં ધમપછાડા કર્યા. મનના ગભરાટને લીધે મારાથી કંઇ પણ કામ સારૂં થઇ શકતું નહિ. જે જે કામ કરવાનું આવતું તે બીજાં હજારો કરવાનાં કામની સાથે સરખાવતાં દમ વગરનું માલુમ પડતું. જે કાગળ હું લખતો અથવા જે હિસાબ હું નક્કી કરતો તેના જેવા બીજા ઘણા પડી રહ્યા હતા અને તે સઘળાનો જલદી નિકાલ કરવાની એક સરખી અગત્ય હતી. આખરે હું હિંમત હારી ગયો અને નિરા-

શાથી મેં મારૂં કામ છોડી દીધું. નાદારના લીસ્ટમાં મારૂં નામ દાખલ કરવામાં આવ્યું. મારો સઘળો સરસામાન જપ્ત કરાયો, અને મને દીવાની કેદમાં લેઈ જવામાં આવ્યો.

મારી સ્ત્રીના સંબંધીઓએ આ વખતે મને મદદ કરવાને સાફ ના પાડી પણ તેના પિતાએ એને તથા એના છોકરાને પોતાને ત્યાં રાખવાની ખૂશી દેખાડી; પરન્તુ એવી શરતથી કે તેણે મારાથી હમેશને માટે જૂદાં પડવું અને બાકીની જીંદગી તેના પીયરમાંજ પૂરી કરવી. પરંતુ આ વિષે તેણે (લ્યુસીએ) ચોખ્ખી ના પાડી. ના કહેતી વખતની તેની રીતભાત હું કોઇ પણ દિવસ ભૂલવાનો નથી. તેનો ખરો સ્વભાવ વિપત્તિરૂપી કસોટીથી જણાયો. જેમ બીજી સ્ત્રીઓ સુખનીજ સાથી હોય છે અને દુઃખની વખતે પોતાના પતિને—પોતાના માથાના મુકુટને તજી દેઈ, નિર્દય-પણે ચાલી જાય છે તેમ તેણે કર્યું નહિ. તે પૈસાની અને આબરૂની સગી નહોતી; પણ મારા દેહ, પ્રાણ તથા શુદ્ધ પ્રેમની સગી હતી. સ્ત્રીજાતિનું સ્વાભાવિક અસિલપણું તથા કોમળતા તેનામાં હતાં. તેની સાથે ઘણા પુરૂષોમાં પણ ભાગ્યેજ દેખાતા હિંમત અને ધીરજ જેવા મર્દાનીગુણો તેનામાં હતા. તે મારી સાથે કેદખાનામાં આવી રહી. અને ત્યાં હજાર પ્રકારે મમતા બતાવી મને ખુશી રાખતી. જે બંધીખાનાને મેં મારૂં જન્મ સૂધીનું રહેઠાણ ગણ્યું હતું, તેમાં દોઢ વર્ષ સૂધી અમારે રહેવું પડયું. એટલી મુદ્દતમાં કદી પણ તેણે શબ્દથી અથવા ચેષ્ટાથી મને એમ જણાવ્યું નથી કે આ સઘળા દુઃખનું કારણ હું (બેસીલ) છું. ઉલટું સ્ત્રીજાતિમાં રહેલાં સ્વાભાવિક વહાલ તથા મમતા બતાવીને એ સંબંધનો કાંઈ પણ ખ્યાલ મારા અન્તઃકર-ણમાં ના આવે તેવુંજ તે રાખતી. આ બનાવ બન્યાને જો કે ઘણો વખત થઇ ગયો છે તોપણ તે યાદ લાવતી વખતે

હર્ષશોકનાં આંસુ પાડયા વગર મારાથી રહેવાતું નથી.

અરેરે! કેવા પ્રકારની ઉત્તમ અને પતિભક્તિપરાયણ સ્ત્રીને મેં દુઃખ દરિયામાં ઝીકી હતી!! આ વખતે મેં એને જેવી ખુશબખ્તીમાં તથા કરૂણાર્દ્ર જોઇ, તેવી અમારૂં લગ્ન થયું તે મહિનામાં પણ જોઇ નહોતી. તે મને તથા છોકરાને પોતાના પ્રાણ ગણતી. છોકરો તેને ઘણોજ વહાલો હતો. આ વખતે તે ચાર વર્ષનો થયો હતો, ચાલતો હતો, અને કાલું કાલું બોલતો હતો. તેનું વિનોદી લાડ, વિચારશુન્ય મોજીલાપણું, અને તેના "ગરીબ બાપા" માટે વખતે વખત તેના મોઢામાંથી નીકળતા દયાજનક શબ્દો, એ અન્તઃકરણને ભેદી નાંખતા હતા. પરંતુ અપશોચ! એણે ભાગ્યેજ વર્ત્યું હશે કે—* . * * * *

આ વખતે કંઇ પણ ભવિષ્ય ભાખ્યાવગર મારે મારી વાત આગળ ચલાવવી જોઇએ. મારી પાસે માગનારાઓમાં મિ. **નન** નામે એક કાગળ બનાવનાર હતો. ઘણી વાર મારી સાથે સંબંધમાં આવ્યાને લીધે મારા તથા મારી સ્ત્રીનો સ્વભાવથી તે વાકેફ હતો. તે મારી સ્ત્રીની પ્રશંસા કરતો અને મારી દયા ખાતો. તે બે પૈસાના જીવવાળો હતો અને પોતાનાથી બને તેટલું સારૂં કામ કરવામાં ખુશી માનતો. કેદખાનામાં એક દિવસ સવારે લ્યુસિ ઘણા આનંદમય ચહેરાથી મારી ઓરડીમાં ધસી આવી અને મને કહેવા લાગી કે, પ્રિયતમ! મિ. **નન** તમને જોવાની ઇચ્છાથી નીચે નાટ જોઇ ઉભા છે. પણ કહેછે કે પ્રથમ મારે તમને ખૂશ ખબર કહેવી અને પછી તમારે તેમને મળવું એ ખૂશ ખબર એ છે કે તેમણે આપણા સઘળા માગનારાઓને એકઠા કરી તેમના લેણા પૈસા ચૂકવી આપી તમને આજ છૂટા કર્યા છે!!!

આ હકીકત સાંભળી મારા શરીરમાં ઉપકાર અને

આનંદ વ્યાપી રહ્યાં. અમને કેદખાનામાંથી લેઈ જવા સારૂ અમારો એ દયાળુ મિત્ર એક ગાડી લેઇને ઉભો હતો જ્યારે હું એનો ઉપકાર માનવા લાગ્યો ત્યારે તેણે મને એકદમ તેમ કરતાં અટકાવ્યો અને કહ્યું "તમે મારા બિલકુલ આભારી નથી. કારણ કે તમે જો કે એક નકામા આદમી હોત તોપણ તમારી સ્ત્રીની ખાતર હું તમારા તરફ આ પ્રમાણે વર્ત્યો હોત." પોતાની સ્ત્રી શિવાયની બીજી સઘળી સ્ત્રીઓ કરતાં મારી સ્ત્રીને તે સારામાં સારી (રહેણીકરણીમાં) ગણતો હતો.

તેણે શી રીતે મને છોડવવાની ગોઠવણ કરી હતી, તથા બંધીખાનામાંથી છૂટયા પછી તરતજ મારૂં ગુજરાન ચલાવવા માટે થોડાક પૈસા પણ મારા માગનારાઓ પાસેથી શી રીતે કઢાવ્યા હતા, તેનો બધો હેવાલ તેણે મને કહેવા માંડયો. સૌથી ભારે રકમ તે પોતે મારી પાસે માગતો હતો. તેનો ત્રીજો ભાગ તેણે છૂટ મૂકી હતી. મારે ઘેર તાળું વાસેલું હતું તેથી જમવા સારૂ બારોબાર અમને પોતાને ઘેર લઈ જવાનો તેણે આગ્રહ કર્યો. તેણે કહ્યું કે મારી સ્ત્રીએ ઘણી સારી રસોઇ તૈયાર કરી છે, અને બીજા કોઈ મિત્રો પણ આવનાર નથી. અમે તે કબુલ કર્યું. જે ભોજન એને ત્યાં અમે જમ્યા તે ઘણુંજ મનપ્રસન્ન હતું. જેવી રૂચીથી એ ભોજન મેં ખાધું તેવી રૂચીથી ફરીથી કોઈ પણ દિવસ કશું હું જમ્યો નથી. અને જેવી પ્રીતિથી એ ખોરાક અમને ત્યાં પીરસવામાં આવ્યો તેવી પ્રીતિથી પીરસેલો ખોરાક કદિ પણ અમને મળ્યો હોય એવું મને લાગતું નથી. આ ભોજનને માટે મને હમેશાં વિચાર આવતો. જે માણસોને ખાણાની જરૂર નથી હોતી તેવાઓને ઉમદા ભોજન આપનાર મોટા માણસના ભભકાની સાથે આ સાદા માણસની પરોણાગત હું સરખાવતો. નજીવાં ગણાતાં તથા મહત્વના કામમાં પણ તે ઘણો ઉદાર હતો; પણ સાધારણ

સ્થિતિના માણુસોનાં ઉદાર કામ અંધારામાંજ પડયાં રહે છે. પૈસાદાર મનુષ્યો પોતાની કીર્તિ થવા માટે જે ખર્ચ કરે છે તેવો ખર્ચ તેઓ કરતા નથી. તેઓ પોતાના જાતિભાઇઓના ખરા હિતને સારૂજ એમ વર્તે છે અને તેનો બદલો તેમનું અંતઃકરણજ આપે છે.

એક વખતે હું મિ. નનની વખારમાં ફરતાં ફરતાં ઉપલા વિષયપર કંઇ લખવાનું વિચારતો હતો, અને એ કવિતારૂપે "પ્રશંસાની ઇચ્છા રાખનારનું પ્રશંસારૂપે ગાયન" એવા નામનું લખવું કે "હાલના મુકાબલા" એવા નામથી ગદ્યમાં લખવું એ વિષે મેં નિશ્ચય પણ નહોતો કર્યો, એટલામાં મારી સ્ત્રીએ મને મારા એ ધ્યાનમાંથી જાગૃત કર્યો, અને "ઇઝકીલ ક્રોફટ, ફિલાડેલ્ફિયાનો વેપારી" એવા નામવાળી એક બેગી તરફ આંગળી કરી કહ્યું કે "એ માણુસ મારા મોસાળ તરફથી નિકટનો સગો થાય છે." આ સાંભળી મિ. નને કહ્યું કે ખરેખર જો એ તમારો સગો હોય તો એને માટે તમારે શરમાવું પડે તેમ નથી. પણ ઉલટું મગરૂર થવાનું છે. કારણ કે તે ફિલાડેલ્ફિયાનો એક મોટો માનવંતો વેપારી છે. લ્યુસિએ કહ્યું "૭ વર્ષપર જ્યારે એણે ઈંગ્લાંડ છોડયું ત્યારે તે એટલો બધો તાલેવંત નહોતો." મિ. નને કહ્યું કે "પણ હાલ એની પાસે ઘણો પૈસો છે." પછી હું બોલ્યો કે "૭ વર્ષમાં એણે એટલો બધો પૈસો મેળવ્યો છે ? !" પ્યારી લ્યુસિ, મને માલૂમ નહોતું કે અમેરિકામાં તારે આવું ઓળખાણ હશે. હું ત્યાં જવાને ઘણોજ ઈન્તેજાર છું, " લ્યુસિએ કહ્યું, "શું મિત્રોથી એટલે બધે દૂર ?" મેં કહ્યું કેદમાં જઇ આવ્યા પછી તેમને મોં બતાવતાં હું શરમાઉં છું, તેમજ દેવાળીયાને ભાઇબંધ હોતા નથી; તેથી સરસમાં સરસ રસ્તો એજ છે કે મારે દુનિયાના બીજા ભાગમાં જવું અને ત્યાં નવી શાખ પાડી નવેસરથી પૈસા

પેદા કરવા. કારણ કે આપણામાં કહેવત છે કે 'ફરે તે ચરે ને બાંધ્યું ભૂખે મરે.' વળી કહ્યું છે કે '**आस्ते भग आसीनस्योर्ध्व स्तिष्ठति तिष्ठतः ॥ शेते निपद्यमानस्य चराति चरतो मगः ॥** બેસી રહેનારનું નશીબ બેસી રહે છે, ઉભેલાનું ઉભું રહે છે, સુનારનું નશીબ સુતેલું છે અને જે ફરે છે તેનું નશીબ પણ ચાલતુંજ છે ? માટે મારે ત્યાં જઇ નસીબ અજમાવવું" **મિ. નને** કહ્યું "આપણે ભૂલી જવું ના જોઇએ કે અહીંઆ તથા દુનિયાના બીજા ભાગમાં શાખ અને ધન એકજ સાધનથી મળે છે. વધારે કહું છું તેથી માફ કરશો કે કોઇ પણ માણસમાં જે કટેવ દુનિયાના એક ભાગમાં હોય છે તે કટેવ બીજા ભાગમાં રહેછેજ."

આ વખતે મને **ચીન**ની મુસાફરી યાદ આવી, અને **મિ. નને** કહ્યું તે અક્ષરે અક્ષર ખરૂં લાગ્યું; પરંતુ **અમેરિકા** જવાનો મારો વિચાર દૃઢ થઇ ચુકયો હતો. મારી ધારણામાં ફતેહમંદ થવાની મને ઘણી વકી લાગી, અને મારાં મનમાં ખાત્રી થઈ હતી કે હવે પછી હું મારી કટેવમાં નહિ પડું; તેથી મારા વિચાર ફેરવી શકાય તેમ નહોતું. **હ્યુસિએ** મારી સાથે આવવાને હા કહી. મારી ખાસ ભલામણથી એણે એક અઠવાડિયું તેના માતાપિતા અને મિત્રો સાથે ગાળ્યું. એ લોકોએ પોતાથી બને તેટલું સમજાવી તેને કહ્યું કે, **બેસિલની** ગેરહાજરીમાં અમારાથી બનશે તેટલી તારી તથા છોકરાની સંભાળ રાખીશું. પણ તેણે તો મારી સાથે આવવાનો દૃઢ આગ્રહ બતાવ્યો. **ચીન** જતી વખતની માફક આ વખતે હું વહાણપર મોડો નહોતો ગયો; કારણ કે ખોવાય તેટલો સામાન મારી પાસે નહોતો, અને જે હતો તેની સભાળ હ્યુસીએ રાખી હતી.

એક હજાર રૂપિયા જેટલી જૂજ રકમ સાથે હું **ફિલાડેલ્ફિયા** પહોંચ્યો; પણ અમેરિકામાં ઘણા માણસો જૂજ રકમથી મોટા પૈસાદાર થયા છે. **મિ. ક્રોફટ** જે મારી

સ્ત્રીનો કાંઇ સગો થતો હતો તેણે જ્યારે ઇંગ્લાંડ છોડયું ત્યારે એની પાસે મારા જેટલા પણ પૈસા નહોતા. મારા વહાણમાંના ઉતારૂઓમાંથી ઘણા પાસે મારાથી અર્ધી પણ રકમ નહોતી. કેટલાક તો તદ્દન ગરીબજ હતા. મારા વહાણમાં બાર્ની નામે એક આઇરિશ માણસ હતો. તે પોતાના સગાસહિત કાપણી વખતે હમેશની માફક ઇંગ્લાંડ આવ્યો હતો. કારણ કે આયર્લાન્ડ કરતાં ઇંગ્લાંડમાં તેમને રોજ (દરરોજની મજુરી) ઘણી મળે છે. પણ ઇંગ્લાંડમાં તેણે સાંભળ્યું કે અમેરિકામાં એ કરતાં પણ વધારે રોજ મળે છે. તેથી પોતે અઢાર અને વીશ વર્ષના બે છોકરા સહિત પોતાના ફિલાડેલ્ફિયા આવવાને માટે વહાણમાં બેઠો હતો. તે એક આનંદી જીવડો હતો. વહાણના તૂતક ઉપર તે એટલું તો ગાતો, અને તેના દેશના તાલસૂર એવી સરસ રીતે મોઢેથી બજાવતો કે એ માણસની જીંદગી દુઃખથી ભરેલી છે એમ મેં કદી પણ નહોતું ધાર્યું. જ્યારે અમે વહાણમાંથી ઉતરીને જતા હતા ત્યારે એને રડતો જોઇ મને ઘણી અજાયબી લાગી. એ સંબંધી કારણ પૂછતાં તેણે મને જણાવ્યું કે "હું મારે માટે રડતો નથી પણ મારા છોકરાઓ માટે રડું છું. કારણ કે તેઓને હકમાં રાખ્યા છે, એટલે જ્યાં સુધી એમના ભાડાના પૈસા આપવામાં નહિ આવે ત્યાં સુધી એમને વહાણમાં રાખી મજુરી કરાવશે." ભાડાને માટે પોતાની પાસે કંઇ પણ રાખ્યા શિવાય વહાણમાં બેસવાનો વિચાર તેણે શી રીતે કર્યો હશે એ વિષે મને આશ્ચર્ય લાગ્યું; તો પણ એવા ગરીબ માણસનું ભાડું વહાણના માલિકને ચુકાવી આપ્યા શિવાય મારાથી રહેવાયું નહિ. જેવા છોકરા છૂટયા તેવોજ તે ઘણી ઝડપથી ઘુંટણીએ પડયો, અને બે હાથ ઉંચા કરી પ્રથમ આઇરિશ ભાષામાં ઇશ્વરની બંદગી કરી, અને ત્યારબાદ જુસ્સાભેર અંગ્રેજીમાં નીચે પ્રમાણે

પ્રાર્થના કરી " એ (બેસિલ) અને એના માણસો કદી પણ તંગીમાં આવી પડે નહિ; એ મારાપર અમલ કરવાને ઘણાં વર્ષ જીવે; એ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં એને માન મળે અને તે ફતેહમંદ થાય તથા હમેશને માટે એ કીર્તિમાં રહે. " મારા મગજમાં અંગ્રેજી પવન ભરાયલો હતો. ચુપકીથી ઉપકાર માનવો એ સારૂં છે એમ હું સમજતો હતો; તેથી એના છટાદાર બોલવા તરફ મને કંટાળો આવ્યો. હું તોછડાઇથી પાછો ફર્યો, અને જે હોડી અમને કિનારે લેઇ જવાને ઉભી હતી તેમાં જઇને બેઠો. જ્યારે અમારી હોડી ચાલતી હતી ત્યારે મેં મારી સ્ત્રી તથા છોકરા સામું જોયું, અને તેઓના સુખનો ભોગ આપી હું ઉપકાર કરવાને લલચાયો એમ ધારી મેં પોતાનેજ ઠપકો દીધો.

મિ. ક્રોફર્ટે મારી સ્ત્રીના ધારવા કરતાં વધારે અને મારા ધારવા કરતાં ઓછો આદરસત્કાર કર્યો. તેના ચહેરાપરથી જણાતું હતું કે તે " પૂરો વાણિયો " છે, તેની રીતભાત નિયમસર હતી. તેની આંખ કહી આપતી હતી કે તે ચોકસ છે. દરેક કામમાં તે ડહાપણ વાપરતો. પહેલાં અડધો કલાક અમારે જે વાતચિત થઇ તેમાં એણે ખાત્રી કરી આપી કે પ્રમાણિક તથા નિરાભિમાનીની જે શાખ એણે મેળવી હતી તેને એ લાયકજ હતો. તેના વિચારો સ્પષ્ટ અને ન્યાયી હતા. અને પોતાના કામને તરતજ લાગુ પડે એવા વિષયમાં ગુંથાયલા હતા. તેના મનની લાગણી તરફ વિચાર કરતાં તેનામાં કાંઈ સામાન્ય લોકહિતેચ્છા જણાતી નહોતી: પરંતુ પોતાના આડોશીપાડોશી તરફ પોતાની શી ફરજ છે તે ઉંડો ભાવાર્થ સમજ્યા વિના જાણતો હતો. કોઇ પણ તરેહના મનના ઉમળકાને લીધે નહિ પરંતુ કોઈ પણ કારણને લીધેજ પ્રસન્ન અગર કાંઇ સારાં કામ કરવા તરફ એનું વલણ હોય એમ જણાતું હતું. મેં એમ ધાર્યું કે મારે એને માન આપવું પણ કદી તેનાપર

પ્રીતિ રાખવી નહિ; અને એ મને કદી માન પણ નહિ આપે તેમ કદી ચહાશે પણ નહિ. કારણ કે જે સદ્દગુણને માટે તેને મોટામાં મોટું માન મળતું હતું તેજ સદ્દગુણમાં આપણે છેક પછાડી પડ્યા હતા. તે સદ્દગુણ "નિયમિતપણા" નો હતો.

મારે એની સાથે પ્રથમ જે વાત થઇ તે હું અત્રે બનતા સુધી અક્ષરે અક્ષર ટાંકીશ. તેમ કરવાથી એની ચાલનો મારા વર્ણન કરવા કરતાં વધારે સારો ખ્યાલ આવશે. **મિ. નન**નો ભલામણ પત્ર મેં એને આપ્યો, અને કહ્યું કે સારા નશીબે મારી સ્ત્રીને તમારી સાથે કાંઈ સગપણ છે. તેણે **મિ. નન**નો કાગળ ઘણીજ ધીમાશથી વાંચ્યો. મેં નિશ્ચય કર્યો હતો કે હું કોણ હતો અને શો ધંધો કરતો હતો, તે વિષે એને બિલકુલ વિચારમાં રહેવા દેવો નહિ, તેથી મારી બીના મેં એને ટુંકામાં કહી. તેણે મારી વાત એક ચિત્તથી સાંભળી અને જ્યારે હું વાત પૂરી કરી રહ્યા ત્યારે તેણે કહ્યું કે "અમેરિકામાં આવી તમે શું કરવાનો વિચાર રાખો છો તે હજુ સુધી તમે મને કહ્યું નથી." મેં જવાબ આપ્યો કે "હજુ એને માટે મેં કાંઇ પણ નિર્ણય કર્યો નથી." તેણે કહ્યું કે "ભવિષ્યને માટે કાંઇ પણ વિચાર કર્યા વગર તમે ઇંગ્લાંડ નહિ છોડયું હોય. તમે કયે ધંધે વળગવાનું નક્કી કર્યું છે? એ સવાલનો જવાબ દેવા તમને કાંઈ હરકત નથી." મેં જવાબ આપ્યો કે "મેં એ વિષે કાંઇ નક્કી કર્યું નથી અને વખત પ્રમાણે ચલાવાનો ઇરાદો રાખ્યો છે." તેણે કહ્યું "વખત પ્રમાણે! મહેરબાની કરીને મને વધારે ખુલાસાથી સમજાવશો? કારણ કે તમે શા વખત પ્રમાણે વર્તવાનો ઇરાદો રાખ્યો છે તે હું બરોબર સમજી શકતો નથી. તેની સમજણશક્તિ આવી મંદ જોઇને હું તેના-પર ચીડાયો. પણ સમજાવવાની ફરજ પડી ત્યારે મને

માલૂમ પડયું કે એમ કહેવાની મારી મૂળ મતલબ શી છે તે હું પણ સમજી શકતો નથી. આથી મેં મારૂં કહેવું ફેરવી નાંખ્યું અને કચવાતે મને કહ્યું કે " આ દેશનો હું તદન બીનમાહિતગાર છું તેથી કોઈ માહિતગાર પુરૂષની સલાહ પ્રમાણે ચાલવાની મારી ઇચ્છા છે. આ દેશના તમે સારા માહિતગાર છો તેથી તમારીજ સલાહ પ્રમાણે ચાલવાની હું રજા લઉં છું. " ઘણીવાર સૂધી વિચાર કરીને તેણે મને કહ્યું કે " સલાહ આપવી એ કામ ઘણું જોખમ ભરેલું છે પણ તમારી સ્ત્રી મારી સગી છે અને સગાંને મદદ કરવી એ એક હું ફરજ સમજું છું, તેથી મારાથી બનશે તેટલી સલાહ હું આપીશ. " મેં તરતજ નમન કર્યું અને તેની આ રીતભાતથી મારા શરીરમાં પરસેવો છુટયો હોય એમ લાગ્યું. તેણે કહ્યું કે " એકલી સલાહ નહિ પરન્તુ મદદ આપીશ, પણ તે વિચારનીજ. " મેં કહ્યું કે " હું તમારો ઘણો આભારી થયો છું. " તેણે કહ્યું કે " બિલકુલ નહિ. તમે જરાએ આભારી થયા નથી કારણકે મેં તમારા માટે કાંઈ પણ કર્યું નથી. " આ કહેવું ખરૂં હતું માટે મારે શું કહેવું તે મને સુઝયું નહિ તેથી હું ચૂપ રહ્યો. વળી તેણે કહ્યું કે " હું ભવિષ્યમાં તમારે માટે જે કરી શકું તે જેટલું મારાપર આધાર રાખે છે તેથી વધારે તમારાપર આધાર રાખે છે. હું તમને કોઇ પણ તરેહની સલાહ આપું તે પહેલાં પ્રથમ મારે જાણવું જોઇએ કે તમારી પાસે કેટલી મુડી છે. " હસ્તે મોડે મેં જવાબ દીધો કે મારી પાસે ઘણા જુજ પૈસા છે. થોડી આનાકાની પછી મેં મારી પાસે કેટલી રકમ હતી તે કહી.

માથું ધુણાવીને તેણે જવાબ દીધો કે " તમારે વળી સ્ત્રી અને છોકરાઓનું ગુજરાન ચલાવવાનું છે ! કામ કરવાને તમારો છોકરો ઘણો નાનો અને સ્ત્રી ઘણી નાજુક છે. આ તમને અત્રે ભાર રૂપ થઇ પડશે. અમેરિકામ

એમ નહીં ચાલે. એ લોકોને તમે શા માટે સાથે લાવ્યા? પણ હશે થયું તે ન થયું થવાનું નથી. ગમે તેમ કરીને તેઓનું ગુજરાન ચલાવવું જોઇએ. તમે કહોછો કે 'હું આ દેશનો બીનમાહિતગારછું' ત્યારે અહીંઆં કોણ પૈસા ભેગા કરી શકે છે અને શી રીતે ભેગા કરી શકે છે તે મારે તમને જણાવવું જોઇએ. જો ઉદ્યોગ કરે તો દાડિયા વગેરે મેહેનતુ લોકો ઘણીજ ઝડપથી પૈસા એકઠા કરે છે; કારણ કે તેઓનો દર ઘણોજ ભારે છે અને હમેશાં કામ મળે છે. એજ કારણને લીધે શિલ્પકામ કરનારા, યંત્રકામ કરનારા, સુથાર, વહાણ બાંધનારા, લુહાર, સોની, દલવાડી, કડિયા વિગેરે સહેલાઈથી તાલેવંત થઈ શકે છે. પણ આ ધંધા તો તમારા સંબંધમાં નકામાજ છે. તમે તમારી અક્કલ વાપરી શકશો પણ હાથ નહિ વપરાય. હવે આ દેશમાં ફક્ત અક્કલ ગ્રન્થ વેચવામાં અગર બનાવવામાં ઘણીજ થોડી પેદાશ કરે છે. બીજે દેશથી આણીને વેચવાનાં પુસ્તકોની ખપત વધારે છે, અને ફિલાડેલ્ફિયાના તેમજ ન્યુયોર્કના છાપનારાઓ ઊપરાણું કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. પુસ્તક વેચનારને પૈસા એકઠા કરવાનું ઠેકાણું લંડનજ છે. તમે લંડનથીજ આવો છો અને કહો છો કે "ત્યાં હું નાદાર હતો." માટે હું તમને ગ્રન્થ લખવાની અગર વેચવાની કાંઈએ સલાહ આપતો નથી. જમીન રાખીને વાવેતર કરવા માટે તો એમ છે કે જેઓ મહેનતુ અને અક્કલબાજ હોય છે તેઓજ આબાદ થઈ શકે છે. પણ તમારી પાસે તો જમીન સાફ કરાવવાને, ઘર બાંધવાને, અને જે મહેનત કરવાને તમે તન્દુરસ્ત નથી તે મહેનત કરવાને નોકર રાખવા માટે પૂરતા પૈસા નથી વળી હું ધારૂં છું કે ખેતીવાડી વિષે તમને કાંઈ અનુભવ નથી અને બીજાઓપર દેખરેખ રાખવાના કામમાંએ મહાવરાની જરૂર છે. સર્વ તરફથી વિચાર કરતાં વેપાર

શિવાય તમને ઠીક પડે એવો કોઇએ ધંધો નથી, અને કોઇ પ્રતિષ્ઠિત પેઢીની અંદર એક ગુમાસ્તા તરીકે નોકર રહ્યાવિના એ ખાતામાં તમે પેશી શકો એમ મને લાગતું નથી કારણ કે તમારી પાસે પૈસાએ નથી તેમ તમારી શાખ પણ નથી. તમે કહોછો કે "મારા દસ્કત સારા છે અને હિસાબ પણ ગણી શકું છું," અને હું ધારૂંછું કે તમને નામું ઠામું પણ બરોબર આવડે છે, આ પ્રમાણે તમે ધીરજ, ઉદ્યોગ અને પ્રમાણિકપણાથી આવી રીતે ચાલી શકશો, તો થોડાં વર્ષ પછી સારા પૈસાદાર થઇને મારા ભાગીઆ થવા યોગ્ય થશો. આજ પ્રમાણે મેં પણ કર્યું હતું, અને આખરે આ અવસ્થાએ પહોંચ્યો છું. એટલું ખરૂં કે પ્રથમથી મારે સ્ત્રી તથા છોકરૂં કાંઇ નહોતું. વખત આવ્યે મારા શેઠની છોકરી સાથે મારૂં લગ્ન થયું. અને તેથી મને ઘણી સહાય મળી. એથી ઉલટું તમારી સ્ત્રી મારી સગી છે અને તમારી સ્થિતિના માણસે નહિ પરણવું તેના કરતા તવંગર વેપારીના સગા સાથે પરણવું એ એકજ પગલું લીધું છે. મેં તમને કહ્યું છે કે હું સલાહ તેમ મદદ બન્ને આપીશ, તેથી એક પખવાડિયા સુધી તમે અમારે ત્યાં રહેજો. એટલા વખતમાં જણાશે કે ગુમાસ્તાનું કામ કરવાને તમે લાયક છો કે નહિ. પછી જો મારે ને તમારે બનશે તો આપણે આગળ વાત કરીશું. મારે તમને જણાવવું જોઇએ કે હું કોઈ વાતનો કોલકરાર કરતો નથી અને વચન પણ આપતો નથી, પણ એક પખવાડિયા સુધી તમને, તમારી સ્ત્રીને, તથા નાના છોકરાને મારે ત્યાં રહેવા દેઇશ, અને જો તેટલા સમાગમનો વખત નકામો ગાળવા જેવો થઇ પડશે તો એમાં દોષ તમારો જ છે અને ટોટો પણ તમનેજ છે. તેણે તરતજ પોતાનું ઘડિયાળ કાઢ્યું, અને કહ્યું કે હવે વધારેવાર વાત કરવાને હું રોકી શકાઉં તેમ નથી, કારણ કે મારે ઘણું કામ છે,

અને કામ કોઇને માટે રાહ જોતું નથી. તમારા ઉતારાપર જાઓ, કેમકે તમારી સ્ત્રી તથા છોકરો એકલાં હશે. અમે **બરોબર બે વાગતાં** જમીએ છીએ.

અવર્ણનીય અસંતોષ અને નિરાશાથી હું **મિ. ક્રોફ્ટ** ને ઘેરથી નિકળ્યો. પણ જ્યારે હું ઉતારાપર આવ્યો અને અમારે થએલી વાતચિતની યથાસ્થિત હકીકત મારી સ્ત્રીને કહી ત્યારે **મિ. ક્રોફ્ટની** વિનયવાળી અને મિત્રતા ભરેલી વર્તણુંક સાંભળી તે અચંબો પામી ખૂશી થઇ. એ માણસે કરેલો સત્કાર મારી સ્ત્રીના ધારવા કરતાં ઘણોજ વધારે હતો અને મારા ધારવા કરતાં ઘણો ઓછો હતો. આ વિષે તેણે મારી સાથે વિવાદ કર્યો પણ તર્કની સામે વિવાદ મિથ્યા છે.

કોઇ પણ સાધનવડે **અમેરિકામાં** તવંગર થવાના મારા અનિશ્ચિત તથા કલ્પિત વિચારો **મિ. ક્રોફ્ટની** નજર ચુકમાં ગયા હતા. એક વેપારીની પેઢીમાં ગુમાસ્તીની નોકરીએ રહેવું અને દુનિયાદારીની ખટપટમાં પડવું એ મને ચિન્તાકારક તથા દુઃખકર્તા થઇ પડયું હતું. **લ્યુસિએ** મને ઘણા પ્રકારે સમજાવી કહ્યું કે “ **ફિલાડેલ્ફિયામાં** આવ્યા કે તરતજ નોકરી મળી, અને જો હવે તમે થોડાં વર્ષ સુધી દૃઢતાથી નોકરી કરશો તો અહીંની સૌથી મોટામાં મોટી પેઢીના ભાગિદાર થશો એ પૂર્ણ ભાગ્ય સમજવું.” **લ્યુસિનું** આ સઘળું કહેવું વ્યર્થ ગયું. તોપણ જરૂરિયાતથી મારે કબૂલ કરવું પડયું કે તેનો સગો ઘણો સારો હતો, ખરેખર હું ભાગ્યશાળીજ હતો અને **મિ. ક્રોફ્ટનો** ઘણો ઉપકૃત થયેલો હોઊં એમ મારે સમજવું જોઇએ. આ કહ્યા પછી વિચાર કરતાં કરતાં મારી કોટડીની અંદર મેં આમતેમ શૂન્યમૂન્ય ફર્યા કર્યું. એટલામાં **લ્યુસિએ** મને સંભારી આપ્યું કે **મિ. ક્રોફ્ટ બરોબર બે વાગે** જમે છે. તે ઘણો **નિયમિત** માણસ છે, અને ઉતારાથી તેનું ઘર

ઘણું દૂર છે માટે તમારે તમારાં તૈયાર કરેલાં કપડાં પહેરવાં જોઇએ." એ પોતે તૈયાર થઇ અને છોકરાને પણ લુગડાં પહેરાવ્યાં અને મારૂં ઘડિયાળ લેઇને બતાવ્યું કે હવે તો એમાં દસ મિનિટજ ઓછી છે. અત્યાર સુધી તો મેં ગમગીનીમાં ફર્યા કર્યું પણ પછી તરતજ બને તેટલી ઉતાવળ કરી લૂગડાં પહેરવા મંડયો, અને જેવો હું મારૂં રેશમી મોજું પગે ચઢાવતો હતો તેવુંજ તે ફાટયું. તેથી લ્યુસિ તેને તૂની રહી ત્યાં સૂધી મારે બેશી રહેવાની જરૂર પડી. તુનવાનું કામ ઘણું ધીમું અને કંટાળા ભરેલું છે. લ્યુસિ એ કામમાં ઘણી ચતુર હતી, તોપણ મેં એમ ધાર્યું કે એ કદી પૂરૂં નહિ થાય.

આખરે મેં મોજાં અને જોડા પહેર્યા અને અમે સર્વ ચાલી નિકળ્યાં. અમે નિકળ્યાં. ત્યારે બરાબર સવાએ વાગ્યા હતા. બીજા માણસો અડધા પડતા જમી રહ્યા હશે ત્યારે અમે મિ. ક્રોફટને ત્યાં પહોંચ્યાં. ઘણા માણસો જમવા બેઠાં હતાં. અને દરેકને અમારા આવવાથી હરકત પહોંચી. લ્યુસિ મિસિસ ક્રોફટને ઓળખતી નહોતી. તેથી એને ઓળખાવવાનાં હતાં. એક બીજાને એવી રીતે માન આપતાં અને માફી માગતાં જગ્યાઓની અદલબદલ એવી તો થઈ રહી હતી, ખુરશીઓ એવી તો ખડખડતી હતી અને ચાકરો આમ તેમ એવા તો દોડતા હતા કે અમારે બેસવાનો વખતજ નહિ આવે એમ મેં ધાર્યું. આ ગડબડાટની અંદર મારો છોકરો કળેકળ ખાઇ રડવા લાગ્યો કારણ કે એક હબસી એને ખુરશીપર બેસાડતો હતો તેનાથી એ ઘણો બીન્યો હતો. એ ચાકરના એકદમ આવવાથી છોકરાને ઉત્પન્ન થયેલો ગભરાટ તત્કાળ બેસી જાય નહિ. આખરે મિસિસ ક્રોફટે તે હબસીને બહાર જવાનો હુકમ આપ્યો. તરતજ ગડબડાટ બંધ પડયો અને થોડા વખત સુધી છોકરાનાં ડસકાં શિવાય બીજું કાંઇ પણ સાંભળવામાં આવતું નહોતું.

સર્વ પરોણાઓ ચૂપચાપ જમી રહ્યા હતા. દરેક જણ શૂન્યમૂન્ય બેશી રહ્યા તેથી મિસિસ ક્રોફ્ટને ખોટું લાગ્યું. મિ. ક્રોફ્ટ ઘણો ખિન્ન થયો, અને ઘરના ધણી તરીકે જરૂર કરતાં એક પણ શબ્દ વધારે બોલ્યો નહિ. આ શિવાય કોઇ પણ જગાએ અને કોઇ વખતે જમવાનું મને કંટાળા ભરેલું થઇ પડયું નહોતું. લ્યુસિ માટે તેમજ મારા માટે મને ઘણું લાગતું હતું. તેની આંખો લાલ લાલ થઇ ગઇ, અને વખતસર હું તૈયાર ન થયો તેને માટે સો વાર મેં પોતાનેજ ગાળો દીધી; આખરે રકાબીઓ વિગેરે લેઇ લેવામાં આવ્યું; જમ્યા પછી મુખવાસને માટે ફળફળાદિ લેવા સર્વ બેઠા ત્યારે પણ અમને નોતરનાર પ્રથમના જેવોજ મારા તરફ શૂન્યમૂન્ય રહ્યો. મને ધાસ્તી લાગી કે તેના તરફથી મદદ અને સલાહ મળવાના સઘળા લાભ હવે હું ખોઇશ. 'સઘળા લાભ ખોવાની અણીપર છું' એમ મને લાગ્યું ત્યારે તેઓનું મહત્વ મને ઘણું ભારે ભાસવા માંડયું.

જમી રહ્યા પછી તરતજ હડસન નામે એક તરૂણ ગૃહસ્થ મંડળીમાં આવ્યો તેનો દેખાવ તથા રીતભાત મનને આકર્ષે એવાં હતાં. તે નિષ્કપટી હતો અને આબરૂદારનું ફરજંદ હતો. તેના વિનયની અસર તરતજ જણાઇ. કારણ કે એના આવવાથી દરેક જણ શાન્ત થયા હતા. તેનો ચહેરો તેજસ્વી અને ચંચળતા ભરેલો હતો. અગર જો કે એના બોલવા ચાલવાથી તેનામાં ઉંચી શક્તિ છે એમ સાબિત થતું નહોતું, તોપણ તેથી દરેક જણને ખુશી ઉત્પન્ન થતી હતી. હું એક અજાણ્યો આદમી છું એમ તેણે જાણ્યું કે તરતજ મારી સાથે વધારે વાતચિત કરવા લાગ્યો. હું પાછો ખુશ મિજાજમાં આવ્યો, અને તેને ખુશી કરવાનો યત્ન કરવા મંડયો તથા તેમાં ફતેહ પણ પામ્યો. ઈંગ્લાંડની

અને મુખ્યત્વે કરીને લંડનની ખબરો જાણીને તે ખૂશી થયો; કારણકે લંડન જોવાની તેને ઘણીજ ઇચ્છા હતી. સાંજરે જ્યારે એણે મારી રજા લીધી ત્યારે મારી સાથે ગાઢા પરિચયમાં આવવાની એણે ઇચ્છા બતાવી. આ વિનયથી હું ઉપકૃત અને પ્રસંશાને પાત્ર થયો હોઉં એમ મને લાગ્યું. મને ખાત્રી થઈ હતી કે મારી સ્થિતિ અને બિનાથી તે બરોબર વાકેફ થયેલો છે. કારણ કે **મિસિસ** ક્રોફરે મારા સાંભળતાંજ સઘળી હકીકત તેને કહી હતી.

પ્રકરણ ૬ ઠું.

અનુચિત આશ્રયનાં વચનો તે મિથ્યા ભ્રમણાઓછે.

આ પછીના અઠવાડીયામાં હમેશ હું તથા તરૂણ **મિ. હડસન** એક બીજાને મળાતા. આથી અમારે પરસ્પર હેત વધ્યું; તેણે મને તેના પિતાનું ઓળખાણ કરાવ્યું. એ દેશાઇ જેવો હતો અને ઘણા પૈસા એકઠા કર્યા પછી બાકીના દિવસ ગાળવાને **ફિલાડેલફ્યામાં** આવી રહ્યો હતો. શાન્ત **અમેરિકનો** કહે છે તે પ્રમાણે તે ઘણો મોજ શોખમાં અને ભભકાથી રહેતો. જેઓની બુદ્ધિ મોટા ઉત્સવમાં ભાગ લઇ શકે એવી હતી, તેઓને, અને જે આનંદ તથા ઠઠ્ઠા મસ્કરીમાં પોતે સ્વાભાવિક રીતે ઉછરતો હતો, તેવા આનંદ અને ઠઠ્ઠા મસ્કરી કરનારને મળવાને તે ઘણો ખૂશી થતો.

પહેલીજ મુલાકાતની વખતે મને માલૂમ પડ્યું કે "દુનિયામાં **બેસિલ** એક સારામાં સારો મારો સોબતી છે" એવું **મિ. હડસને** પોતાના બાપને કહ્યું હતું. મેં પણ નિશ્ચય કર્યો કે મને જે ઉપનામ આપવામાં આવ્યું છે તે મારે ખરૂંજ પાડવું. મેં એ ત્રણ સારી વાતો કહી અને એ ત્રણ સારાં પદ ગાયાં. ત્યાં આવેલા સર્વ જણ મારા પ્રત્યે

ખૂશી ખૂશી થઇ ગયા. ઘરડો **હડસન** ઘણોજ ખૂશી થયો. તેણે મને એને ત્યાં આવવાને આમંત્રણ કર્યું અને તેનો દાખલો લેઇ દરેક જણે તેમ કર્યું. આ ફતેહથી હું કાંઈ થોડો ફુલાયો નહોતો. આ વખતે **મિ. ક્રોફ્ટ** મારી સાથે હતો અને જે મંડળીની અંદર તેના ડહાપણ અને પૈસા છતાં તે કાંઇ પણ મહત્વનો આદમી નહોતો તે મંડળીની અંદર હું મારી અક્કલથી એકદમ પ્રખ્યાત થઇ પડયો એ જોઇ મને ઘણો આનંદ થયો.

જ્યારે અમે સાથે સાથે ઘેર જતા હતા ત્યારે તેણે મને ગંભીરતાથી નીચે પ્રમાણે કહ્યું. **મિ. બેસિલ**, આ સર્વ આમંત્રણ સ્વીકારવાની હું તમને સલાહ આપતો નથી. તેમજ તરૂણ **હડસન** સાથે ગાઢો સંબંધ બાંધવો એ પણ મને પસંદ નથી. મિ. **હડસન**ને ત્યાં મળતી મંડળી, જે લોકોએ પૈસો એકઠો કર્યો છે અને હવે ખર્ચવાની ઇચ્છા રાખે છે તેમને માટે છે. પણ જેઓને પૈસા કમાવાના છે તેમને તો મારા વિચાર પ્રમાણે તે હાનિકર્તા છે, એટલુંજ નહિ પરંતુ ભયાવહ છે.” આ શાન્ત સલાહનો લાભ લેવાને માટે મારૂં મન સ્વસ્થ નહોતું, કારણ કે મેં ધાર્યું કે મારી ઉંચા પ્રકારની બુદ્ધિ અને નિપુણતાની અદેખાઇથી આ સલાહ તેણે આપેલી છે. **લ્યુસિએ** ઉત્તમ પ્રકારના અને માયાળુ દાખલા દલીલોથી આ સલાહને ટેકો આપ્યો. તેણે વિચારીને કહ્યું કે “જે લોકો તમને મિત્ર તરીકે પોતાને ઘેર બોલાવે છે તેઓ પોતાની મરજી પ્રમાણે ચાલનાર છે. માટે તેઓ કાંઇ લાભકર્ત્તા થઇ પડવાના નથી. એથી ઉલટું **મિ. ક્રોફ્ટ** પ્રથમ તમે મળ્યા ત્યારથીજ તમારી બરદાસ લેવાનું ધારે છે અને તેમણે ઉપયોગી થઈ પડવાનાં ચિન્હો બતાવ્યાં છે. તેણે જે સલાહ તમને આપી છે તે તમારૂં સારૂં થાય એમ ધારીનેજ આપી છે. પૈસો પેદા કરવાને જે સારામાં સારો હેતુ તે હેતુને તજી દેઇ બીજા હેતુને લગા-

ડેલી બુદ્ધિની અદેખાઇ કરવા કરતાં તેને તે ધિક્કારે એમ ધારવું એ વધારે યોગ્ય છે. ”

જ્યાં પતિપત્નિ વચ્ચે ખરૂં હેત બંધાયલું હોય છે. તથા મુખ્યત્વે કરીને જ્યાં સ્ત્રી પોતાના પતિપર હુકમ બજાવવાની બિલકુલ ઇચ્છા રાખતી નથી, ત્યાં સ્ત્રીના મોંમાંથી નિકળેલી વિચારયુક્ત સલાહની કિંવા આગ્રહ પૂર્વક આજીજીની ઘણીજ સારી અસર થાય છે. મારે પણ એમજ બન્યું. મેં લ્યુસિને વચન આપ્યું કે આવતા પખવાડિયામાં હું કોઇનું પણ આમંત્રણ સ્વીકારીશ નહિ અને જે કામ **મિ. ક્રોફ્ટ** બતાવશે તે મન દેઇને કરીશ. ” દશ દિવસ સૂધી મેં જેવી મહેનત કરી છે તેવી કોઈ પણ કરશે નહિ. અગર જો કે **મિ. ક્રોફ્ટ** કોઇને વખાણતો નહોતો તો પણ મારી મહેનતથી તે સંતોષ બતાવવા લાગ્યો. અગિયારમે દહાડે સવારમાં તેણે એક ભરતિયું તૈયાર કરવાને મને આપ્યું અને કમનશીએ મેં તે **મુલતવી** રાખ્યું. સાંજરે તરૂણ **મિ. હડસન** આવ્યો તે ઘણા આગ્રહથી મને બહાર લેઇ ગયો.

એની સાથે વાતચિત કરતાં મેં અમેરિકાના દેડકાનું ગાયન* સાંભળવાની જીજ્ઞાસા બતાવી હતી કારણ કે એ વિષે મેં મુસાફરીના અજાયબ [1]હેવાલમાં વાંચ્યું હતું.

---

* ઘણાં દેડકાંનું એકત્ર થઇને બોલવું.

૧ હું કબુલ કરૂંછું કે જ્યારે અમેરિકામાં મેં પ્રથમ દેડકાંનું ગાયન સાંભળ્યું, ત્યારે ગવૈઆના રાગને પણ હઠાવી દે તેવી તેમની શક્તિ જોઇને મને ઘણું આશ્ચર્ય લાગ્યું. આ સંગીત ૧૮ મી એપ્રિલની રાત્રે એક ખાબોચિયામાં ઘણી શાંતતાથી ચાલતું હતું. એ ખાબોચિયામાં આશરે દશ હજાર દેડકાં હતાં; અને હું ખાતરીથી કહુંછું કે તેમાંથી બેના પણ કંઠ મળતા નહોતા આવતા. જે પુરૂષ ત્યાંનો રહીશ હતો, અને જેણે મોજને માટેજ આ ગાયનનો અ-

મિ. હડસને મને સમજાવ્યું અને કહ્યું કે અહીંથી થોડાક માઇલ દૂર એક ખાબોચિયું છે, ત્યાં દેડકાંનું ગાયન સાંભળવા જઇએ. આ ગાયન થોડાક વખત સુધી ચાલ્યું, અને અમે ઘેર આવ્યા ત્યારે ઘણુંજ મોડું ગઈ ગયું હતું. થાક્યો પાક્યો હું તરતજ સૂઇ ગયો, અને સવારે ઉઠ્યો ત્યારે સળેખમ થયેલું લાગ્યું. સળેખમ થવાનું કારણ એ હતું કે તે ખાબોચિયામાં હું ઘણો વખત ઉભો રહ્યો હતો. મને જગાડવામાં આવ્યો ત્યાર પછી પણ, 'થોડી વારે સળેખમ મટી જશે' એમ ધારી એક કલાક સુધી પથારીમાં પડી રહ્યો. જ્યારે હું ઉઠ્યો અને કપડાં પહેર્યા ત્યારે મને ભરતિયું યાદ આવ્યું. નાસ્તો કર્યા પછી પહેલું કામ એજ કરવાનો નિશ્ચય કર્યો. પણ કમનશીબે મેં હોમરમાંની "દેડકાંને ઉંદરની લડાઇ" ની થોડીક લીટીઓ જોવાને માટે તેને "મુલતવી રાખ્યું." મિ. ક્રોફટના ઘરમાં હોમર નહોતું અને તેથી એક બુકસેલર પાસે હું તે માગવા ગયો. એની પાસે પોપની ઇલીયડ અને ઓડીસી હતાં, પણ "દેડકાં અને ઉંદરની લડાઇ" નહોતી. આની ખોળ કરવાને હું આખું શહેર ભટક્યો. આખરે મને તે

અભ્યાસ કર્યો હતો, તેવા શોખીલા પુરૂષે મને કહ્યું કે "આ સંગીતમાં સર્વથી ઉંચામાં ઉંચો સ્વર ત્રણ દેડકાં ખેંચે છે. આ ત્રણ દેડકાં ઘણાં નાનાં અને સુંદર હોય છે. જે ઝાડમાં તેઓ રહેછે. તેનાં મૂળ જેવો તેમનો રંગ હોય છે, અને તેઓનો અવાજ કાંઇક તમરાના અવાજને મળતો આવે છે. મધ્યમ સ્વર વળી બીજાં કેટલાંક દેડકાં કાઢે છે અને તેમનો અવાજ કરવતને ઘસવાથી થતા અવાજને મળતો આવે છે. બીજાં દેડકાં કનિષ્ટ સ્વરથી ગાય છે. કેટલાંક માણસના પગ જેવડાં મોટાં હોય છે. તેમને "બુલફ્રોગ્સ" કહે છે. તેઓ ઘણા ખોખારા સ્વરથી ગાય છે.

ઉવિલિયમ પ્રીસ્ટની યુનાઇટેડ સ્ટેઇટ્સની મુસાફરીમાંથી.

મને તે મળ્યું, અને ખુશી થતો થતો હું તે ગજવામાં ઘાલી ઘેર આવતો હતો, એટલામાં મેં મિ. ક્રોફ્ટના બારણા આગળ પાંચ છ મજુરોને બોજા સહીત જોયા. મેં તેમને પૂછયું કે તમે કયાં જાઓ છો. તેઓએ જવાબ આપ્યો કે **બેટસી** વહાણને માટે માલ લેઇને બંદરે (ડક્કે) જઇએ છીએ. એકદમ હું બોલી ઉઠયો "ગજબ થઇ ગયો! થોડીવાર ઉભા રહો. સાહેતવાર તમે નહિ થોભી શકો! મેં ધાર્યું કે **બેટસી** તો કાલ ઉપડનાર છે. થોડવાર સબુર ખમો." તેઓએ જવાબ આપ્યો. કે "નહિ સાહેબ અમારાથી બીલકુલ થોભાય તેમ નથી; કારણ કે **કેપ્ટને** કહ્યું છે કે માલ લેઇને બંદરપર તુરત આવજો."

હું તરતજ ઘરમાં દોડી ગયો, બેટસીનો કેપ્ટન જાતે આવી ઘરમાં બૂમાટ કરી રહ્યો હતો. મિ. ક્રોફ્ટ વખારની સીડીપર હાથમાં ખુલ્લા કાગળો લેઇને ઉભા હતા, અને બે ત્રણ ગુમાસ્તાઓ મોમાં પેનસિલ ઘાલી હાંફળા ફાંફળા આમ તેમ દોડતા હતા. જેવો હું નજરે પડયો કે બે ત્રણ ગુમાસ્તા એકદમ બોલી ઉઠયા "મિ. બેસિલ! ભરતિયું કયાં છે?" મિ. ક્રોફ્ટે વળી કહ્યું, "મિ. બેસીલ! મહેરબાની કરી ભરતિયું અને એની નકલ આપો! ત્રણ જણને તમને ખોળવા સારૂ અમે મોકલ્યા છે. આ વખતે તમે બહાર ગયા એ અજાયબ જેવું છે, અને તમે કયાં ગયા તે પણ કોઇને ન કહ્યું. અડધા કલાકથી આ બેટસીનો કેપ્ટન ભરતિયા માટે ખોટી થાય છે, કેમ સાહેબ હવે એ આપશો? વળી તેની નકલ પણ મને આપો કે હું આજની ટપાલમાં આ આપણા આડતિયાને બીડી દેઉં."

હું ગભરાઇને બોલ્યો "ભરતિયું! સાહેબ તે તો હું તદન ભૂલી ગયો." એમણે કહ્યું કે મને લાગે છે. કે હવે તો તમને યાદ આવ્યું હશે. માફી માગવાનું અવકાશના

વખત સૂધી મોકૂફ રાખો ને મહેરબાની કરીને ભરતિયું આપો. ” મેં કહ્યું, “ મહેરબાન સાહેબ, હું હજારવાર માફી માગી કહું છું કે હજુ સૂધી મેં ભરતિયાં તૈયાર કર્યા નથી. ” મિ. ક્રોફ્ટે કહ્યું કે “ હજુ સૂધી તૈયાર નથી કર્યાં ? એમ કેમ બને ? ” કેપ્ટન આકરા સોગન ખાઇ એકદમ બોલી ઉઠયો કે હું તો ત્યારે જાઉં છું, હવે મારાથી એક ઘડીભર પણ રાહ જોવાય એમ નથી. મિ. ક્રોફ્ટે શાન્તતાથી કહ્યું, “ જો તમારી મરજી હોય તો કેપ્ટન સાહેબ મારા મજુરોને માલ સાથે પાછા મોકલો; સઘળો સામાન છોડી નાંખવો પડશે. મિ. બેસિલ ! મેં એમજ ધાર્યું હતું કે કાલ સવારે કહ્યા પ્રમાણે તમે ભરતિયાં તૈયાર કર્યા હશેજ; અને એટલા માટે સામાન પણ સાંજરે બાંધવામાં આવ્યો. તમે નિયમસરજ વર્તશો એમ ધારવામાં મેં મોટી ભૂલ કરી છે, “ બતાવેલું કામ તૈયારજ હશે ” એમ વેપારી માણસોએ ધારવું નહીં. આવી ભૂલ હવે મારી જીંદગીમાં પણ હું નહિ કરૂં. ” મેં પશ્ચાત્તાપના શબ્દો એક પછી એક કાઢવા માંડયા. પણ એતો ગુસ્સા અગર અધીરાઇની કાંઈ પણ લાગણી શિવાય, તેમ મારા શબ્દોથી કાંઈ પણ પીગળ્યા વગર, જેવા મજુરો માલ લેઈ આવ્યા કે તરતજ મારાથી છૂટા પડયા, અને સઘળો સામાન છોડી નંખાવી વખારમાં ઠેકાણે મૂકાવી દીધો. આથી ખરેખર મને ઘણું લાગ્યું. થોડીવાર પછી મારી પાસે આવીને મને કહ્યું કે “ હું ધારૂં છું કે કાલની રાત તમે મિ. હડસનની સાથે ગાળી હશે. ” મેં કહ્યું “ હા, સાહેબ, હું ખરેખર દિલગીર છું. તેઓ વચ્ચે બોલી ઉઠયા કે “ આવી બાબતમાં દિલગીરી બતાવવાથી કાંઇ વળતું નથી. મને સાંભરે છે કે પ્રથમથી મેં તમને એની સાથે ગાઢો સંબંધ બાંધવાની સાફ ના પાડી હતી. કામગરા માણસોએ મધ્યરાત્રે પણ હર્ષથી દારૂ ઠાંસવો એ યોગ્ય

નથી.” મેં કહ્યું “ સાહેબ દારૂ પીવાની વાત કરો છો, ત્યારે તો મને આપની ખાતરી કરવા દો કે અમે દારૂ નહોતા પીતા; અમે દેડકાનું ગાયન સાંભળવા ગયા હતા.” મિ. ક્રોફ્ટે અત્યાર સૂધી તો પોતાનો ગુસ્સો દબાવી રાખ્યો હતો. પણ આ સાંભળ્યું કે તરતજ તેણે પોતાની આંખ ફેરવી. એણે ધાર્યું કે હું એની મશ્કરી કરૂં છું. જ્યારે મેં એને ખાત્રીથી કહ્યું કે હું મશ્કરી કરતો નથી પણ ખરેખરૂં કહું છું ત્યારે એ ગુસ્સો કાઢી નાંખી ધિક્કારવૃત્તિ સાથે અજાયબ થયો. તેણે કહ્યું કે “ ખાબોચિયાની અંદર સો પચાસ દેડકાંને કલબલ કરતાં સાંભળવાને કોઈ ભરતિયું રહેવા દે એ શું શકય છે ? સાહેબ તમે વેપારને લાયક નથી.” મને અડધો કચવાતો અને અડધો બળતો મૂકી તે વખાર તરફ વળી ગયો.

આ વખતથી મિ. ક્રોફ્ટની મદદની આશાઓનો અન્ત આવ્યો. મહેતલના બાકી રહેલા થોડા દીવસ સૂધી તે મારી સાથે સભ્યતાથી વર્ત્યો; પણ તે સભ્યતા બેપરવાઈથી ભરપૂર હતી. તોપણ તેણે મારી સ્ત્રી તથા છોકરા માટે એક સસ્તું અને સગવડ ભરેલું ઘર ખોળી કાઢવા શ્રમ લીધો. જ્યાં સૂધી હું ફીલેડેલ્ફિયામાં રહું, અગર જ્યાં સૂધી મને સારી જગો મળે નહિ, ત્યાં સૂધી એ ઘરનું ભાડુ પોતાના સંબંધીને માટે આપવાનું એણે માથે લીધું. તે લ્યુસિથી ઘણોજ સંતોષ પામ્યો હતો, અને કહેતો કે “ તે એક સારી ચાલની. સારા સ્વભાવની, ડાહી તરૂણ સ્ત્રી છે, અને એ મારી સગી છે એમ કહેવાને હું બીલકુલે શરમાતો નથી.” છુટા પડતી વખતે તેણે કહ્યું કે “ દુનિયામાં આગળ વધવાની કોઈ પણ બીજી સંભવિત યોજના પાછળ મંડવાની સલાહ હું તમને ખૂશીથી આપીશ, પણ વેપાર સંબંધી યોજનાની નહિ; કારણ કે મારી ખાતરી છે કે તેમાં તમે કદી ફતેહમંદ થવાના નથી.”

મિ. ક્રોફ્ટની મને વર્તણુક બીલકુલ પસંદ નહોતી કારણ કે તે હદ કરતાં જાદે નિયમસર હતો. તે એક પોતાની મરજી મુજબ ચાલનારા યંત્ર જેવો હતો, પણ તે વખતે જો મારૂં મગજ **મિ. હડસનના** વિચારોથી ભરેલું ન હોત તો તેનો તથા તેનો સ્નેહ તજવાને હું ઘણો દિલગીર થયો હોત. તેમજ તેણે **હ્યુસિ** તથા મારા પુત્ર તરફ જે મમતા બતાવી તેને માટે મેં એનો ઉપકાર માન્યો હોત. મિ. **હડસને** મારે માટે ઘણીજ કાળજી બતાવી. **મિ. ક્રોફ્ટના** વેપારી પંજામાંથી હું ઉગર્યો તેને માટે મને મુબારકબાદી આપી, અને મારા મનમાં ઠસાવ્યું કે, "તારા સરખો માણસ પોતાની બુદ્ધિના પ્રભાવથી, અને મિત્રો તથા સારા લાગતા વળગતાની મદદથી આ દુનિયાની અંદર ફતેહમંદ થયા વગર રહેશે નહિ."

હું હવે લગભગ આખો દિવસ મિ. **હડસનના** પિતાને ત્યાંજ તાલેવંત અને મોજીલા લોકો સાથે ગાળતો. આ સઘળા **મારા મિત્રો** હતા. એ મંડળીનો હું વિદૂષક હતો. દરેક જણ મને આમંત્રણ કરતા, અને હું દરેક આમંત્રણ સ્વીકારતો; કારણ કે મિ. **હડસનના** કોઈ પણ સંબંધીને મારાથી માઠું લગાડી શકાતું નહિ; આવી રીતે દિવસના દિવસ, અઠવાડીઆં અને મહિના ગાળવા માંડયા. હું મિ. **હડસનના** પિતાનો ખાસ આદમી થઇ પડયો, અને દરેક જણ મને કહેવા લાગ્યા કે એ તમારે માટે ધારશે તે કરશે. મેં ફીલેડેલ્ફિયામાંના મારા મિત્રો પાસેથી શેર ભરાવી એક કમ્પની ઉભી કરીને **લુશ્યાનાની** પરહસ્તગત જમીનનો કેટલોક ભાગ લેઇને ધંધે વળગવાની યુક્તિ ખોળી કાઢી હતી. શેર ભરનારને ભરેલા પૈસા ત્રણ હપતે થઇને આપવાના હતા. પહેલે વર્ષે અમુક રકમ, એમ કરી શેરનાં નાણાં પુરાં કરવાનું ઠરાવ્યું હતું. એ રકમ વડે મને મળવાની જમીનમાં

આયર્લાન્ડ અને સ્કોટલાંડમાંથી આવતા વહાણુમાં આવનાર માણસોને કામ કરવા રાખવાના હતા. શેર રાખનારાઓની એક મોટી યાદી થઈ તેમાં વૃદ્ધ હુડસને સર્વને મથાળે પોતાનુ નામ લખ્યું, અને માથે એક મોટી રકમ ભરી.

આવતી વસન્તઋતુ સૂધી વહાણ આવવાનાં નહોતાં અને ત્યાં સૂધી કાંઇ પણ બની શકે એમ નહોતું, તેથી મેં મારો વખત હમેશની માફક ખુશબખ્તિમાં ગાળવા માંડયો. વસન્તઋતુ આવી, પણ સરકારમાંથી જમીન સંબંધી કાંઇ પણ જવાબ આવ્યો નહિ. તેટલા માટે થોડી મુદતની રાહ જોવી પડી. વૃદ્ધ હુડસને એ જમીન અપાવવાનું માથે લીધું હતું. પોતે હમેશાં આ યોજના માટે તથા પોતાની શક્તિ માટે એવી રીતે બોલતો કે તેનાપર વિશ્વાસ બેસેજ. તેની વાતપરથી સામો માણસ એમજ ધારે કે પેરૂની ખાણો એનીજ વાડીમાં છે. અને એની વગની સાથે સરખાવતાં યુનાઇટેડ સ્ટેઇટસ્ટના પ્રેસિડેન્ટની વગ કાંઇજ ગણત્રીમાં નથી. એક વર્ષ વીતી ગયા પછીજ મેં જાણ્યું કે એ એક પતરાજીખોર, દંભી અને ગપાટી છે. બીજા બાર મહિના વીત્યા ત્યારે મને માલુમ પડયું કે એ માણસ જાતમાં મોટામાં મોટો એકલપેટો, શઠ અને હઠીલો છે; પોતાને તથા પોતાના પરોણાઓને ખુશ કરવાને મને તે તેને ઘેરજ જમાડતો; પરંતુ મારા સારા માટે અગર મારે માટે એને પાઈભાર પણ દરકાર નહોતી. જ્યાંસૂધી મારી મરજી હોય ત્યાં સુધી તે પોતાની અલખતની, પોતાના વાડી વજીફાની, અને અથાક પાકની બડાઇ હાંકતો; પણ જ્યારે હું મારા વિષયપર બોલવા માંડતો કે તરતજ તે બગાસાં ખાવા માંડી, પલંગપર સૂઇ જતો અને હવે ઉંઘી જાય છે એમ જણાવતો. જ્યારે જ્યારે એણે ભરેલા શેરનાં નાણાં વિષે હું સંભારતો ત્યારે ત્યારે જરીક ચીડાઇને કહેતો કે બેસિલ! એ વિશે આ

પણે કાલ વાત કરીશું !!

શેરની યાદીમાં જેઓએ નામ ભર્યાં હતાં તેમાંથી ચાર શિવાય કોઇએ કાંઇ આપ્યું નહીં. તેઓ હમેશાં એવું બાનુ કાઢતા કે 'જ્યારે સરકાર તમને જમીન માટે ઉત્તર આપશે ત્યારે તમને ઉઘરાણું કરી આપીશું.' સરકાર હમેશાં એમજ કહેતી કે 'જ્યારે પૈસા ભરશો ત્યારેજ જમીન આપવામાં આવશે.' હું ખરેખર કંટાળી ગયો અને નાઉમેદ થયો; પણ મેં ધાર્યું કે મારું નશીબ ખંત રાખી લીધેલા કામ પાછળ મંડવાથી અને મારા મિત્રોને ખૂશી કરવાથીજ ફળશે. આટલા માટે હમેશાં મારે એજ ખૂશ મંડળીમાં હસતા ગાતા અને પીતા દેખાવાની જરૂર પડતીઃ પણ અંદરથી તો મારૂ હૈયું ધીકી જતું હતું.

આનું પરિણામ શું થશે તે હ્યુસિએ પ્રથમથી મને જણાવ્યું હતું. વચન, ઢીલ અને નાઉમેદીના બીજા વર્ષના અન્તે તેણીએ મને સમજાવવા માંડ્યું કે "આ આળસુ મંડળીનો ત્યાગ કરો, અને ક્રોફ્ટના ભાઇની સાથેના ક્ષેત્રમાં વાવેતર કરવાનું કામ માથે લ્યો." મિ. ક્રોફ્ટ મારી સ્ત્રી માટે બહુ સારૂ મત ધરાવતો હતો, કારણ કે તેણીએ પોતાની સારી ચાલથી સર્વનું મન ખેંચી લીધું હતું. એટલા માટે તેણે મને આ કામ કરવાની ભલામણ કરી. પણ આ દરખાસ્ત મારે સ્વીકારવી કે નહિ તે માટે મેં એટલો બધો વખત વિચાર કરવામાં ગાળી નાંખ્યો અને એટલી બધી આનાકાની કીધી કે એ દરખાસ્ત સ્વીકારવાનો વખત વહી ગયો.

મને હજુ સૂધી એવી આશા હતી કે તરૂણ મિ. હડસન મારી યોજના કામે લગાડવામાં મને મદદ કરશે. જમેઇકા બેટમાં એના દાદા (માનો બાપ) તરફથી એને ઘણી જમીનનો વારસો મળ્યો હતો. આવતે વર્ષે એ ઉમર લાયક થઇ તેનો કબજો પોતે લેવાનો હતો. તેણે મને

એમ કહ્યું હતું કે "એ જમીન વેચી દેઇશ, અને તેમાંથી ઉપજેલા પૈકી કેટલાક પૈસા નવી યોજનામાં કામે લગાડીશ." એમાં ફતેહમંદ થવાની જેવી સારી આશા હું રાખતો હતો તેવીજ એ રાખતો હતો. તે ઉત્સાહી અને ઉદાર સ્વભાવનો હતો. મેં એનું મન ઘણુંજ મેળવી લીધું હતું, અને મારે આ વખતે કહેવું પડે છે કે આ દુનિયામાં એકે કામ એવું નથી કે તે મારે માટે ન કરત. મારી પાસેથી એને કાંઇ લેવાની આશા નહોતી, પણ તે મને એમજ કહેતો કે "તું મારો હમેશનો મિત્ર થઇને રહે." તેને શિકાર ઘણોજ પ્રિય હતો; અગર જો કે હું લન્ડનનો વતની હતો તોપણ હું સારી રીતે તીર ફેંકી જાણતો હતો, અને બંદુક તાકી શકતો હતો; કારણ કે જ્યારે હું લ્યુસિને ત્યાં રહ્યો હતો ત્યારે એના ભાઇઓને ખુશી કરવાને માટે મારે શિકારી થવું પડયું હતું. આ નિપુણતાને માટે મારો મિત્ર મારા પર ઘણો ફિદા થયો હતો. તેને લીધે જાણે તે મારો વશીભૂત ન હોય તેવો થઈ ગયો હતો. મોસમમાં હમે હમેશ શીકારને માટે જતા; પણ શિયાળામાં તો અમે ઘણાં ખ્હાનાં કાઢી જવાનું બંધ રાખતા. તરૂણ હડસન બરફપર ચાલવાના જોડા પહેરી તે પર ઝડપથી દોડવામાં ઘણો હોંશિયાર હતો, અને જ્યારે તે મને શિવતો અને તેમ કરતાં હું પડી જતો ત્યારે તેને ઘણી ગમ્મત પડતી. વળી તે મને અમેરિકાની બરફપર ચાલવાની ગાડીની રમત પણ શિખવવાનો હતો. મારે કબુલ કરવું પડે છે કે જે શિયાળાના દિવસો મેં મારી ખુશીથી મારી સ્ત્રી સાથે શગડી પાસે ચેનમાં ગાળ્યા હોત તેમાંના ઘણાખરા દિવસો કરકડતી ટહાડમાં મારે એની ગાડીની રમતમાં ગાળવા પડયા.

ગરિબ બિચારી લ્યુસિએ આ ત્રણે વર્ષ દુ:ખમાં અને દિલગીરીમાંજ ગાળ્યાં. કારણ કે ઘણું કરીને જ્યારે હું

હમેશાં આખો દિવસ બહાર ગાળતો ત્યારે કલાકોના કલાકો ઘરમાં તે એકલીજ રહેતી હતી. અગર જો કે હું અડધી અડધી રાત્રિ મી. હડસનને ત્યાં વાળુ કરવામાં ગાળ્યા પછી ઘેર આવતો તોપણ તે બીલકુલ રીસે ન ભરતાં ખૂશ મિજાજી ચેહેરાથી મને મળતી. હું એને તદન તજી દેઉં છું એમ ધારીને મારૂં મન ઘણું ખેદ પામતું. પણ આવો વખત થોડીજ વાર રહેશે એમ ધારીને હું મન વાળતો. કારણ કે મારો મિત્ર થોડા વખત પછી ઉમ્મર લાયક થવાનો હતો અને સઘળાં વચન પાળવાનો હતો. ત્યાર પછી અમે બન્ને સુખશાન્તિમાં સાથેજ રહીશું એમ હું ધારતો હતો. મેં લ્યુસિનું મન વાળ્યું હતું કે "હાલમાં જે આળસમાં હું દહાડા કહાડું છું તે મને બીલકુલ પસંદ નથી. અગર જો કે ઉપરથી ખૂશીમાં રહેવાની મને જરૂર પડે છે તોપણ મારૂં મન હમેશાં બળ્યાજ કરે છે; અને જે વખત હું મારા મિત્રોની સાથે ગપ્પામાં ગાળું છું તેજ વખત તારી પાસે ગાળવાને મારૂં મન બહુ તલસે છે."

મારી સ્ત્રીની દૃઢતા અને મહેનત શિવાય પોતે તથા મારો છોકરો મારાપર લગારે આધાર રાખ્યા શિવાય રહી શકે એ તદન અશકય હતું. મિ. ક્રોફ્ટ સિવાય તે કોઇની પાસેથી પૈસા સંબંધી મદદ લેતી નહોતી. મિ. ક્રોફ્ટ નિયમસર ઘરનું ભાડુ ભર્યે જતો હતો; તેણે કેટલીક સ્ત્રીઓ સાથે લ્યુસિનું ઓળખાણ કરાવ્યું હતું; તેમને શિવણ ભરતનું કામ પોતે શિખવતી હતી. આ કામમાં તે ઘણીજ હોંશીઆર હતી; તેથી આમાં એને ઘણા સારા પૈસા મળતા. અમે ત્રણ વર્ષ અને ત્રણ મહિના ફીલેડેલ્ફિયામાં રહ્યાં, તે મુદતમાં એણે મારી પાસે એક પાઇ પણ માગી નથી કે ખરચાવી નથી. પણ આના કરતાં આવા વખતમાં જે ખૂશ મિજાજ મારા તરફ તે રાખતી તથા મને કોઇ દિવસ ઠપકો ન દેવાને કે સામા ન થવાને જે શાંતતા

રાખતી તેને માટે હું એને વધારે સાબાશી આપુંછું. ઘણી સ્ત્રીઓ જેઓ ઘરની ઘણી સારી વ્યવસ્થા રાખનારી કહેવાય છે, તેઓ જેટલો ઘરમાં બચાવ કરેછે તેનાથી દશગણો પોતાના પતિને ખેદ કરાવે છે. આવી પ્રકૃતિ લ્યુસિની નહોતી; અને એટલા માટે હું એનું માન અને પ્રતિષ્ઠા રાખતો એટલુંજ નહિ પણ હું એને ખૂબ ચ્હાતો. મને એમ આશા હતી કે આ બાબત સાબિત કરી આપવાનો અને કદિ છુટા નહિ પડવાનો વખત ઘણો પાસે આવે છે. પરંતુ અપશોચ ! મારા વિચાર કરતાં તેનો વિચાર વધારે ખરો હતો.

મારા મિત્ર હુડસનને ઉમર લાયક થવાને હવે ફક્ત દોઢજ મહિનો બાકી હતો. એટલામાં કમનશીએ ફીલેડેલ્ફિયામાં ઇંગ્લાંડથી એક નાટક મંડળી આવી. જે બાબતમાં ગમ્મત પડે તેવી દરેક બાબતનો હુડસન ઘણો શોખીન હોવાથી આ મંડળીનો પહેલોજ ખેલ જોવા જવાની તેણે મને તાણ કરી. નાટકમાં કેટલીક સ્ત્રીઓ હતી. અને તેમાં મેરીયન નામની એક છોડી હતી. આ છોડી રૂપમાં તો સાધારણ હતી, અને ભટકણ લોકની ટોળીને લાયક હતી; પણ તે મનહરણ કરી લે એવી રીતે નાચતી હતી. તે રાત્રે દરેક પ્રવેશમાં તે ઘણું નાચી. હુડસન ખૂબ ખુશી થઇને વારે વારે તાળીઓ પાડવા લાગ્યો. આથી હું તદન અધીરો થઈ ગયો. તે ઘણોજ ખૂશ થઈ ગયો હતો, અને જેમ જેમ હું એના દોષ કાઢતો તેમ તેમ એ એને ખૂબ વખાણતો. મને માલૂમ પડયું કે મિ. હુડસન એના મોહપાશમાં ખેંચાય છે અને પરિણામ સારૂં થવાનું નથી. તેથી હું મોટેથી બોલ્યો કે “ તે અહીં આવીજ ન હોત તો બહુ સારૂ થાત. ” ટુંકામાં એટલુંજ કહેવાનું કે આ છોડી માટે જેમ જેમ એનો મોહ વધતો ગયો તેમ તેમ મારી દોસ્તી ઘટવા લાગી; કારણ કે હું વારે વારે એની આંખ

ઉધાડવાને એની સાથે તકરાર કરતો. મને માલૂમ પડ્યું કે આ છોડી ઘણી ચતુર છે, પોતાની સત્તા કેટલી છે તે પોતે જાણે છે, તથા પોતાના મોહપાશમાં પડેલા આશકને ગમે તેમ સમજાવીને પરણશે. હડસન જ્યારે જ્યારે ગુસ્સે થતો ત્યારે ત્યારે ઉછાંછળો અને તોછડો થતો; તેણે ક્રોધમાં આખરે મારી સાથે લડાઈ કરી, તે છોકરીને પોતાની સાથે જમૈકામાં લેઈ ગયો, અને જે દિવસે પોતે ઉમર લાયક થયો તેજ દિવસે તેની સાથે પરણ્યો, તથા પોતાનો ગ્રાસ સંભાળવા લાગ્યો. સરકારી જમીન મળવા વિષેની સઘળી આશાઓનો હવે અંત આવ્યો ! ! !

લ્યુસિ જે મારા દુઃખના સમયની સાથી હતી તેણે કહ્યું "તમારા મિત્રની મૂર્ખાઈ બતાવવામાં તમારા લાભના જોખમે પણ તમે તમારી ફરજ બજાવી છે; અને તમે તેની સાથે લડાઇ કરી તેથી હું ગુસ્સે ન થતાં ઉલટી ખુશી થઇ છું. સઘળી બાબતો તરફ વિચાર કરીને તમે તમારી લાગણી બદલી નથી એ ઠીક કર્યું છે."

મારા ઇતિહાસ તથા ચાલ ઉપર વિચાર કરતાં મને દયા ઉપજે છે કે મારામાં કેટલાક સારા ગુણો અને બુદ્ધિ છતાં ફક્ત એક દેખાતી નાની ખોડ(જે ખોડની કુટેવ થઇ ગઇ છે) ને લીધે પ્રયત્ન કરતાં છતાં પણ કશામાં હું ફતેહમંદ થયો નહિ. લ્યુસિની સલાહથી નિશ્ચય કર્યું કે મિ. ક્રોફટને એક ચીઠ્ઠી મોકલવી કે ફરીથી થોડા દિવસની મહેતલ આપે. મેં આ ચીઠ્ઠી બીજા દિવસ સુધી મોકલવાને મુલતવી રાખી. અને બીજે દિવસે સવારમાંજ નવી પરણેલી પોતાની એક છોડીને જોવાને માટે દૂરના ભાગમાં જવાને તે ઉપડી ગયો.

હું આથી ઘણો ચિડાઇ ગયો, અને આ ખરાબ વિચારો મનમાંથી કાઢી નાંખવા કોઈ પણ સારૂં કામ કરવાને બદલે શિકાર કરવા ગયો. મેં કેટલાક તુર્કિમરઘાને માર્યા.

જ્યારે ઘેર આવ્યો ત્યારે હમેશના રિવાજ મુજબ વૃદ્ધ હુડસનને ત્યાં જઇને તે મેં સર્વ રસોઇઆને આપ્યા. રસોડામાં એક કુતરો હતો તેને હું ખવરાવવા લાગ્યો, અને રસોઇઓ તુર્કિ મરઘાને સાફ કરવા મંડયો. તેવામાં એક મરઘાના અન્નાશયમાં કેટલાંક ચળકતાં લીલાં પાંદડાં તથા કેટલીક કુંપળો માલુમ પડી. મને એમ શક આવ્યો કે આ પાંદડાં તથા કુંપળો "કેલ્મિઆ લેટીફોલીઆ" નામના ઝેરી છોડવાનાં હશે; મને બરોબર ખાતરી થઈ નહોતી; કારણ કે **ચીન** જતાં પહેલાં વનસ્પતિ સંબંધી મારૂં જે ભાગ્યું તુટયું ન હતું તે સર્વ જતું રહ્યું હતું. અવકાશની વેળાને તપાસી જોવા તથા વનસ્પતિ વિદ્યામાં આપેલા વર્ણન સાથે મેળવવાને તે પાંદડાં હું ઘેર લેઇ ગયો. મેં રસોઇઆને કહ્યું કે જ્યાં સૂધી હું કાંઇ કહું કે કહેવડાવું નહિ ત્યાં સૂધી એ મરઘાં કામમાં લેઈશ નહિ. બીજે દિવસે પુસ્તકની અંદર એ વિષે જોવાને હું પુસ્તકશાળામાં ગયો. પણ ઈંગ્લાંડથી આવેલા નવા સમાચાર વાંચવામાં મારૂં મન રોકાયું. મેં કહ્યું "**કાલજ તપાસીશ,** રસોઇઓ મરઘાં આજ કામમાં લેશે નહિ. વૃદ્ધ હુડસનને મરઘાં એક બે દિવસ રાખ્યા સિવાય પસંદજ નથી."

બીજે દિવસે હું તપાસ કરવાનું ભૂલી ગયો. સાંજરે મેં તે પાંદડાંને મેજપર પડેલાં જોયાં. મારા નાના છોકરાના હાથમાં ન આવે અને તે ખાઇ ન જાય એટલા માટે મેં તેમને વેગળાં મૂક્યાં. "આજે" ન તપાસાયાં તેને માટે હું દિલગીર થયો. પણ પહેલાની માફકજ બોલીને મેં મન વાળ્યું. "**આવતી કાલે તપાસીશ,** રસોઇઓ તેમને તૈયાર કરશે નહિ, એ ત્રણ દિવસ સૂધી રાખી મૂકયા પછીજ વૃદ્ધ હુડસનને તે પસંદ પડે છે." બીજો દિવસ થયો, પણ તે પતાં વેગળાં મૂકયાં હતાં તેથી મને તે વિષે કાંઈ યાદ આવ્યું નહિ. તે દિવસે મારે કોટવાળને ત્યાં

જમવાનું આમંત્રણ આવ્યું હતું. ભોજન કરનાર ઘણા માણુસો હતા; અને ભોજન પછી હમેશના શિરસ્તા મુજબ મને ગાવાને માટે કહ્યું. હું એક ગીત શરૂ કરતો હતો તેટલામાં એક પુરૂષ શ્વાસભર્યો દોડતો દોડતો આવ્યો, તેના હોશકોશ ઉડી ગયા હતા; તે કહેવા લાગ્યો કે "મિ. **હડસન** અને મારી સાથે જમનારા બીજા ત્રણ ગૃહસ્થો ખાધા પછી એકદમ બેભાન થઈ ગયા છે અને તેમની જીવવાની આશા નથી." મારાં ગાત્ર તરતજ શિથિલ થઇ ગયાં, અને હું બોલી ઉઠયો કે "અરે ઈશ્વર આને માટે હું જવાબદાર છું." હું આમ બોલ્યો કે તરતજ તે ઓરડામાં સઘળા ચુપ થઈ ગયા; અને દરેક મનુષ્યે વિસ્મય તથા ત્રાસથી મારા તરફ જોવા માંડયુ હું મારી ખુરશીમાં મૂર્છિત થઇને પડયો, અને પાછળથી શું બન્યું તે હું જાણુતો નથી પણ જ્યારે હું શુદ્ધિમાં આવ્યો ત્યારે મેં બે જણુને મારી ચોકી કરતા જોયા. ટેબલપર હજુ સૂધી પ્યાલા અને શીશીઓ હતી; પણ સર્વ સમાજ વિખરાઇ ગયો હતો અને મારી ચોકી કરનારના કહેવા પ્રમાણે કોટવાળ **મિ. હડસનની** મરણ સમયની સાક્ષી લેવાને ગયા હતા.

અકસ્માત કે ભયના બનાવોમાં જેમ અતિશયોક્તિ કરી વાત ચલાવવામાં આવે છે તેમ આ બનાવમાં પણ થયું. અગર જો કે મિ. **હડસન** ઘણો માંદો હતો, તોપણ તે મરે એવો નહોતો. એના ત્રણ પરોણા થોડા કલાક પછી બરોબર શુદ્ધિમાં આવ્યા. **મિ. હડસને** ઘણોજ આહાર કર્યો હતો તેથી બે દિવસ સૂધી બરોબર શુદ્ધિમાં નહોતો ત્રીજે દિવસે હમેશની માફક ભોજન સમયે મિત્રમંડળમાં બેસવા લાયક તે થયો. અને આથી મારૂં મન અસહ્ય વેદનાથી મુક્ત થયું. તપાસ કરતાં કોટવાળને માલુમ પડયું કે હું નિરપરાધી છું. રસોઇઆએ સાચે સાચું કહી દીધું, પક્ષિઓને તૈયાર કરતાં પહેલાં મને પૂછી મંગાવ્યું નહીં તેને

માટે પોતાનો દોષ કાઢયો. પણ પોતાને મુક્ત કરવા એમ કહ્યું કે "પાંદડાં ઘેર લઇ જઈ તપાસ્યા પછી એમને એમ લાગ્યું હશે કે એથી કાંઇ હરકત થાય એમ નથી અને એટલા માટેજ એ મને કાંઇ કહેવા આવ્યા નહિ."

તરતજ મને છુટો કીધો અને હું ઘેર ગયો. મારી સ્ત્રી મને એકદમ વળગી પડી. તે એક શબ્દ બોલી શકી નહિ. આ ભયંકર સમયમાં પોતાની દશા કેવી થઈ હતી, તે એણે પોતાની અનહદ ખૂશીપરથી વિચારી લેવાનેજ મને સોંપ્યું. આ કમનશીબ અકસ્માત બન્યા પછી થોડા વખત સૂધી ફીલેડેલ્ફિયામાં આ વિષય સાધારણ થઈ પડ્યો હતો. જુદા જુદા લોકો જુદી જુદી રીતે વાત કહેતા, અને એનાપરની ટિકા મારા હકમાં હજાર દરજ્જે નુકશાનકર્તા હતી. પક્ષિના ચારામાંથી જડેલાં પાંદડાં તપાસવાની મેં ઢીલ કરી તેને માટે કેટલાક મારો દોષ કાઢવા મંડયા. ખરૂં જોતાં આને માટે હું સખ્ત ઠપકાને લાયક હતો. કેટલાક એમ ધારવા લાગ્યા કે જે મિત્રોએ ઘણા વર્ષ સૂધી સરસ રીતે આદરસત્કાર કર્યો હતો, તેવા મિત્રોના અને જાતિ બંધુઓના જીવનનો જેમાં આધાર રહેલો હોય, તેવા વિષયમાં કોઇ પણ મનુષ્ય મંદ અને ભૂલણીઓ થાય એ તદન અશકય છે; અને બીજા કેટલાક દુર્જનો એમ કહેવા લાગ્યા કે અગર જો કે કોટવાળનો તેમજ મિ. હડસનનો મારાપર અનુગ્રહ હતો, તોપણ જે બાબત જાહેરમાં મુકવામાં આવી છે તેના કરતાં અંદરખાને કાંઇ વધારે હશે. અને બાકીના બીજા ખુલ્લી રીતે એમ કહેવા લાગ્યા કે પાંદડાંનું તો બ્હાનુંજ છે પણ એ કાંઈ ખરી વાત નથી; કારણ કે આવાં પત્તાંથી પક્ષિઓને કાંઇ ઝેર ચઢે નહિ. આવું મહાપાપ કરવાનું શું કારણ હશે તે પણ લોકોએ જોડી કહાડયું હતું. સર્વ એમ કહેતા કે "એનો

ધારેલી સાહસિક ધારણાઓ પુરી પાડવાને માટે વૃદ્ધ હડસને એને ઘણો પૈસો વારસા તરીકે આપવાનું કબુલ કર્યું હતું, અને તેથી એણે અધીરા થઇને આવું કર્યું છે.” મારા સર્વ સ્નેહીઓની રીતભાત એકદમ બદલાઈ ગયેલી જોઇને હું જેટલો અચંબો પામ્યો તેટલોજ મને ઉદ્વેગ થયો. મારા તરફની લોકપ્રીતિનો રૂપાન્તર થયો, અને અમારો ત્યાગ કરવામાં આવ્યો. જેઓ અત્યાર સુધી મારી સાથે ગાઢા સંબંધમાં રહ્યા હતા, જેઓએ મને અનુરંજન કર્યો હતો, જેઓએ મારી સ્તુતિ કરી હતી, મારી મિથ્યા પ્રશંસા કરી હતી, અને જેઓએ ઘણીવાર “હમે તમારા મિત્ર” છીએ એમ કબૂલ કર્યું હતું તેઓ સઘળા કંઇપણ સંભવ વિના મને આ ઘોર મહા પાપનો કર્ત્તા ધારશે એવું મેં સ્વપ્નામાં પણ ધાર્યું નહોતું. ખરૂં જોતાં એમ હતું કે એ વિષય ઉપર વિચાર કરવાની તસ્દી લેવાને તેઓ ખૂશી નહોતા; પણ જે મનુષ્યનાં ગીત અને વાર્ત્તાઓથી તેઓ કંટાળી ગયા હતા તે મનુષ્યનો પરિચય બંધ કરવાનું બ્હાનું મળ્યું તેથી ખૂશ થયા હતા. તેમજ શેરોની ટીપમાં પોતે જે રકમો ભરી તે રકમોની ઉઘરાણી થયેલી જોવાને તેઓ ઇચ્છતા નહોતા.

દુનિયા આવીજ છે! જેઓને આપણે આપણા તન-બદન મિત્રો ગણીએ છીએ, જેઓને આપણા દિલાસો દેનાર સમજીએ છીએ, જેઓને આપણી સુખસંપત્તિ, ચડતી પડતીના સાથી ગણીએ છીએ, તેઓજ અણીની વખતે એકદમ આપણને તજી જતા રહે છે. દુનિયામાં ઘણું કરીને બે તરેહના મિત્રો જોવામાં આવે છે. એક તો હમેશાં—સુખ યા દુઃખમાં—સંપત્તિ યા વિપત્તિમાં—સાથેજ રહે છે. બીજા કેટલાક હોય છે તે ફક્ત સુખનાજ સાથી હોય છે. આ પાછલી પંક્તિના પુરૂષો દુનિયામાં વધારે જોવામાં આવે છે; પરન્તુ પહેલી પંક્તિનાં તો ક્વચિતજ જણાય છે,

અને વીરલાજ હોય છે. બીજી પંક્તિના પુરૂષો ફક્ત સ્વાર્થ સૂધીજ સગાઇ રાખે છે; પણ પોતાનો સ્વાર્થ સર્યો, પોતાના કામમાં ફતેહમંદ થયા. અગર કોઈ પણ તરેહનો લાભ પ્રાપ્ત થયો કે તરતજ “ગરજ સરી એટલે વૈદ્ય વેરી” એમ કરે છે. જ્યાં સૂધી પોતાને ગરજ હોય છે ત્યાં સુધી બીજાની આજીજી કરે છે, વખાણુ કરે છે, એ પૈસા ખરાબ કરે છે, અને હરેક વાતે મરજી ઉઠાવે છે. કેટલાક એવા પણુ પડયા છે કે ઉપરથી મિત્રતા બતાવી અંદરથી તેનુંજ ભૂડું કરવામાં મશગૂલ રહેછે. આવા માનવીરૂપે રાક્ષસો ઉપરથી તો મિત્રાઇનાં વખાણુ કરે છે, મિત્રતા કરવી જોઇએ તેને માટે મોટાં મોટાં ભાષણો કરે છે, અને મિત્રતા વિશે નિબંધો લખતાં પણુ અચકાતા નથી; પરન્તુ તેઓ મનમાં તો એટલા બધા મેલા હોય છે કે મિત્ર એ શું છે તેનો પોતે લખે છે તથાપિ ખરો અર્થ સમજતા નથી ! આવા અક્કલના નમુના પોતાની વિદ્યા, જ્ઞાન, પૈસા ટકો વિગેરેનું ગમે તેટલું અભિમાન રાખે, તોપણ આખરે તેઓનું પોગળ જણાઈ આવે છે, અને તેઓ મિત્રતા કરવાને કેટલા પાત્ર છે તે પણુ બહાર પડે છે. ત્યારેજ આવા અક્કલના દુશ્મનોને માલૂમ પડે છે કે ‘મારી યુક્તિ આ તો સમજી ગયો.’ એક જણુ સાથે મિત્રતા છતાં દગો ફટકો રમી સંતોષ ન પામવાથી બીજા સાથે પણુ રમવા જાય છે અને કેટલેક દરજ્જે તેમાં પણુ ફાવે છે તથા પોતાને જે લાભ લેવો હોય છે તે પણુ લે છે; પણુ પાપનો ઘડો પાછળથી ફુટે છે, આ લોકમાં તેમની દુષ્ટતાની ખબર પડે છે, ખાસડાં ખાય છે, અને સર્વની ધિક્કારવૃત્તિનો ભોગ થઇ પડે છે. જેઓ એકવાર મિત્રતાનો ડોળ ઘાલી પાછળથી—પોતાના સ્વાર્થ સર્યા પછી—દુશ્મન નિવડે છે તેઓને ઈશ્વરને ત્યાં શો ન્યાય મળશે તે જગતપ્રસિદ્ધ છે. જેનાપર મિત્ર જાણી પ્રથમથીજ વિશ્વાસ મૂક્યો તેજ જ્યારે પાછળથી વિશ્વાસ-

ઘાતી નિવડે છે ત્યારે ઇશ્વરે તેને માટે ઘોર નર્કજ સજી મૂકેલું છે; કારણ કે—

विश्वासेप्रतिबद्धानांयेनृविश्वासघातिका. ।
तेनर[illegible]न्तियावच्चन्द्रदिवाकरौ ॥

પ્રથમ પંક્તિના પુરૂષો અગર જો કે વીરલાજ જોવામાં આવે છે તોપણ તેઓ ઘણા માનને પાત્ર છે. જેઓ ખરા મિત્ર છે, જેઓએ પોતાનું તન, મન તથા ધન ખરા મિત્રના સુખ માટે ઝીકાવી દીધું છે, અને જેઓ એવા મિત્ર માટે હમેશાં દરકાર રાખેછે તેવાઓનું મન કેવું નિર્મળ તથા સ્વાર્થરહિત હોયછે તે તો ફક્ત અનુભવીજ જાણે છે. જે સુખ તથા શાન્તિ આવો મનુષ્ય અનુભવે છે તે સુખ તથા શાન્તિ બીજી પંક્તિનો પુરૂષ સ્વપ્નામાં પણ ભોગવતો નથી; માટે મિત્ર કરવો તો હમેશાં ઘણી સાવચેતીથી તથા પરીક્ષા પછીજ કરવો. જે કોઇ મિત્રતાનો હક ધરાવવા આવે તે દરેકને પોતાનો હાથ આપી તનબદન મિત્રતા બાંધતાં પહેલાં પૂર્ણ વિચાર કરવો. જેઓને સારી સદ્‌ગુણી સ્ત્રી મળી છે તેવાઓને આવા મિત્રોની ભાગ્યેજ જરૂર પડે છે; કારણ કે સારી સ્ત્રી એકલા મિત્ર તરીકેની ગરજ સારે છે એટલુંજ નહીં પરંતુ જે કાંઇ મિત્ર આપી શકતો નથી તે તે આપી શકે છે. મારે પણ આમજ બન્યું હતું. હ્યુસિ મારા સુખના વખતની તેમ દુઃખના વખતની ભાગિયણ હતી. બીજી સ્ત્રીઓની માફક મને દુઃખને સમયે એકલો મૂકી ન જતાં તે હમેશાં મારી સાથેજ રહી એક તનબદન, ખરા, નિઃસ્વાર્થી મિત્રની ગરજ સારતી; અગર જોકે આ વખતે જેઓને હું મારા મિત્રો ધારતો તેઓ સઘળા મને તજી દઇ કચવાતો, પિડાતો, ભૂખે મરતો તથા કંગાલ થતો મૂકીને ચાલતા થયા, તો પણ હ્યુસિ હિંમત હારી નહિં. તે પ્રથમથીજ ધારતી હતી કે પાછળ તેઓ આવાજ નિવડવાના છે; માટે આ

વખતે તેણે પોતાની સઘળી શક્તિ વાપરી મને હિંમત આપવા માંડી તથા કોઈ પણ તરેહની ચિન્તા ન કરવાને સમજાવવા માંડી. ભવિષ્યને માટે શું પગલું ભરવું તેનો આગળપર વિચાર કરીશું એમ કહી મારૂં મન સંતોષ્યું. તથા હવે પછીથી મિત્રો કેવા કરવા તેનો પણ સારો વિનંતિ તરીકે બોધ આપ્યો. આ વખતે મને મારી સ્ત્રીનો ખરો ઉત્તમ સ્વભાવ માલુમ પડ્યો. અને મારા મનથી નિશ્ચય કર્યો, કે આ દુનિયાની અંદર સ્વાર્થ રહિત પુરૂષો ઘણાજ થોડા છે તેથી આ વિષયપર બહુ ચિન્તા ન કરતાં મારૂં સારૂં થાય તેવાં પગલાં ભરવાં, કારણ કે—

कारणेनभविष्यन्तिमित्राणिरिपवस्तथा

અર્થાત્ મિત્રો તથા દુશ્મનો કારણ પરત્વેજ ઉભા થાય છે.

પ્રકરણ ૭ મું.

ભાગ્ય બદલાય પણ વળગેલી કુટેવ બદલાતી નથી.

ફિલેડેલ્ફિઆમાં મારી સ્થિતિ એવી તો અપ્રસન્ન થઇ હતી અને મને એટલો બધો ઉદ્વેગ અને રોષ થયો હતો કે એ દેશ તજવાનો મેં નિશ્ચય કીધો. મારો ખરો મિત્ર મિ. ક્રોફ્ટ આ સઘળો વખત શહેરમાં નહોતો. મને ખાત્રી છે કે જો એ ત્યાં હોત, તો તે મારા તરફ ન્યાયથી વર્ત્યો હોત. કારણ કે અગરજો કે તે મને ચહાતો નહોતો તથાપિ તે ન્યાયી અને એકદમ વિચાર બાંધી લે નહિ તેવો હતો અને તેથી કરીને લોકોના દુરાગ્રહને એકદમ મળતો ન આવત. આ શિવાય એની ગેરહાજરીથી મારે નાખુશ થવાના બીજાં પણ કારણો હતાં; પૈસા શિવાય અમેરિકા મારાથી

સગવડ ભરેલી રીતે છોડાય તેમ નહોતું અને કોઇની પાસે પણ પૈસા માગી શકું અગર ઇચ્છા રાખું એવો માણસ ફક્ત તે એકજ હતો. મારે કાંઇ ઘણું દેવું નહોતું; આને માટે મારી સ્ત્રીનો ઉપકાર માનવો જોઇએ; પણ અમારી પાસે જે પૈસા હતા તે માગતામાં આપ્યા એટલે પાસે એક પાઇ રહી નહી, અને મુસાફરીને માટે જોઇતા પૈસા સારૂ મારે મારૂ ઘડીયાળ અને કેટલાંક રમકડાં વેચવાં પડ્યાં. આવું કામ મેં કોઈ પણ દિવસ કર્યું નહોતું. હું નિક્ષેપવ્યવસાયી (રકમપર પૈસા ધીરનાર) ને ત્યાં જવાં શરમાતો હતો, કારણ કે રખેને કોઇ મારો મિત્ર મને મળે અને ઓળખે એવી મને ધાસ્તી હતી. આથી મેં એક મોટી ચાદર ઓઢી. અને મારૂં મોં ઢંકાય એવી રીતે ટોપી પહેરી.

તીર્થસ્થાન આગળ થઇને હું જતો હતો તેટલામાં કેટલાક ગૃહસ્થોનું એક ટોળું મળ્યું. હું તેમનાથી સંકોચાચાઇને સંતાતો ચાલ્યો ગયો પણ તેમાંથી એકજણે ઉભા રહીને મારી પાછળ જોયું, અને અગર જોકે તે મને ન જોઈ શકે તેટલા માટે હું એક ગલીમાં પેંઠો તો પણ હું ન જાણું તેમ તે મારી પાછળ પાછળ આવ્યો. જેવો હું નિક્ષેપવ્યવસાયીની દુકાનમાંથી બહાર નીકળ્યો તેવો મેં તેને મારા સામો ઉભેલો જોયો. મારે એની થડોથડ થઇને જવું પડ્યું, અને તેજ વખતે આ ઉદ્ધતાઇને માટે મેં તેને ખુબ પ્રસાદી આપી હોત. મેં એ મોહોલ્લો વટાવ્યો નહિ હતો. એટલામાં એક છોકરાએ પાછળથી મને બોલાવ્યો. હું ઉભો રહ્યો, અને તે છોકરાએ મારા હાથમાં મારૂં ઘડિયાળ મૂક્યું. અને કહ્યું કે "પેલા ગૃહસ્થે કહેવડાવ્યું છે કે, આ તમારૂં ઘડિયાળ તથા રમકડાં તમે અત્રે ભુલી ગયા હતા."

મેં પુછ્યું "કીયો ગૃહસ્થ ?"

"સાહેબ એમને હું ઓળખતો નથી; પણ એમણે મને

કહ્યું 'કે તું પ્રમાણિક છે તેથી આ કામ તને સોંપું છું,' એમ કહીને તમને ઘડિયાળ આપવાને મને મોકલ્યો. એમણે આસમાની ડગલો પહેર્યો છે અને તીર્થસ્થાન તરફ ગયા. હું આટલુંજ જાણું છું."

જે કાગળે રમકડાં વીંટયાં હતાં તે કાગળને ઉઘાડયો ત્યારે માંહી એક કાર્ડ હતું અને તેમાં નીચે પ્રમાણે લખ્યું હતું.

"ઘણા ઉપકારની સાથે, **બાર્નીની** સલામ."

બાર્નિ ! ગરિબ **બાર્નિ** ? પેલો આઇરીશ ! જેનું ભાડું મેં ત્રણ વર્ષપર અમેરિકા આવતાં ભર્યું હતું તે ! શું આ ખરી વાત છે ?

પેલા છોકરાએ મને જે રસ્તો બતાવ્યો હતો તે રસ્તે હું તેની પાછળ દોડયો, અને જેવો તે એક સ્વચ્છ અને સુંદર મકાનમાં પેસતો હતો તેવો મેં એનો ડગલો જોયો. થોડી વાર પછી બહાર આવશે એમ ધારીને હું ત્યાં આમ તેમ ફરવા લાગ્યો; કારણ કે એ ઘર **બાર્નિનું** હશે એમ મારા સ્વપ્નામાં પણ ન આવે. સાથેના ઘરમાં એક ગાંધી રહેતો હતો, તેણે જ્યારે પોતાની બારીમાંથી બહાર જોયું ત્યારે મેં એને પૂછ્યું કે આ સાથેના ઘરમાં કોણ રહે છે તે તમે જાણોછો ?

"**ઓગ્રેડી** નામનો એક આઇરિશ ગૃહસ્થ," તેણે જવાબ દીધો.

મેં પૂછ્યું કે એનું આખુ નામ શું છે ?

તેણે કહ્યું કે આ રહ્યું મારી ચોપડીની અંદર જુવો—**—બાર્નિ ઓગ્રેડી.** મેં મિ. **બાર્નિના** ઘરમાં પ્રવેશ કર્યો, અને દીવાનખાનામાં હું ગયો ત્યાં એ, એના છોકરા અને એની સ્ત્રી સર્વ સલાહશાન્તિથી ચાહ પીવાં બેઠાં હતાં. મને જોયો કે તરતજ એ તથા એના બન્ને છોકરા મને માન આપવાને ઉઠયા. મને ખુરશીપર બેસારીને **મી. બાર્નિએ**

કહ્યું કે "મારે ત્યાં આપ પધાર્યા તે મોટો ઉપકાર થયો; મને આશા નહોતી કે આપ મારાપર આટલા બધા કૃપાળુ થશો. તમારી ઉદારતા શિવાય જે ઘરની અંદર અમે પગ પણ મૂકવા સમર્થ ન થાત તે આ ઘરની અંદર સૌથી સારામાં સારી બેઠક આપની સેવામાં હાજર છે; અને તેમ ન કરૂં તો દુનિયામાં મારા કરતાં બીજો કૃતઘ્ની કોણ કહેવાય?"

એના બે છોકરાઓએ મારો મેલો ડગલો કાઢી નાંખ્યો, અને મારી ટોપી પણ લેઇ લીધી, અને મારી ટાઢ ઉરાડી નાંખવાને બનતો પ્રયત્ન કરવા લાગ્યા. તેઓએ મારી આગતા સ્વાગતા એવી તો લાગણીથી કરી કે મારી આંખમાંથી હર્ષશોકાશ્રુ પડતાં ઘણીજ મુસ્કેલાઇથી હું અટકાવી શક્યો. આ તેઓને માલૂમ પડ્યું, તેથી બાર્નિ (હું એને બીજા કોઇ પણ નામે નહિ બોલાવું) એ એમ ધાર્યું કે, બેસિલની પોતાની વાત કરવા કરતાં કોઈ પણ સામાન્ય વિષયપર વાત કરવી એ સારૂં છે.' અને પોતાના છોકરાઓને પૂછ્યું કે "તમે આજનું વર્તમાનપત્ર વાંચ્યું છે? તેમાં શી નવાજુની છે?"

હું મારા મનને બરાબર સ્વસ્થ કરી શક્યો અને બોલવાની શક્તિ બરાબર લાવી શક્યો કે તરતજ, તેઓ સારી સ્થિતિમાં હતા તેને માટે મેં મુબારકબાદી આપી; અને પૂછ્યું "આવી સારી સ્થિતિએ તમે શી રીતે પહોચ્યા?"

બાર્નિએ કહ્યું કે "અમેરિકા આવવાને માટે હું નિકળ્યો તે પહેલાં અગર ત્યારથી કાંઈ પણ ભાગ્યસૂચક બનાવ બન્યો હોય તો તે એજ હતો કે તમારા જેવા સુજ્ઞ પુરૂષ જે વહાણમાં હતા તેજ વહાણમાં હું અત્રે આવવાને બેઠો. જો તમે મને પ્રથમથીજ ઉંચકી લીધો (મદદ કરી) ન હોત તો હું હમેશને માટે ગરીબ સ્થિતિમાંજ રહ્યો હોત; અને ઘણા વખત સૂધી બીજા લોકોના ધિક્કારનું કારણ થઈ પડ્યો હોત. પણ તમારી એ મદદ પછી સર્વ ઠીક થયું.

ઇશ્વર તમારૂં ભલું કરે કે મારા બે છોકરા મારી પાસેથી લેઇ લેવામાં નહોતા આવ્યા. બન્ને છોકરા મારી સાથે મહેનત કરવા લાગ્યા, અને મનથી કે તનથી કોઈ પણ રીતે છૂટા પડયા શિવાય અમે કામ કરતાજ ગયા. અમે જેટલા પૈસા કમાતા તેટલા પૈસા આ સુજ્ઞ સ્ત્રીને આપતા; પ્રથમ ઘણીજ કંજુસાઇથી ખર્ચ કરવા લાગ્યા. કોઇપણ તરેહનું વ્યસન કરવાના સોગન ખાધા. ડબ્લીનમાં એક કડીઆ પાસે હું મજૂરી કરતો હતો તેથી એ બાબત મને થોડી ઘણી માહિતી હતી; જેટલું હું જાણતો હતો તેટલાનો ઘણો સારો ઉપયોગ કરવા લાગ્યો, અને તેથી કોઇ પણ બાબતમાં મને હરકત પડતી નહીં. હું કામ કરવા લાગ્યો, અને દિવસે દિવસે મને વધારે રોજ મળતો ગયો. મારા બન્ને છોકરાઓનું પણ તેમજ બન્યું. એકજણ લુહારનું થોડુંક કામ જાણતો હતો અને બીજો સુથારના કામમાં કાંઇક માહિતગાર થયેલો હતો. એક જણને કારખાનામાં પુષ્કળ કામ મળતું અને બીજાને ગોદીમાં વહાણનું કામ મળતું. તેથી સવારમાં કે સાંજે, વહેલા કે મોડા અમે હમેશાં કામમાં ને કામમાંજ રહેતા. આ પ્રમાણે અમે એક વર્ષ સુધી ચલાવ્યું અને વર્ષ આખરે માલમ પડયું કે, આ પ્રમાણે મળેલા રોજને લીધે હમારી સ્થિતિ ઘણી સારી થઈ હતી. ઘેર મારી સ્ત્રી કાંઈ સુસ્તાઇમાં બેસી રહેતી નહોતી. જ્યારે તે નાની હતી ત્યારે રાંધવાનું સારૂં શિખી હતી અને તે તેને બરોબર યાદ હતું. આ વિષયપર તેણે પોતાની ચતુરાઇ બતાવી સારી રોટલીઓ વિગેરે કરીને તે વેચવા લાગી. ઘરાકો પુષ્કળ આવવા લાગ્યાં અને ખૂબ ખપત થઈ. જ્યારે હું મુખ્ય કડિયો (મીસ્ત્રી) થયો, અને મારા તાબામાં થોડાંક માણસો આવ્યાં ત્યારે મેં ઉધડ રાખીને ઘર બાંધવા માંડયાં ત્યારે મારે મારૂંજ ઘર બાંધવાનો વખત આવ્યો. મારા માણસોની મદદથી મેં મારૂં ઘર ચણ્યું. છોકરાઓ

તેમના કામમાં પણ ઘણા પ્રવીણ થયા; અને પછી તેઓ સારાં કપડાં પહેરતા તો કોઈ પણ એમની ચેષ્ટા કે અદેખાઈ કરતું નહિ; કારણ કે તેઓએ પોતાની મહેનતથી ઉપાર્જીત કરીને તેમને પહેર્યાં હતાં. ટુંકામાં એટલુંજકે હમે સારી સ્થિતિમાંથી વધારે સારી સ્થિતિમાં આવ્યા અને આખરે ઉત્કૃષ્ટ સ્થિતિમાં આવી પહોંચ્યા. જો અમને કોઇ પૂછે કે તમે દુનિયામાં આવી સારી સ્થિતિએ શી રીતે ચડી શક્યા તો મારા ખરા અન્તઃકરણથી એમજ કહેવાનું કે 'અમે કોઇ પણ દિવસ રાત્રે દારૂ પીને બીજે દિવસ નકામો ગાળ્યો નથી તેમજ જે કામ અમે આજ કરી શકીએ તે કાલ સુધી **મુતલવી રાખ્યું** નથી.'

જ્યારે એણે આ ટિકા કરી ત્યારે મને માલૂમ છે કે મેં નિસાસો નાંખ્યો. મેં નિસાસો નાંખ્યો તેના ઉત્તરમાંજ જાણે પોતે કહેતો હોય તેમ ભલા **બાર્નિએ** કહ્યું કે "પણ જેઓ જન્મથીજ ગૃહસ્થ છે તેને માટે આ નથી; તેમજ જેમણે કોઈ દિવસ કડિયાનું અગર સુથારનું કામ કર્યું નથી તેવા આદમીએ **અમેરિકામાં** આવીને અમારા જેવું ન કર્યું તેને માટે હું કાંઇ તેને અપમાન પહોંચાડતો નથી. સઘળી વાત જવા દઇને હું સૂકો પાકો રોટલો વિગેરે જે કાંઇ હાજર હોય તે આપની સેવામાં રજુ કરૂંછું, તેથી એ છૂટને માટે મને માફ કરશો. આજે અમે તમને ખાતા જોઇશું તેથી અમારે મન આ દિવસ મોટા ઉત્સવનો થઈ પડશે. તેમજ આપની પાસે હું એટલું માગું છું કે હું બીજી કોઇ પણ રીતે આપની સેવા બજાવી શકું એમ હોય તો સુખેથી ફરમાવશો."

મને ખરી ખાતરી છે કે આ વખતે આ ઉદાર માણસ પોતે મારૂં ઘડિયાળ તથા મારાં રમકડાં પાછાં આણી આપ્યાં હતાં તે ભૂલીજ ગયો હતો. પોતે મારાપર જે ઉપ-

કાર કર્યો હતો તેને માટે મને આભાર માનવા ન દેતાં બીજું કોઈપણ કામ હું તેને બતાવું એમ તે ઇચ્છતો જતો. જ્યારે એને માલુમ પડ્યું કે હું અમેરિકામાંથી જવાનો છું ત્યારે એણે મને તરતજ પૂછ્યું કે તમારે કીયા વહાણમાં જવાનું છે. હું એને ખરી વાત જણાવતાં અચકાયો. કારણ કે મને ધાસ્તી હતી કે એ મારૂં ભાડું ભરવાનું માથે લેશે તેથી મેં એ બાબત એને બરોબર જવાબ દીધો નહિ. પણ આ બાબત તેના મનમાં ઘોળાયાં કરતી હતી એમ મને પાછળથી ખબર પડી. હું કીયા વહાણમાં ઉપડવાનો છું તે તેણે કેપટનને પૂછીને નક્કી કર્યું હતું; અને જ્યારે હું વહાણપર ગયો ત્યારે મેં એને તથા એના બે છોકરાઓને ત્યાં જોયા. તેઓ મને વળાવવાને આવ્યા હતા. અને ત્યાં ઘણીજ માયા દેખાડી. જ્યારે તે મારી રજા લેઇને ગયો ત્યારે મને ખબર પડી કે મારે નામે એ સ્ટેઇટ કેબીનમાં મને પસંદ પડે એવા સમુદ્રની સફરને લાયક કેટલોક ખોરાક તથા ફળફલાદિ વિગેરે મૂકી ગયો હતો.

પરોપકાર એ ઇશ્વરનો એક ખરેખરો આનંદદાતા દૂત છે. જ્યારે જ્યારે કોઈ પણ માણસ કાંઈ પણ તરેહનો ઉપકાર કરે છે ત્યારે ત્યારે એનું મન એવું તો પ્રફુલ્લિત રહે છે કે જાણે હજારો રૂપિયાનો લાભ થયો હોય ! પરોપકાર એ શબ્દજ મનને આનંદ પમાડે છે તો પછી જેઓએ એનો ઉપયોગ કર્યો હોય તેને પ્રફુલ્લિત કરે એમાં કાંઇ પણ નવાઈ નથી. સ્વાર્થરહિત પરોપકાર જેટલો આનંદ આપે છે તેટલો સ્વાર્થી પરોપકાર આપતો નથી. અગર જો કે સ્વાર્થથી કરેલો પરોપકાર આ દુનિયાની અંદર ઘણું માન અપાવે છે તથા પ્રતિષ્ઠિત કરે છે તોપણ નિસ્સ્વાર્થી પરોપકારની તે તુલના કરી શકતો નથી. નિસ્સ્વાર્થથી કરેલા ઉપકારનો બદલો ફક્ત ઇશ્વરને ત્યાં મળે છે એમ નહીં પરંતુ આ દુનિયામાં પણ તેનો લાભ મળે છે, મન સંતુષ્ટ થાય છે, અને અન્તઃકરણને

કાંઇક દિલાસો મળતો હોય તેવું લાગે છે, પૈસાદારથીજ પરોપકાર થાય એ માનવું ભૂલ ભરેલું છે, કારણ કે પરોપકાર તન, મન કે ધનથી પણ થઇ શકે છે. માણસ ગમે તેટલો નિર્ધન હોય તોપણ તેની પાસેથી તન તથા મન જતાં રહેતાં નથી. તેથી દરેક મનુષ્યમાં જો દયાનો અંશ હોય તો તેઓ પરોપકાર કરી શકે છે. અને તેમ કરવાથી થતો લાભ તો જેઓએ પરોપકાર કરેલો છે તેઓ જ જાણે છે. જ્યારે મેં આ બાર્નિને એના છોકરા હદ્દમાંથી છોડવવા મદદ કરી ત્યારે અગર જો કે મારી પાસે ઘણા જુજ પૈસા હતા અને મારી સ્ત્રી તથા છોકરાની સ્થિતિ શી થશે તે વારે વારે યાદ આવતું હતું, તોપણ મારા મને તેમ કરવા ઘણો ઉશ્કેર્યો હતો. અને તેમ થવાથી અંદર ઘણીજ શાન્તિ પસરી રહી હતી. તેમજ જ્યારે મેં એને મદદ કરી ત્યારે મારા મનમાં એમ બીલકુલ નહોતું કે આજ સખ્સ પાસેથી મારે પણ મદદ લેવાનો વખત આવશે. આ વખતે મને ખરેખરૂં લાગ્યું તથા ઉપકારનો બદલો આવી સારી રીતે મળ્યો તેથી કેટલેક દરજ્જે મારૂં મન શાંતિ પામ્યું. પણ તરતજ હું ખીન્ન થયો; કારણ કે આ વખતે મને યાદ આવ્યું કે જ્યારે આજ બાર્ની ઘુંટણીએ પડી આઇરિશ રીત પ્રમાણે મારો ઉપકાર માનતો હતો, ત્યારે તેને એકદમ ભુંઠો પાડી હું જતો રહ્યો હતો. તે વખતે મેં એમ નહોતુંજ ધાર્યું કે ફક્ત બાર્ની અને એના બે છોકરાઓ અમેરિકા છોડતી વખતે મને મળવાને આવશે.

અમે અમારો દરિયાનો ખોરાક ખૂટાડ્યો પણ નહોતો તેટલામાં અમે ઇંગ્લાંડના કિનારાપર આવી પહોંચ્યા. અમે **લિવરપુલ** ઉતર્યા અને જ્યારે હું એક ધર્મશાળાની કોટડીમાં મારી પાસે કેટલા પૈસા સિલિકમાં છે તે તથા તેનાથી લન્ડન પહોંચાશે કે નહીં તે તપાસવા બેઠો ત્યારે મને જે દિલગીરી થઇ તે હું વર્ણવી શકતો નથી. થોડાક

પૈસા તથા કાંઇક રૂપીઆ જોઇને હું બોલ્યો કે શું દુનિયાની અંદર મારી પાસે આટલું જ છે? ત્રણ વર્ષ સૂધીની મારી જન્મભૂમિમાંથી મારી ગેરહાજરીનું શું આજ ફળ? શું મારી સઘળી આશા અને બુદ્ધિનું ફળ આવું જ જોઇએ? મારા છોકરા તથા સ્ત્રીનું શું થશે?. મારે લ્યુસિને ગમે તેમ કરીને સમજાવવું જોઇએ કે, "જ્યાં સૂધી મારી પાસે પૈસા આવે નહિ ત્યાં સૂધી દુનિયાના સુખ અને જરૂરિયાતો માટે થોડાક દિવસ તું તારા સગાંને ઘેર રહી આવ. કારણ કે પૈસા વગર આપણું કોઇ સગું થવાનું નથી." દુનિયામાં "પૈસો મારો પરમેશ્વર" છે. પૈસાદાર આદમી અગર જો કે અભણ હશે, મૂર્ખ હશે, ગાંડો હશે, કે હલકા સ્વભાવનો હશે તો પણ તેને લોકો વિદ્વાન, ડાહ્યો, અને મોટા મનનો ગણશે, તેની મરજી ઉઠાવશે તથા વખાણ કરશે. પણ તેથી ઉલટું, જો નિર્ધન આદમી ગમે તેવો બુદ્ધિશાળી, ભણેલો અને સર્વ ગુણસંપન્ન હશે તોપણ લોકો તેની અવગણના કરશે, મશ્કરીઓ કરશે અને દરેક વાતે હેરાન કરશે. પૈસાનો પ્રતાપ જ એવો છે. "વસુ વિના નર પશુ." માટે જ્યાં સૂધી મારી પાસે પૈસો આવે નહિ ત્યાં સૂધી તારે તારાં સગાં સ્નેહી સાથે રહેવું. કારણ મારી નિર્ધન અવસ્થાને લીધે તારા જેવી સુજ્ઞ સ્ત્રીને સર્વ લોકોના તિરસ્કાર, ધિક્કાર અગર દયાનું પાત્ર કરવી એ મને ઠીક લાગતું નથી માટે તારે તો એમજ કરવું. ઘણા વખત સૂધી તેં મારી સાથે દુઃખ સહ્યું છે તથા સારાની આશા રાખી તેં હમેશાં મારી મરજી બરોબર ઉઠાવી છે અને તેટલા માટે હવે તું ફરીથી દુઃખ જાણે નવેસરથી અનુભવે એ મને ઠીક લાગતું નથી. તેમજ જ્યારે તું મારી પાસેથી જશે ત્યારે તારી તેમજ આપણા વહાલા છોકરાની ફિકર પણ મારે ઓછી થશે. માટે તારે તો જવુંજ." આવી રીતે એને કહેવાનો હું વિચાર કરતો હતો તેવામાં વળી પાછળની સર્વ હકીકત યાદ આવી અને હૈયું ભરાઈ આવ્યું

આંખમાંથી આંસુ દડદડ હાથમાંના વર્તમાન પત્રપર પડવા મંડયાં. એટલામાં લ્યુસિ અને મારો છોકરો બન્ને અંદર આવવા લાગ્યાં; તેઓ મારાં આંસુ ન જોઇ શકે તેથી મેં ન્યુસપેપર ઉંચું કરીને મોં આડું ધર્યું અને શું વાંચુ છું તે જાણ્યા વગર નીચેની જાહેર ખબર વાંચી.—

"જો મિ. બેસિલ અગર તેનો વારસ સેસિલસ્ટ્રીટ નંબર ૩૪ વાળા ઘરમાં મી. ગ્રેગરી વકીલને મળશે તો તે તેને કાંઇ પણ લાભકારક થઇ પડશે." હું તરત જ એકદમ ઝબકી ઉઠયો, મારાં આંસુ ન્યુસપેપર પરથી તેમ આંખમાંથી લોહી નાંખ્યાં, અને ઘણી જ ખુશીથી વર્તમાન પત્ર લ્યુસિના હાથમાં મુકી જાહેર ખબર બતાવી. હું તરત જ લન્ડન જતી ગાડીમાં ભાડુ કરવા દોડી ગયો, અને બીજે દિવસે સવારે ઉપડવાનું ઠરાવી આવ્યો. આ વખતે મેં બીલકુલ **મુલતવી રાખ્યું નહોતું !** અને જ્યારે હું લન્ડનમાં આવ્યો ત્યારે એક મિનીટ પણ ન ગુમાવતાં તરત જ **મી. ગ્રેગરીને** ત્યાં ગયો.

જ્યારે હું એમને મળ્યો ત્યારે તેમણે મને જણાવ્યું કે "તમારો એક દૂરનો સગો ગુજરી ગયો છે. તે ઘણો કંજુસ હતો અને તેના એકઠા કરેલા સર્વ પૈસાનો વારસો તે તમને આપી ગયો છે; કારણ કે એના સર્વ સગાંઓમાં ફક્ત તમેજ એને એક પાઈ સરખી પણ ખર્ચાવી નહોતી."

ઘણા માણસો પોતાના દુર્ભાગ્યને માટે ન્યાયથી ફરિયાદ કરે છે. પણ મારે કોઇ દિવસ તેમ બન્યું નથી; કારણ કે મારાપર જે વિપત્તિ વિગેરે આવી પડયાં તે ફક્ત મારી મૂર્ખાઇને લીધેજ. નશીબનો મારા તરફ અસાધારણ અનુગ્રહ હતો. મારા કોઈ પણ ખાસ ગુણ વિના (અને કદાચ એમ કહું કે **મુલતવી રાખવાની** ટેવને લીધે જ મને ફાયદો થયો તો ચાલે, કારણ કે એવા એક તવંગર સગાને હું એ ટેવને લીધેજ નહોતો મળી શકયો) નિર્ધનતાના

અત્યન્ત દુઃખમાંથી છૂટી એક મોટા ધનવાનની સમૃદ્ધિનો ધણી થયો.

શહેરના એક સારા ભાગમાં મેં એક સુંદર ઘર રાખ્યું. અને જે સ્ત્રી વિપત્તિમાં ધીરજ આપી મારા દુઃખની ભાગિયણ થઇ હતી તે સ્ત્રીની સાથે જે મોજશોખ અને સુખશાંતિ પૈસાથી મળી શકે તે સર્વ હું ભોગવવા લાગ્યો. મારી સ્ત્રીને હું પૂર્ણ સુખ આપવા લાગ્યો. અને કોઈ પણ બાબતે એનું મન ખાટું ન થાય એમ વર્તવા લાગ્યો. **ફિલાડેલ્ફિયામાં** હતો ત્યારે કલાકના કલાક જેમ એનાથી જુદા ગાળતો તેમ અત્રે કરતો નહોતો; પરંતુ ત્યાં તો હું એમ ધારતો હતો કે **મી. હડસનની** મદદથી થોડા વખત પછી એને સુખી કરીશ. એ બાબતમાં નિષ્ફળ થયો તેથી આ જગાએ હું એને બમણું હેત તથા કાળજી બતાવવા લાગ્યો. અને કોઈ પણ તરેહથી એના સુખમાં હાનિ ન પહોંચે તેની સંભાળ રાખવા મંડયો. પ્યાર અને ઉપકારથી મારું મન હમેશાં ભર્યુંજ રહેતું; તેથી એક હુંકારો સરખો પણ હું એને કરતો નહિ. ગરીબ સ્થિતિમાંથી એકદમ પૈસાદારની હરિફાઇ કરું એવી સ્થિતિમાં આવ્યાથી હું બીલકુલ ગર્વિષ્ટ બન્યો નહોતો. ઘણા લોકો આવી વખતે મદમાં છકી જાય છે, તથા પોતે શું બોલે છે તથા શું કરે છે તેનું ભાન પણ તેમને રહેતું નથી. દુનિયામાં પોતાના જેવું બીજું કોઈ છે જ નહિ એમ તેઓ ધારે છે તથા પોતે સર્વના શેઠ જ બન્યા હોય એમ ધારી જમીનથી અદ્ધર ચાલે છે. પોતાના આડોશી પાડોશી, ચાકરનફર, સગાં વહાલાં વિગેરેની સાથે ઘણી જ તોછડાઇથી વર્તે છે. આવા મદમાં અન્ધ થએલા ઘણા જોવામાં આવે છે. તેમાં પણ જેઓ ગરીબ સ્થિતિમાંથી એકદમ ઉંચે દરજજે ચઢેલા હોય છે, તેઓમાં એવા વધારે હોય છે. કારણ અધુરો ઘડો છલકાય જ. ગરીબ સ્થિતિમાં છતાં પણ કોઇ કોઈ પુરૂષો મોટા મનના જોવામાં આવે છે; અને તેવા

આદમિઓને તેનું ફળ મળ્યા વગર રહેતું નથી. જાણે પોતે જન્મથી જ પૈસાદાર ને મ્હોટા હોય તેમ તેઓ વર્તે છે, તથા પોતાના મનની મોટાઈ બતાવે છે. ઈશ્વરે મને આ ગુણની કાંઇક બક્ષીસ આપી હતી; તેથી ગરીબ પુરૂષો એકદમ તવંગર થતાં જે જે દોષના સેવક થઇ પડે છે તે તે દોષથી હું મુક્ત જ હતો. કોઇ પણ રીતે દુરાચારી કે ઉડાઉ થયો નહોતો. હું આ વખતે મારા દુઃખના મદદગાર મિ. નનને ભૂલી ગયો નહોતો, મારે તેમનું જેટલું દેવું હતું તે સઘળું મેં ચૂકતે ચૂકતું આપી દીધું, તેમ માયા તથા ઉપકાર બતાવવામાં કાંઇ પણ ખામી રાખી નહી. હવે હું એવી સ્થિતિમાં આવી પડયો હતો કે જેટલા સારા ગુણો હતા તેટલા જ કામમાં લાવવા પડતા અને મારી મોટામાં મોટી કટેવ કાંઇ પણ મહત્વની નહોતી. ધંધાગરૂ માણસની માફક હવે મારે નિયમિત થવાની જરૂર નહોતી પડતી. કોઇ પણ ગમતના કામમાં ઢીલ કરતો તો તે ફક્ત નાનોજ દોષ ગણાતો; મારાં સગાં સ્નેહીઓ તેને માટે મને સહજ ઠપકો દેતા, પણ તેથી મને કાંઇ પણ હાનિ થતી નહીં. વાતચિત કરવામાં મારી બુદ્ધિનાં વખાણ થતાં અને જો હું કાગળ લખવાનું **મુલતવી રાખતો** તો મારા વ્યવહારીઓ તેને માટે મને સભ્ય રીતે ઠપકો દેતા. હજુ મેં મારી કટેવ છોડી દીધી નથી એ વાત હું બરોબર જાણતો હતો; પરંતુ હવે મારામાં સુધારો કરવાની કાંઇ જરૂર નથી તેમજ જેઓને હું અત્યંત ચહાઉં છું તેઓને માથે હું ભય આણી શકું એવું એકે કારણ નથી એ જાણીને હું ખુશી થતો.

એક વર્ષ સુધી હું સુખી રહ્યો. અને મારો વખત નકામો નહોતો ગાળતો તેને માટે ફુલાવા લાગ્યો. કારણ કે જ્યારે જ્યારે મને ફુરસદ મળતી ત્યારે ત્યારે હું સાવધાનપણે કેળવણી વિષેના પ્રાચીન અગર અર્વાચીન, સર્વ ગ્રંથ વાંચતો. આ ગ્રંથોમાં જે કાંઇ ડહાપણ ભરેલું તથા

વ્યવહારોપયોગી માલુમ પડે તે ચૂંટી કહાડવાનું મેં નક્કી કર્યું હતું. એમ કરવાથી દરેક પુસ્તકની ખૂબીમાંથી એકઠું કરેલું જ્ઞાન મારા છોકરાના લાભ માટે એક મોટું સાધન થઇ પડશે એમ મેં ધાર્યું હતું. તે મારો એકનો એક છોકરો હતો; તે મારી સાથે અઢાર મહિના સુધી કારાગૃહમાં રહ્યો હતો; મારી સ્ત્રીનું તે જીવતદાન હતો; અને તે રૂપ તથા ગુણમાં બરોબર મારા જેવો ગણાતો હતો. એને ઘણો ચહાવાને મારે કેટલાં કારણ હતાં તે આ પરથીજ જણાશે. હું એ છોકરાને અત્યન્ત ચહાતો. તેનામાં ઘણીજ ચંચળતા દેખાતી, અને એની ઉમ્મરનાં છોકરાઓમાં જેટલી બુદ્ધિ ધારી શકાય નહીં તેટલી બુદ્ધિ તેનામાં જોવામાં આવતી. મારા પિતાએ મારા નાનપણમાં મારે માટે દુનિયામાં ફતેહમંદ નિવડવાની જેવી આશાઓ બાંધી હતી તેવીજ ફતેહમંદ આશાઓ મેં છોકરા માટે બાંધી હતી. મેં નિશ્ચય કર્યો હતો કે મારે એની કેળવણીપર નજર રાખવી, અને મુખ્યત્વે કરીને જે ટેવ મારા નાશનું મુળ થઇ પડી તે **મુલતવી રાખવાની** ટેવમાં એ ન પડે તેને માટે ખાસ ચોકશી રાખવા લાગ્યો.

એક દિવસે જ્યારે હું મારા એકાંત સ્થળમાં હતો અને મારા છોકરાને કેવી રીતની કેળવણી આપવી તે બાબત લમણે હાથ મૂકીને વિચાર કરતો હતો, ત્યારે **હચુસિ** મારી પાસે આવી, અને કહેવા લાગી કે "પ્રિયતમ ! મેં આપણા મિત્ર **મિ. નન** તરફથી હમણાજ જે ખબર સાંભળી છે તેનાથી મને ઘણો ભય લાગે છે. તમને માલૂમ છે કે નાના **હેરીને** (**મિ. નનનો** છોકરો) આપણા **એસિલની** સાથેજ શીતળા કઢાવ્યાં હતાં. **મિસિસ નને** તથા કુટુમ્બના બીજા માણસોએ ધાર્યું કે એના શીતળા બરોબર ઉપડયા હતા તેથી કાંઇ હરકત નથી. પણ બે વર્ષ પછી જે વખતે આપણે અમેરિકામાં હતા તે વખતે, એને

બળિયા નિકળ્યા અને મરણ પામ્યો. એનું ખરૂં કારણ તો એજ કે જે આદમીએ એને શીતળા કાઢયા હતા તે આદમી ઘણો અજ્ઞાન હતો અને એના શીતળા ટાંકેલાં બીજાં પણ બે ત્રણ છોકરાં મરી ગયાં. આ છોકરાં માટે એ એમજ કહેતો હતો કે એમને કાંઈ હરકત નથી. ત્યારે આપણા છોકરાને કોઈ હોંશીયાર આદમી પાસે ફરીથી શીતળા કઢાવીએ તો સારૂંકની!!"

મેં કહ્યું "બેશક, આપણે નક્કી કઢાવીશું, પણ મારા ધારવા પ્રમાણે એને **ગૌસીતળા** કઢાવીએ તો વધારે સારૂં. શું કરવું તે મને સુઝતું નથી; તો પણ હું આપણા ડાકટર સાહેબનો મત એ બાબત પૂછીશ. એ દાક્તર સાહેબ આજ આપણે ત્યાં જમવા આવવાના છે." કાંઈક એવો અકસ્માત બન્યો કે તે મને તે દિવસે મળી શકયા નહિ; બીજે દિવસે 'હું એમને એ બાબત લખીશ' એમ મેં ધાર્યું; પણ પછીથી **મુલતવી રાખ્યા કીધું.** હ્યુસિ વળી ફરીથી મારી પાસે આવી કહેવા લાગી કે "પ્યારા! તમે આપણા છોકરા માટે શું કરવું તેને માટે ડાક્તરને પૂછ્યા પછી નિર્ણય કરવાનું કહ્યું હતું તેનું શું કર્યું? યાદ છે કે ભૂલી ગયા?"

મેં કહ્યું "પ્રિયા મને બરાબર યાદ છે. મારો વિચાર **ગૌશીતળા** કઢાવવા તરફ વધારે છે. મારા મિત્ર **મિ. કે.** એ પોતાનાં બધાં છોકરાંને બળિયા કઢાવ્યા છે અને તેની અસર શી થાય છે, તે જોઈ નક્કી કરીશું."

મારી સ્ત્રીએ કહ્યું કે "હવે વધારે વાર રાહ જોશો નહીં; કારણ કે કલાકે કલાકે અને મિનિટે મિનિટે મને ભય લાગે છે કે હમણાં એને બળિયા નિકળશે."

મેં કહ્યું કે "ખરૂં જોવા જઇએ તો ત્રણ વર્ષ સુધી આપણે એ ભય રાખ્યાજ કીધો છે અને ત્રણ વર્ષ સુધી બચી ગયા છીએ. મને માલમ છે કે આપણા પુત્રને

બળિયા નિકળી ગયા છે એટલે કાંઈ હરકત જેવું નથી."

મારી સ્ત્રીએ કહ્યું કે "મિ. નને તથા મિસિસ નને પણ એમજ ધાર્યું હતું; પણ પરિણામ શું થયું તે તમે જાણોજ છો. તમને યાદ હશે કે જે આદમીએ મિ. નનના છોકરાને શીતળા કાઢયા હતા તેણેજ આપણા પુત્રને પણ કાઢયા છે. જ્યારથી મિ. નને આ બાબત વિષે મારી સાથે વાત કરી ત્યારથી હું માસ્તર એસિલને કદી બહાર લેઇ જતી નથી, અને કદી ફરવા પણ લેઇ જતી નથી; અને કદાચ લઈ જાઉં, કોઈ દુકાને લેઈ જાઉં, કે ગાડીમાં બેસાડીને બહાર જાઉં તો મને એને માટે ઘણો ભય રહે છે. કાલેજ એક બાઈરી એક છોકરૂં લઇને ગાડી પાસે આવી. તેના છોકરાના મોંપર ખીલ નિકળેલા હતા. મેં ધાર્યું કે એ બળિયા છે, તેથી હું એટલી બધી તો બીકને લીધે સ્તબ્ધ થઇ ગઈ કે ગાડીનો પડદો પણ નાંખી શકી નહી આપણો છોકરો એ છોકરાને બે પૈસા ગાડીમાંથી હાથ બહાર કાઢીને આપતો હતો. અરે કદાચ એ છોકરાને બળિયા હોત તો શી વ'લે થાત!!!

મેં કહ્યું "પ્રિયા તું એકદમ આમ ગભરાઈ ના જા; આપણા છોકરાને કાલે ગૌશીતળા કઢાવીશું."

હચુસિએ કહ્યું "નહીં પ્યારા કાલ સુધી મુલતવી ના રાખો. એને આંજને આજજ કઢાવો."

મેં કહ્યું કે "પ્રિયા એ બાબત સર્વ ચિન્તા તું દૂર કર; બનતા સુધી એને આજને આજજ ગૌશીતળા કઢાવીશું, તું જાણે છેજ કે જેટલો તું એને ચાહે છે તેટલો હું પણ ચાહું છું; અને એને માટે તને જેટલી લાગણી છે તેટલીજ મને છે."

હચુસિએ કહ્યું કે "પ્રિયતમ! એ બાબત હું સારી પેઠે જાણું છું. હું એમ નથી કહેતી કે તમને એ મારા કરતાં ઓછો વહાલો છે, અને કદાચ તમને એમ લાગ્યું

હોય તો એ બાબત મને માફ કરશો. પણ તમે નક્કી કર્યું છે કે એને ગોશીતળાજ કઢાવવા તો ચાલો આપણે અત્યારે સરજનને બોલાવવા મોકલીએ અને કઢાવીએ; એટલે એ માટેનો સઘળો ઉચાટ મટી જાય."

તે ચાકરને બોલાવવાની તૈયારી કરવા લાગી, પણ મેં એને અટકાવીને કહ્યું કે "હમણાં ચાકરને બોલાવવાથી ફાયદો નથી; કારણ કે બંને આદમી બહાર ગયા છે. મેં એક જણને પુસ્તકાલયમાં કેળવણીનો નિબંધ લેવા મોકલ્યા છે અને બીજાને છોકરા માટે રમકડાં લેવાને રમકડાવાળાની દુકાને મોકલ્યો છે."

લ્યુસિએ કહ્યું કે "જો એમજ હોય તો હું જાતે જઈને સરજનને બોલાવી લાવીશ."

મેં કહ્યું "નહી પ્રિયા, પ્રથમ મારે મી. કે—નાં છોકરાં જોવાં જોઈએ; હું હમણાંજ બહાર જાઉં છું. અને તેમને જઈને અત્રે તેડી લાવીશ. તેમનાં છોકરાં ઘણાં તન્દુરસ્ત છે તેથી તેમનોજ ચેપ લઈને બળિયા મારે હાથેજ કઢાડીશ." લ્યુસિ મારૂં કહેવું સાંભળી ચુપ રહી.

એણે મારી સાથે જે જે દાખલા દલીલો તથા સલાહ-યુક્ત શબ્દો વાપર્યા તે સઘળા આપની સમક્ષ મૂકી તેને ન્યાય આપવાથી મને ખેદયુક્ત આનંદ થાય છે. મારે કહેવુંજ જોઈએ કે એનો દોષ બિલકુલે કાઢવાનો નહોતો. એકલો હુંજ દોષિત છું. ફક્ત મારેજ સઘળું ખમવું જોઈએ. સર્વ ભાગ્યેજ માનશે (હાલ હું પણ ભાગ્યેજ માની શકું છું) કે લ્યુસિના આટલા કહ્યા છતાં પણ મેં બે કલાકની ઢીલ કરી અને માગ જતાં પહેલાં મિ. રોઝોના એમાઈલિયસ નામના પુસ્તકમાંથી કેટલુંક ટાંચણ કાઢ્યું. ત્યાર પછી જ્યારે હું મી. કે—ને ત્યાં ગયો ત્યારે સઘળાં છોકરાં બહાર હવા ખાવાને માટે ગયાં હતાં. અને તેથી તેઓ મને મળી શક્યાં નહીં. એક ઘડીમાં શું થાય છે તે

માણસ જાણી શકતો નથી. દુનિયામાં મોટામાં મોટી ઉથલપાથલો એક ઘડીમાંજ થાય છે. અને તેનું પરિણામ પ્રથમથી કોઈ કળી શકતું નથી. માણસ ઘડીમાં સાજાનો માંદો થઇ જાય અગર માંદાનો સાજો થઈ જાય, સુખીયો માણસ ઘડીમાં દુઃખી અને દુઃખીઓ માણસ ઘડીમાં સુખી થઇ જાય છે. ફક્ત બે કલાકની **ઢીલ કરવાથી** એ છોકરાંઓ મને ન મળી શક્યાં, અને તેથી મારા છોકરાને બળિયા કાઢવાનું મેં બીજા દિવસ સુધી **મુલતવી રાખ્યું** !

બીજે દીવસે એક ગાડીવાન મારે ત્યાં નોકર રહેવાને આવ્યો. મારો છોકરો ઓરડામાં આમ તેમ ફરતો હતો, અને તે રમતો રમતો તે આદમીની પાસે ગયો, અને જ્યારે હું ઓરડામાં આમ તેમ ફરવા લાગ્યો ત્યારે તે ગાડીવાનના બટનપર એક શિકારી કુતરો ચિતરેલો હતો તેને તે જોવા લાગ્યો. મેં તે ગાડીવાનને ઘણા સવાલો પૂછ્યા, અને કેટલીકવાર સુધી મેં એને ત્યાં અગાડી ઉભો રાખ્યો. જ્યારે મેં એને મારે ત્યાં રાખવાનું કબૂલ કર્યું ત્યારે તેણે કહ્યું કે "આવતા અઠવાડિયા શિવાય હું તમારે ત્યાં રહેવા નહીં આવી શકું. કારણ કે **મારા છોકરાને બળિયા નિકળેલા છે.**"

આ શબ્દો તીરની માફક મારા કાળજામાં ભોંકાઇ ગયા. હવે પછી શું બનશે તેનો ભય ભરેલો ચિતાર મારી આંખ આગળ ભમવા લાગ્યો. હું એકદમ મારી ખુરશી ઉપરથી ચમકી ઉઠ્યો; અને સખ્ત ધમકી આપીને તે ગાડીવાનને કાઢી મૂકયો. મારો ગરીબ છોકરો મારી પાછળ પાછળ આવ્યો અને મને શાન્ત કરવા માટે મારો ડગલો ખેંચવા લાગ્યો. મેં એને તરતજ મારા હાથમાં તેડી લીધો તે વખત હું એને બચી સરખી પણ ન કરી શક્યો કારણ કે મારા મનમાં એમ આવ્યું કે હું એનો ઘાતક છું. મેં એને તરતજ નીચે મુક્યો. ખરેખર હું એટલો બધો મુંજવા લાગ્યો કે

મારાથી એને તેડી શકાયુંજ નહીં. મારો છોકરો એની મા પાસે દોડી ગયો.

હું આ વિષયપર વધારે વિવેચન કરી શકતો નથી. મારો છોકરો બીજેજ દીવસે માંદો પડયો, અને બીજા અઠવાડિયામાં એની માના ખોળામાંજ બળિયાથી ગુજરી ગયો !

અમારા લગ્ન પછી જે જે દુઃખદરિયા ઓળંગવાની મારી સ્ત્રીને જરૂર પડી હતી તેને લીધે તેની તન્દુરસ્તીને ઘણો ધોકો લાગ્યો હતો. તેના પિતાની અપ્રીતિ, તેના સઘળા મિત્રોનો વિરહ, મારૂં કેદ પડવું, અને તેના એકના એક છોકરાનું મરણ એ એની દૃઢતાને થકવી નાંખે એવી આફતો હતી. આ બાબત તેણે મારાથી છાની રાખવાનો પ્રયત્ન કર્યો પણ મને માલમ પડયું કે દહાડે દહાડે તેની તન્દુરસ્તી બગડતી જતી હતી. તેને × ગામડામાં રહેવાનો બહુ શોખ હતો. મારૂં મુખ્ય કામ હવે એ હતું કે ગમે તે પ્રકારે મારે મારી સ્ત્રીને ખુશી રાખવી. તેથી મેં શહેરમાંનું મારૂં ઘર વેચી દઇ ગામડામાં જઈ રહેવાનું નક્કી કર્યું. તેના માતા પિતાની પડોશમાં એક સુંદર મકાન વેચવાનું હતું. આ મકાનને માટે લ્યુસિ વારે વારે મારે મ્હોંડે ખુશીથી વાત કરતી. મેં તે ઘર લેવાનો નિશ્ચય કર્યો. વળી આમ કરવામાં એક બીજો પણ હેતુ હતો. અમારા ત્યાં રહેવા જવાથી તેના સગાં સ્નેહીઓનું મન બદલાશે અને ફરીથી હળી મળીને ચાલશે એમ હું ધારતો હતો. તેની મા વારે વારે કાગળ લખતી તે પરથી જણાતું હતું કે મને પુષ્કળ પૈસા મળ્યા તેથી તેનું મન મારા તરફ વળ્યું હતું. પોતાના માતપિતાની પડોશમાં જઈ રહેવાનું સાંભળ્યાથી તે ખુશી થઈ અને તે હસી, એ જોઈ મને અત્યાનંદ વ્યાપી રહ્યો. સ્વભાવિક રીતેજ હું ભોળા મનનો હતો તેથી મારા મનમાં આશા પ્રદિપ્ત થઇ. મેં એમ ધાર્યું કે ઇશ્વર કરશે તો હવે ફરીથી સુખી થઇશું, મારી લ્યુસિ તેની તન્દુરસ્તી તથા મનની શાન્તિ પાછી મેળવશે, અને

ઈશ્વર ઇચ્છાથી વળી ફરીથી પુત્ર પ્રાપ્ત થશે.

ગામડામાં રહેવા જવાના ઘરનું ખત કરવામાં મેં બીલકુલે વખત ખોયો નહીં. શેહેરમાંના મારા ભભકાદાર ઘરનો ખરીદદાર મને તુરતજ મળી આવ્યો. પણ મારી ઉંધી મતીએ મારાપર અમલ કર્યો. મારા ઘરનો વિમો નવેસરથી કરવાનું મેં **મુલતવી** રાખ્યું. ઘર સ્વાધીન કરી દેવાના ફક્ત આઠ દિવસ બાકી હતા. ત્યારે મધ્ય રાત્રે મારા ચાકરની કોટડીમાંથી લાહ્ય લાગી. અને ગમે તેટલી મદદ મળી તે છતાં પણ સઘળું ઘર બળીને ભસ્મ થઇ ગયું. મેં મારી સ્ત્રીને બહાર આણી. તે મૂર્છિત થએલી હતી. એક સારી જગોએ એને મૂકીને હું એક પોટલી ખોળવા ગયો. કારણ કે એની અંદર ગામડામાં ઘર લેવાનું હતું તેના પૈસાનાં નોટ હતાં. પણ કાંતો આ પોટલી કોઈ ચોર માણુસ ઘરમાં પેશીને લેઈ ગયો કે તે બળી ગઈ તે કાંઈ હું નિશ્ચય કરી શકતો નથી!! દુનિયામાં મારા જેવો દુઃખી ભાગ્યેજ જોવામાં આવ્યો હશે. ખરૂં પૂછો તો તે સઘળું દુઃખ મારી મૂર્ખાઇને લીધેજ પડયું છે.

પ્રકરણ ૮ મું.

પાકી કોઠીએ કાના ચઢાવવા એ મિથ્યા પ્રયત્ન છે.

મારી સ્ત્રીને બેભાન થઈ ગયલી હું મૂકીને આવ્યો હતો. તેથી તરતજ તેની પાસે ગયો અને પાણિ વગેરે છાંટીને ભાનમાં આણુવા લાગ્યો. આશરે બે કલાક સુધી આવી ગડમથલ કરી ત્યારે તેને શુદ્ધિ આવી. શુદ્ધિ આવી! પણ તે બાવરી બની ગઇ હતી. પોતાની આસપાસ શું બને છે તેનું પણ ભાન નહોતું, તથા વિચારમાંને વિચારમાં એટલી તો શૂન્યમૂન્ય થઇ હતી કે એક શબ્દ બોલતી નહોતી. મારામાં જેટલી શક્તિ હતી તે સઘળી વાપરી

હું એને શાન્ત કરવા મંડ્યો. આપણાં સઘળાં નોટ જતાં રહ્યાં તે મેં તેને આ વખતે જણાવ્યું નહોતું, કારણ કે જો એમ મેં કર્યું હોત તો ફરીથી એ બેભાન થાત. શુદ્ધિમાં આવ્યા પછી મેં એને ઘણીજ ધીરજ આપી, ત્યારે કાંઇક ભાગાતૂટા શબ્દો બોલવા મંડી. મારૂં સઘળું ઘર બળી ગયું હતું તેથી હું ત્યાં રહી શકું એમ નહોતું. અમારે રાત્રિ ક્યાં ગાળવી તથા નવી ગોઠવણ થતા સૂધી ક્યાં રહેવું તેનો હું વિચાર કરતો હતો તેટલામાં મિ. નન મને ખોળતા ખોળતા આવ્યા અને અમને બન્નેને ધીરજ આપી પોતાને ત્યાં લેઇ ગયા. વળી મારા મનમાં આ વખતે ઉપકારવૃત્તિ ઉત્પન્ન થઈ. અગર જો કે પ્રથમ જે વખતે અમને છૂટાં કર્યાં ત્યારે કાંઇ પણ વાડી ઓળખાણ વગરજ કર્યાં હતાં; પણ આ વખતે જે એમણે સાહ્ય કરી તે ફક્ત મિત્રતાના હકમાંજ. આવો નિરસ્વાર્થી મિત્ર મને મળ્યો એ જોઇ મને એકરીતે દિલાસો મળ્યો.

અમે સર્વ મિ. નનને ત્યાં ગયાં. ઘરસંબંધી કાંઇ પણ વાત ન કહાડતાં જે જે વિષયોથી હ્યુસિને ચેન પડે તેવા વિષયો ઉકેલવા મંડયાં. આથી હ્યુસિનું દુઃખ ઘણે ભાગે ઓછું થતું હોય એમ જણાયું. મિસિસ નન પણ હ્યુસિને માટે ઘણી કાળજી રાખવા મંડયાં. જ્યાં સૂધી અમારા ઘર સંબંધી કાંઈ નક્કી ન થાય ત્યાં સૂધી મારે મિ. નનને ત્યાં રહેવાની જરૂર પડી. મારૂં ઘર તથા નોટ બળી ગયાં હતાં તેથી હું તરતજ ગામડામાં ઘર લેઇ શકું તેમ નહોતું, કારણ કે ઘર વેચ્યાથી જે પૈસા આવવાના હતા તે પૈસા પણ હવે મળે તેમ નહોતું. ફક્ત જમીન બાકી રહી હતી. તેના જે પૈસા મળે તેમાંથી તથા થોડાક લોકોમાં ધીર્યા હતા. તેમાંથીજ મારે મારૂં ગુજરાન ચલાવવાનું હતું. એક ઘડીમાં હું આવો દુઃખિયારો થઇ ગયો એ મને ઘણું લાગ્યું. થોડાક કલાકપર હું મોટા શેઠીઆ

હતો તે મારી **મુલતવી રાખવાની** કુટેવને લીધેજ ગરીબ સ્થિતિમાં પાછો આવી પડયો ! મેં વિમો ઉતરાવવાનું **મુલતવી ન રાખ્યું** હોત તો શું મારી આવી સ્થિતિ થાત ? ! કદી નહીં, પરન્તુ **ઇશ્વરેચ્છાબલીયસી** એમ ધારીને જ મન વાળવું પડે છે. કારણ કે ગઇ વસ્તુ તે ગઇજ. તે જેમ કંઇ પાછી આવવાની નથી, તેમજ થયું તે કાંઇ ન થયું થવાનું નથી.

જ્યારે **મિ. નન**ને ત્યાં અમે હતાં ત્યારે લ્યુસિને એને ઘેરથી બોલાવવા આવ્યું. અગર જો કે પ્રથમની માફકજ તેઓનું મન મારા તરફથી ઉંચુ હતું તોપણ આ વખતે તેઓને મારી દયા આવવા લાગી; પણ તેઓએ ફક્ત લ્યુસિનેજ લેઇ જવાનું અને મને એકલો અત્રે મૂકવાનું કહ્યું લ્યુસિનું શરીર ગમે તેટલું હઠી ગયું. હતું અને અમુક વખત સુખશાંતિમાં ગાળવો એ તેની તન્દુરસ્તી માટે અવસ્યનું હતું તો પણ તેણે આવી દરખાસ્તને ધિક્કારી કાઢી. તેઓને જણાવ્યું કે ' જો તમે હવે પછીથી મને કોઇ પણ દિવસ આવું કહેશો તો હું તમારૂં મોં પણ જોવાની નથી. મેં એમને મારૂં તન, મન તથા ધન સર્વ અર્પણ કર્યું છે, તે હવે કાંઇ ન કર્યું થવાનું નથી. જ્યાં એમનું થુંક પડશે ત્યાં મારૂં લોહી પડશે. હું ફક્ત એમના સુખનીજ સાથી બનવાની નથી, પરંતુ દુઃખમાં પણ ભાગ લેઇશ. ગમે તે પ્રકારે એમનું મન ખુશી રાખવાને હું પ્રયત્ન કરીશ, અને જેમ બને તેમ એમને સુખ મળે તેમ કરવાનું મારૂં સૌથી પહેલામાં પહેલું કામ ધારીશ. માટે તમે ગમે તેટલું કહો, સમજાવો, કે બરબડો પણ તે સઘળું ધુળપર લીંપણની માફક થશે. જ્યારે ખરા દુઃખના વખતે હું એમને તજીને જતી રહું ત્યારે સ્ત્રી જે રણદ્વીપ સરખી કહેવાય છે તે ઉપનામ ખોટું ઠરે. માટે એ બાબત મૂકી દેઇને બીજી જે બાબત વિષે તમારે વાત કરવી હોય તે

કરો.' એની મા વિગેરે એ એને ઘણી ઘણી પ્રકારે મને છોડવાને સમજાવ્યું, તથા એણે જે જે કહ્યું તેના સામા દાખલા દલીલો આપ્યાં, પણ હ્યુસિ દ્રોણાચળની માફક દૃઢજ રહી. અગર જો કે તેની તંદુરસ્તિ દિવસે દિવસે બગડતી જતી હતી તોપણ એનાં સગાંઓએ જે જે લાલચો બતાવી તેમાંની કોઇથી પણ એનું મન ન લલચાતાં એ દૃઢજ રહી; તેથી જાણે એનું સર્વ દુઃખ જતું રહ્યું હોય અને એના મનપરથી જાણે હજારો મણનો બોજો ઉપાડી લીધો હોય તેવી રીતે એનું મન હલકું તથા નિર્મળ થઇ ગયું, તથા પ્રીતિનું ઝરણ ઘણા જોસથી વહેવા લાગ્યું. એણે તો આખરે ઘણીજ દૃઢતાથી ત્યાં જવાની માથામાં વાગે તેવી ના પાડી. એની માને ઘણું ખોટું લાગ્યું તોપણ તેણે એની દરકાર કરી નહીં, કારણ કે તે મને સર્વથી ઘણોજ વહાલો ગણતી હતી. જ્યારે એની મા વિગેરે કાંઇ બીજા કામમાં ગુથાયાં હતાં ત્યારે હું એને એકાંતમાં મળ્યો, તથા કહેવા લાગ્યો કે "આપણે અમેરિકા ગયાં તે પહેલાં જેમ તું થોડાક દિવસ તારા પિયરમાં ગાળી આવી હતી તેવી રીતે થોડાક દિવસ માટે ત્યાં જા. આપણી પાસેના પૈસા (મનમાં ગભરાતી નહીં કારણ કે ઈશ્વરેચ્છા આગળ કોઇનું કાંઇ ચાલતું નથી) સઘળા થઇ રહ્યા છે. તેથી તારી માની પડોશમાં હાલમાં રહેવા જઇએ તેમ નથી. તેમજ તારૂં શરીર પણ હઠતું જાય છે, અને આપણે બન્નેને બીજાને ત્યાં રહેવું પડે છે. આથી આપણને દુપટ લાભ થશે. એક તો તે તારાં માતાપિતાનું મન રાખી આજ્ઞા ન લોપી તેમ કહેવાશે, અને બીજું મારે મારા એકલાની ફિકર રહી તેથી ગમે ત્યાં માથુ મારી મારૂં ઠેકાણું પાડી દેઇશ. ઘર સંબંધી નક્કી કરીશ, અને તરતજ તને પાછી બોલાવી લેઇશ. માટે સૌથી સારામાં સારો અને સરળમાં સરળ રસ્તો તો એજ છે કે તારે

થોડાક દિવસ તારી માને ત્યાં રહી આવવું." આ સલાહથી તેણે પોતાને પિયર જવાનો ઠરાવ કર્યો, અને જ્યારે તેની મા આવી ત્યારે પેરે પેરે ત્યાં જવાનું ઠરાવ્યું, પણ એવી સરતથી કે એની મરજી પડે ત્યારે અત્રે પાછી આવે. બે ચાર દિવસ લન્ડનમાં રહી તેઓ સર્વ લ્યુસિને લેઇને ગયાં.

મારે હવે મારા ઘર સંબંધી સર્વ ગોઠવણ કરવાની હતી. અગર જો કે મિ. નનને ત્યાં હું ભારે પડું તેમ નહોતું તોપણ વધારે દિવસ ત્યાં રહેવું મને પસંદ નહોતું-માટે બનતી ત્વરાથી ઘરબાર વેચી દેવાની મેં ગોઠવણ કરી. આને માટે એક ખરીદદાર મને મળી આવ્યો, અને ખત કરીને મેં ઘરબાર વેચી દીધાં. આના પૈસા ઘણા નહોતા આવ્યા. પણ સાધારણ રીતે ઠીક હતા. આ પૈસા-માંથી મેં એક ઘર ભાડે રાખ્યું અને મિ. નન તથા મિસિસ નનની રજા લેઇને હું ત્યાં રહેવા ગયો. કાંઈ પણ બરોબર નક્કી થયા વિના લ્યુસિને બોલાવી લેવાનું મેં ઠીક ધાર્યું નહિ. મારા મનમાં હતું કે કોઈ પણ ધંધે વળગી એમ માર્ગે પડીશ એટલે એને બોલાવીશ. હું અત્રે એકલો હતો અને તે પ્રમાણેજ ખર્ચ ચલાવી શકું તેમ હતું. વારે વારે હું મિ. નનને ત્યાં મળવા જતો. અને એનો મત પણ પૂછતો કે મારે હવે કિયે ધંધે વળગવું. મિ. નને મને કોઇએક ખાતામાં નોકર રહેવાની ભલામણ કરી હતી. અને તેમ થાય તો મારી પણ હા હતી તેથી મિ. નન હમેશાં મારે માટે પ્રયત્નમાં રહેતા.

દરેક સ્થિતિના માણસોને મિત્રો આવી મળે છે. ફિલાડેલ્ફિયામાં મને જેવા મિત્રો મળ્યા હતા તેથી કાંઇ સારા મિત્રો મારે અત્રે પણ થયા. તેઓ મારી પાસે સાંજ સવાર આવતા અને અમે સર્વ ગમ્મત કરતા. આ મિત્રો કોઈ પણ ધંધે વળગેલા હતા અને તેઓને ફુરસદ મળતી

ત્યારે મારે ત્યાં સઘળા એકઠા થતા. જ્યારથી મારી પાસે મારા સગાની મિલકત આવી હતી ત્યારથીજ મેં અલફાફ ખર્ચ કાઢી નાંખ્યું હતું, સઘળી તરેહના વ્યસનથી દૂર રહ્યો હતો, અને દુરાચારી પણ થયો નહોતો. આને લીધે આ સ્થિતિમાં મને ઘણોજ ફાયદો થયો. અગર જો કે મારા મિત્રોમાંના કેટલાક મિતાહારથી વ્યસન કરતા, તોપણ મારી પ્રકૃતિ જાણી રહેલા તેથી મારે ત્યાં તે સંબંધી નામ પણ લેતા નહિ અને તેથીજ મારી પાસે જુજ રકમ થઇ હતી. એટલાથી મારૂં કામ સારી રીતે નભી શકતું. મારા પ્રથમના મિત્રો આ વખતે મારાથી બદલાઇ ગયા નહોતા. તેઓ પણ મારે ત્યાં વખતો વખત આવતા. અને મારી સ્થિતિમાં આમ એકાએક ફેરફાર થઇ ગયો તેને માટે મારી તરફ અનુકંપાથી જોતાં, તેમ મારૂં કોઇ પણ તરેહથી હિત થાય તેવા વિચારોમાં અહર્નિશ મંડયા રહેતા. ઘણી વાર એ લોકો મને એમને ત્યાં ભોજન કરવાનું પણ કહેતા. આ સર્વ કારણોથી મારૂં દુઃખ ઘણા ભાગે વિસારે પડતું.

મિ. નને ખુસ્કી ખાતામાં મારે માટે નોકરી ખોળી કાઢી હતી. તેના ઉપરી તરફ **મિ. નને** જબરી ભલામણ કરી હતી; અને તેથી તે જગો મને આપવાને માટે તેણે કબૂલ કર્યું હતું. આ જગો ઘણી સારી તથા વગર મહેનતની હતી, અને પગાર પણ માન ભરેલો હતો. **મિ. નને** મારી પાસે અરજી લખાવી અને તે અરજી જાતે લેઈ જઈ તે ખાતાના વડાને આપી, અને પોતાની સાથેજ હુકમ લેતા આવ્યા. આ હુકમ વાંચી મને અત્યંત હર્ષ થયો. તથા હવે હું અને **હચુસિ** બન્ને સાથે ફરીથી સુખશાન્તિમાં રહીશું એમ ધારીને મારૂં મન ઘણું પ્રફુલ્લિત થયું. પરંતુ તરતજ પાછો ઉદાસ થઇ ગયો, કારણ કે મને સાંભરી આવ્યું કે હવે મારે નિયમિત થવું પડશે, અને પારકાની તાબેદારી ઉઠાવવાને મારૂં મન ઘણુંજ રીઢું કરવું પડશે.

બીજાની ગરજી, વખાણ તથા સ્તુતિ કરવી પડશે; કારણ કે પારકી તાબેદારી ઉઠાવવી તે મગજમાં મગરૂરી રાખ્યાથી ઉઠાવાતી નથી. આવી સ્થિતિમાં ‘ કોઇની તમા ન રાખે ’ એવો પુરૂષ ઘણા ખત્તા ખાય છે તથા ઘણાં સંકટ ભોગવે છે. મારે માથે આવું કામ આવી પડયું, તેથી હું મનમાં ઘણો ખીન્ન થયો; પણ એકે ધંધે વળગ્યા વગર મારો છુટકો થાય તેમ નહોતું માટે મનથી નિશ્ચય કર્યો કે આ બ્હાને પણ મારાથી મારી ટેવ છોડાશે અને તેથી મને ઘણો ફાયદો થશે. આમ ધારીને મેં મન વાળ્યું.

લ્યુસિને તરતજ બોલાવવી કે નહીં તેને માટે મેં મનમાં થોડી ગડભાંગ કરી. પણ પાછળથી એમજ નક્કી કર્યું કે લ્યુસિને તો અત્રે બોલાવવીજ અને મારે એને પુરતું સુખ આપવું; તથા અત્રેના ડાક્તર વિગેરેને બતાવી ગમે તેમ કરીને એ પાછી હતી તેવી તંદુરસ્ત થાય તેવું કરવું. આ પછી મેં એને નીચે પ્રમાણે કાગળ લખ્યો:—

પ્રાણવલ્લભા હૃદયહારી પ્રેમમૂર્તિ લ્યુસિ !

થોડા વખતપર આવેલો તારો માયાળુ પત્ર પહોંચ્યો હતો. પ્રિયા પ્રીતિની રીતિ ન્યારીજ છે. જેઓએ પ્રીતિનું ખરૂં સુખ અનુભવ્યું છે તેજ પ્રીતિ શું ચીજ છે તે જાણે છે. અગર જો કે મેં જાતેજ તને ત્યાં જવાની રજા આપી હતી, પરંતુ હમેશાં મારી ગતિ અત્રે શી થાય છે તે તો ઇશ્વરજ જાણે છે. એમ ન ધારતી કે હું તને ભૂલી ગયો હતો. તારી સુંદર, પવિત્ર, પ્રેમાળ, માયાળુ અને હર્ષદાતા મૂર્તિ મારા આગળ હમેશાં ફર્યાજ કરે છે, અને જ્યારે જ્યારે તું મને સાંભરી આવે છે ત્યારે ત્યારે મારી આંખમાંથી આંસુ પડયા વગર રહેતાં નથી. તારા ગયા પછી થોડાજ દિવસમાં મેં તને બોલાવી લીધી હોત; પણ પૈસા સંબંધી હરકતને લીધે તારા જેવી સુજ્ઞ સ્ત્રીને મારાથી દૂર રહેવાની ફરજ પાડી. હું કબુલ કરૂં છું કે તારા જેવી વધારે

વખત પતિપરાયણ સ્ત્રીને જેટલું સુખ આપવું જોઇએ તેટલું સુખ હું તને એકે દિવસ આપી શકયો નથી. તેને માટે મારા મનમાં ઘણુંએ લાગે છે. પણ ઇશ્વર કરશે તો હવે હું તને સુખી કરવામાં બીલકુલે પાછો નહીં પડું. અગર જો કે મેં તો તને લગારે સુખ આપ્યું નથી તો પણ સર્વ પ્રકારે મારૂં મન સુખી તથા ખુશી રાખવામાં જેટલી મહેનત તેં લીધી છે તેટલી મહેનત, મને તો એમજ લાગે છે કે, બીજું કોઇ પણ કોઇને માટે લેતું નહીં હોય. પ્રિયા! તું મનમાં એમ ન ધારતી કે તારી કરેલી સર્વે મહેનત ફોગટ પડી. તેં તારૂં કર્તવ્ય પુરેપુરૂં બજાવ્યું છે તેથી તારે તો લગારે હરકત નથી. સર્વ વાતે હુંજ જવાબદાર છું! પ્રિયા! તું લખે છે કે 'અગર જો કે મારાં માતપિતા મારાપર સંપૂર્ણ હેત બતાવવામાં કાંઇ પણ ખામી નથી રાખતાં તો પણ મારૂં મન હમેશાં તમારા ને તમારાજ વિચારોમાં તલ્લીન રહે છે. તમે શું કરતા હશો, તમારી સ્થિતિ કેવી હશે, તથા તમારા જીવને ત્યાં સુખ હશે કે નહીં તે વિશે મનમાં વિચારોજ આવ્યા કરે છે.' આ તારૂં લખવું હું અક્ષરશઃ સત્ય માનું છું, કારણ કે મારી તરફ તારૂં મન કેવું છે તે મેં આટલા વર્ષમાં બરોબર જાણી લીધું છે. પણ હવે તારે એવા વિચારોનો અન્ત લાવવાનો તેમજ મારી સાથે સુખશાન્તિમાં રહેવાનો વખત આવ્યો છે. આપણા સુખ દુઃખના સાથી મિ. નનની ભલામણથી મને ખુશ્કી ખાતામાં સારી જગો મળી છે. મેં તેનો ચાર્જ પણ લીધો છે. અને હમેશાં નિયમસર કામ કરવા પણ જાઉં છું. આ જગા ઘણી મહેનતની નથી. તેમજ જે કામ કરવાનું છે તે કામથી હું માહિતગાર થઇ ગયો છું. એ ખાતાનો વડો મારાપર બહુ મહેરબાની રાખે છે તેથી મને બીજી કોઇ પણ રીતે હરકત પડે તેમ નથી. અર્થાત્ પૈસા સંબંધી સર્વ વાતે મને હાલ સુખ થયું છે, અને

એ સુખ પુરૂં કરવાને હવે આ કાગળ દેખત તુરત તારે અત્રે આવવું. પ્રિયા ! તારા આવવાથી તારો વિયોગી પતિ કેટલો હર્ષિત થશે તે હું તનેજ વિચાર કરવા સોંપું છું. માટે અતી ત્વરાથી તારે અત્રે આવવું.

હું છું.

હમેશાં તારૂં સુખ ઇચ્છનારો

તારો વિયોગી પતિ,

એસિલ સોવે.

આવી રીતનો મેં હચુાસને એક કાગળ લખ્યો. આ કાગળ વાંચીનેજ એણે તરત આવવાની તૈયારી કરવા માંડી અને બીજે દિવસે ત્યાંથી ઉપડીને મારી પાસે આવી. અમે મળ્યાં તે વખતે બન્નેની આંખમાંથી હર્ષના આંસુ ટપકવા લાગ્યાં તથા દશ મિનિટ સુધી તો એમાંથી એક બોલી ના શકયાં. મન કાંઈ સ્વસ્થ થયું ત્યારે ત્યાં શું શું બન્યું હતું તે સઘળાનો હેવાલ મેં તેને પૂછ્યો. આ હેવાલ તેણે ઘણા કચવાતા મનથી કહ્યો અને વળી કહ્યું કે " અગર જો કે મારી માનું મન તમારા તરફ તદન વળી ગયું છે પણ મારા પિતાના મનમાં તો ઘણોજ થોડો ફેરફાર થયો છે. તમારે માટે પ્રથમ જેવો મત એ આપતા તેવોજ મત હાલમાં પણ આપે છે. દરરોજ એકવાર પણ તમારે માટે કાંઇને કાંઈ વાત નિકળેજ અને તેમાં તમારા વિષે એવો મત આપતા તેથી મને ઘેર રહેવું તલભાર પણ પસંદ નહોતું. અને આટલાજ માટે વારંવાર હું તમને મારા કાગળોમાં બોલાવી લેવાની વિનતિ કરતી. મારે એટલું તો કહેવુંજ જોઇએ કે તમારે માટે એ એવું બોલતા પણ મારાપર એમનો સમ્પૂર્ણ પ્યાર છે અને તેથી એક રીતે મારા મનને શાન્તિ વળતી. ઈશ્વર કરશે તો ફરીથી એમને એમના વિચાર ફેરવવા પડશે. કારણ કે **મુલતવી રાખવાથી**

આપણે બહુ ખત્તા ખાધા છે, તેથી હવે નોકરીમાં તમે તમારૂં કામ મન દેઇને કરશોજ, અને આપણી ગએલી શાખ પાછી મેળવશોજ.”

આ સાંભળીને મેં એકવાર નિસાસો નાંખ્યો, અને લ્યુસિને કહ્યું કે મારાથી બનતા પ્રયત્ને હું તેમનો મત મારા તરફ ફેરવાવીશ, નિયમિત થવાનો પ્રયત્ન કરીશ, તથા મારા ઉપરીની મહેરબાની એવી તો સારી સંપાદન કરીશ કે મારે કોઇ પણ વાતે હરકત પડશે નહિ.

આ પ્રમાણે વાત કરીને મેં એનું મન સંતોષ્યું. હવે હમેશ એનું મન ખૂશી રહે એમ મેં કરવા માંડયું. એની તંદુરસ્તી સારી રહે તેને માટે ડાક્તરની સલાહ લીધી; તથા ઔષધ ચાલતું કર્યું. મારો પગાર સારો હતો તેથી તેમાંથી ઘરમાંનું ખર્ચ ચાલતું તથા દરમાસે કાંઇક બચતું પણ ખરૂં. આ સઘળા પૈસા મેં એકઠા કર્યા હતા. કોઇ પણ તરેહનું આડું અવળું ખર્ચ ન કરતાં જોઇતુંજ ખર્ચ હું કરતો.

જ્યારે પ્રથમ મારી નિમણોક થઈ ત્યારે મિ. નને મને ઘણી રીતે શિખામણ આપી હતી. હું એમનું નામ ન બોળું તેને માટે મને ઘણો ચેતાવ્યો હતો, તથા કોઈ પણ કામ મુલતવી ન રાખવું એમ મને એમણે જણાવ્યું હતું. એમની સઘળી શિખામણ મેં ધ્યાનમાં રાખી હતી અને તે પ્રમાણે ચાલવાનો પ્રયત્ન કરવા માંડયો હતો. અગર જો કે ઘણા વર્ષની રીઢી થઈ ગએલી કટેવને જીતવું એ ઘણું કઠણ કામ હતું તો પણ મારી સ્ત્રી, મિ. નન, તથા મારા ભલાને માટે મેં મારી કટેવ જીતવાનો પ્રયત્ન કરવા માંડયો. આ વખતે મારે મારી કાળજી તથા સાવચેતી વાપરવી પડી; કારણ એમ કર્યા વગર હું ફતેહમંદ નિવડું એ બનવું મુશ્કેલ હતું, તેથી હું ખુબ મહેનત કરવા મંડયો. ફરીથી એકવાર મેં નિયમિતપણાને માટે શાખ પાડી, અને

મારા ઉપરીની મહેરબાની મેળવી. જ્યારે મને માલૂમ પડયું કે મારૂં માન લોકોમાં સારૂં થયું છે તથા મારી અક્કલ હોંશીઆરીનાં વખાણ બહાર થાય છે ત્યારે પાછો હું ધીમે ધીમે મારી મૂળ ટેવપર આવતો ગયો. હ્યુસિનું શરીર આ વખતે ધીમે ધીમે સૂધરતું ચાલ્યું હતું અને જો હું મારી સારી સ્થિતિમાં બીજું એક વર્ષ રહ્યો હોત તો એનું શરીર પ્રથમ હતું તેવું થાત; પરંતુ બીજાં કેટલાંક ખાસ કારણો વચ્ચે આવી પડયાં તેથી હું મારી મૂળની ટેવપર પડ્યો અને મારાં કામ **મુલતવી રાખવા મંડયો.**

એક દિવસે હું એક મારા મિત્રને ત્યાં જમવા ગયો હતો, તેવામાં ત્યાં મિ. સેલબી નામનો એક પુરૂષ આવ્યો. વાતચિત કરવામાં આ આદમી ઘણો કુશળ હતો. સ્વભાષાનું તે ઘણું સારૂં જ્ઞાન ધરાવતો હતો, તથા કાંઈ કવિતા પણ જાણતો હતો. શિવાય તેણે પરભાષાઓનો પણ અભ્યાસ કર્યો હતો; અને તેમાંથી એ ત્રણ ભાષાઓની તો એણે ઘણીજ સારી માહિતી મેળવી હતી. આ આદમી ઠીંગણો તથા શરીરે મોટો હતો. તેની રીતભાતથીજ મને લાગ્યું કે તે કાંઈ પોતાના જ્ઞાનનું અભિમાન ધરાવનારો છે. મારે આ પુરૂષની સાથે સ્હેજસાજ વાતચિત થઈ. તેણે મારૂં નામ પૂછ્યું અને જ્યારે મેં એને મારૂં નામ કહ્યું ત્યારે એ બોલ્યો કે **બેસિલ**—સિસેરીઆનો ધર્મ ગુરૂ! ઓહો! આ નામેજ તમારૂં નામ રાખેલું દેખાય છે!"

આટલું કહી એણે કેટલીક ધર્મ સંબંધી વાતચિત કરી. તે પરથી મેં જાણ્યું કે આ માણસે ધર્મ સંબંધી પણ અભ્યાસ કર્યો છે. મેં એના ધર્મ સંબંધી વિચારો સામે કેટલીક તકરારો કરી તેથી મને કહ્યું કે "હાલમાં આપણે એ બાબત બંધ રાખો પણ જો તમારી મરજી હશે તો વળી કોઈ બીજે પ્રસંગે એ વિષે વાતચિત કરીશું. જો મારે ઘેર આવશો તો ત્યાં આપણે એક બીજાના વિચારોથી જાણીતા

થઇશું." મેં એના ઘરનું ઠામ-ઠેકાણું પૂછી લીધું, અને થોડીક પરચુરણ વાતો કરીને અમે છૂટા પડયા.

હું ઘેર આવ્યો ત્યારે હ્યુસિ મારી રાહ જોઇને બેસી રહી હતી. મેં એને પ્રથમથીજ કહ્યું હતું કે હું તો જમવા જનાર છું તેથી આજ મારા મોડા થવાથી એના મનમાં કાંઈ લાગ્યું નહોતું. ખરૂં જોતાં હું ધાર્યા કરતાં બે કલાક મોડો થયો હતો. હું ગયો કે તરતજ તે મને ખૂશીથી સામી લેવા આવી. અમે બન્ને જણ ઘરમાં જઇને બેઠાં. તેણે કહ્યું કે "આજ તમે ઘેર નહોતા ત્યારે એક માણસ તમને મળવા માટે આવ્યો હતો; અને કહેતો હતો કે 'મારે કાંઇક પૈસા ભરવા છે. એણે એનું નામ હેત્રી કહ્યું." મેં કહ્યું કે એ આદમી આપણી પાસેથી ૬૦) રૂપીઆ લેઈ ગયો છે તે પાછા આપવા આવ્યો હશે. કાંઈ હરકત નહીં એ તો કાલ ફરીથી આવશે. આ પછી જમવા ગયો હતો ત્યાંની સઘળી વાત મેં તેને કહી, તથા મિ. સેલબી સાથે શી રીતે ઓળખાણ થયું તે સવિસ્તર જણાવ્યું. તેમજ સેલબીએ મને એને ઘેર આવવાને માટે કહ્યું હતું તે પણ કહ્યું. આ સાંભળીને હ્યુસિએ કહ્યું કે "ફીલાડેલ્ફિયામાં કેવા મિત્રો મળ્યા હતા તે તમને યાદ હશેજ, માટે હવેથી કોઇની સાથે મિત્રાચારી કરો તો વિચારીનેજ કરજો, કે પાછળથી આપણે પસ્તાવું પડે નહિ. તેમજ કદાચ જો તમને એમજ લાગે કે એ મિત્રતાને પાત્ર છે તો પણ હમેશાં એને ત્યાં જવાની હું તમને નાજ કહું છું. રજાનો દિવસ હોય ત્યારેજ જવું આવવું. જો તમે હમેશાં જશો તો તમારી ઓફીસનું કામ ચૂકશો અને તેથી તમને ઠપકો મળશે. માટે આપણે ચેતીને ચાલવું એમાં ફાયદો છે. મારી તો તમને આટલી નમ્રતાથી વિનંતિ છે. પછી જેમ તમારી મરજીમાં આવે તેમ ખરૂં."

મેં એને કહ્યું કે "આ બાબત તારે કાંઇ પણ

ફિકર ચિન્તા કરવી નહીં. આજ કાલ કરતાં છ મહિનાથી હું નિયનિત થયો છું, અને મારી મૂળની કટેવપર ચઢ્યો નથી. કોઈ પણ દિવસ આવું નિયમિત કામ કરેલું નથી તેથી ઘણું અઘરૂં તો લાગે છે; પણ મિ. નનની શીખામણ, તારી મૂર્તિ, આપણો પાછલો હેવાલ વિગેરે મારી નજર આગળ તરી આવે છે તેથી પાછો તન અને મનથી કામે વળગું છું. આમ કરતાં જો વર્ષેક વીતી જાય તો મને લાગે છે કે હું મારી કટેવ છોડી શકીશ. હું એમને ત્યાં કોઇકજ પ્રસંગે જઇશ. આપણા કામમાં ખલેલ પડે તેવું નહીં કરૂં.”

હ્યુસિએ આ સાંભળી સંતોષ જણાવ્યો; તથા આ વિષય બદલીને બીજા વિષયપર વળી ચલાવી. તેણે કહ્યું કે “તમે જેટલાને પૈસા ધીર્યા છે તેમાંથી કોઇની પણ મુદત વહી ન જાય તે ધ્યાનમાં રાખજો. કારણ કે એમ થશે તો આપણી મુંડીમાંથી મોટો ભાગ ઓછો થવાનો સંભવ છે. આપણી પાસે ખતપત્ર તો હશેજ તેમાં જોયાથી માલુમ પડશે કે દરેકની મુદતમાં કેટલા દિવસ બાકી છે.” આ સાંભળીને હું લેવાઈ ગયો. કારણ કે અગર જો હું મારી ઓફીસનું કામ ઘણુંજ નિયમિત રીતે કરતો, પરંતુ આ બાબત મેં કોઇ દિવસ સંભારીજ નહોતી. અને કોઇ દિવસ સાંભરી હશે તો પણ કાલ જોઇશું એમ કરી રહેવા દીધું હશે. આ સઘળું હ્યુસિ કાંઈ જાણતી નહોતી. તેના મનમાં તો એમજ હતું કે બધી બાબતોમાં એ નિયમિત થયા છે. આ કારણને લીધે જ્યારે તેણે મને ઉપર પ્રમાણે કહ્યું ત્યારે મારૂં મોં લેવાઈ ગયું. પણ તે હ્યુસિને ન જણાવતાં મેં એને કહ્યું કે કાલ એ બાબત તપાસ કરી બધું તારીખ વાર મારી સ્મરણપોથીમાં તારવી કાઢીશ. હ્યુસિએ કહ્યું કે ભુલતા નહીં.

જ્યારે બીજે દિવસે હું સવારમાં ઉઠયો ત્યારે મારૂં મન મિ. સેલબીમાં હતું. પણ દરરોજ સવારમાં મારે

મારા ઉપરીને ત્યાં જવું પડતું. કારણ કે ખુશામત શિવાય દુનિયામાં કાંઇજ બનતું નથી. ખુશામતીઆ માણસોજ સારી રીતે ફાવી શકે છે. જેઓ ખુશામત કરતા નથી તેઓનો પત્તો પણ લાગતો નથી; અને કોઇ માણસ ગમે તેવો હોંશિયાર હોય તો પણ કોઇ ભાવે પૂછતું નથી. ખુશામતથી બીનમાહિતગાર પણ સારે દરજ્જે ચઢી શકે છે. 'ખુશામત તાજી રોટી' એ કહેવતનું અત્યારે પ્રબળ હતું, તેથી મારે પણ ખુશામત કરવી પડતી. મને આ બાબતનો ધિક્કાર હતો; પરન્તુ મારે એમ કર્યા વગર ચાલે તેમ નહોતું; કારણ કે પ્રથમ મારી શાખજ ખરાબ પડેલી તેથી કોઇ પણ મને નોકરી આપેજ નહિ; અને મિ. નનની ભલામણથી તે મળી ત્યારે મારે એમ પણ ન જણાવવું જોઇએ કે "હું કોઇની દરકાર ન રાખું એવો છું." આટલા માટે હું દરરોજ મારા ઉપરીને ત્યાં જતો. આ કારણને લીધે મિ. સેલબીને ત્યાં હું સવારમાં જઇ શક્યો નહિ. પરવારીને જ્યારે ઓફીસમાં ગયો ત્યારે મારૂં ધ્યાન ત્યાં બિલકુલ ચોટું નહિ, કામ બરોબર થયું નહિ, અને જે કામ તે દિવસે કરવું જોઇએ તે મુલતવી રાખ્યું. મારા મનમાં એમ હતું કે કયારે ઓફીસનો વખત પુરો થાય, અને હું મિ. સેલબીને મળું. ધર્મ સંબંધી એની સાથે વાતચિત કરી મારે એના મનમાં ઠસાવવું હતું કે પોતે ધારે છે તેમ ફક્ત એનામાં દૈવત છે એમ નહીં, પરન્તુ બીજા પણ એને આંટે એવા પડયા છે. આ વિચારથી હું જ્યારે ઓફીસમાંથી છુટયો ત્યારે મિ. સેલબીને ત્યાં ગયો. ત્યાં એમના બે ચાર મિત્રો બેઠેલા હતા. સઘળા સાથે મારે ઓળખાણ થઇ. આ મિત્રોમાં એક ડાક્ટર હતો. તેનામાં કાંઇ પણ ઉંડીપહોંચ નહોતી. પોતાના ધંધામાં પણ તે ફતેહમંદ નહોતો, તો પણ તે મોટી બડાઇઓ હાંકતો. જેન કહીએ તો તે માત્ર નામનો જ ડાક્તર હતો. આ

ણુસ પોતે કોઇ પણ વિષયપર લખી જાણે એમ નહોતું; અને તેથી મિ. સેલબીની કૃતિનો તે બહુ ફાંકો રાખતો, તથા એની બરોબરી કરી શકે એવું કોઇ નથી એમ ધારતો. આ શિવાય એક બીજો મિત્ર હતો. તે બોલવામાં વિવેકી હતો. આ માણસ પણ કવિતા લખી જાણતો હતો. એનામાં કાંઇક પાણી હતું. પોતાને માટે એ ઉપરથી બિલકુલે અભિમાન ધરાવતો નહીં, તથા ઘણીજ નમ્રતા બતાવતો પણ એમના સઘળા મિત્રનું લક્ષ્ય મિ. સેલબી હતો. તેઓ એને કોઇ દૈવી માણસ માનતા. એના એક શબ્દને માટે તેઓ હજાર ઘણું માન આપતા, અને એને માટે હદ ઉપરાંત માન ધરાવતા. વળી એક ત્રીજો મિત્ર હતો. તે મિ. સેલબીને પણ આંટે એવો અભિમાનનો કટકો હતો. તે વેલ્સના પહાડી મુલકનો રહીશ હતો. તથા કેટલાંક ખાસ કારણોને લીધે તે લન્ડનમાં આવી રહ્યો હતો. મારો વિચાર એમના દોષજ બતાવવાનો નથી. મારે કબૂલ કરવું જોઇએ કે આ અહંકારી મિત્રમાં અક્કલ તથા હોશીઆરી હતાં. તે મિ. સેલબીની હરીફાઈ કરતો અને કરી શકે તેવો હતો. કેટલીક બાબતોમાં તે મિ. સેલબીથી ચડતો; પણ તેના નાકમાં બીલકુલે ગંધ માતી નહોતી. કોઈ કોઈ વખતે મિ. સેલબી નમ્ર જોવામાં આવતો. પણ આતો દોર બાંધવાના ખીલાની માફક ઉંચોને ઉંચોજ રહેતો; કોઈની મશ્કરી કરવામાં ખુશી માનતો; તથા કોઈ બોલાવે ત્યારે જાણે પરાણે બોલતો હોય તેમ કરતો. આવી ટોળીનો સરદાર મિ. સેલબી હતો.

આ માણસની સાથે મારે ધર્મ સંબંધી સારૂં વિવેચન થયું. ઘણુંખરા સવાલોની તકરાર હું એવી તો સારી ઉઠાવતો કે એ છક થઈ જતો; તેમ કેટલીક બાબતોમાં એ એવું તો સારૂં વિવેચન કરતો કે, મારૂં મન પણ ખૂશી થઇ જતું. હું હમેશાં હજી એને સાં[illegible]

ધર્મ, રાજ્ય, નીતિ અને વિદ્યા સંબંધી વાતચિતો ચાલતી. દરેકમાં જેવું એ વિવેચન કરતો તેવુંજ હું ચલાવતો, અને તેથી હંમેશ મને એની પાસે જવાનું મન થતું હતું. હવે હું ધીમે ધીમે મારી કટેવપર ચઢતો ગયો. હમેશાં હું મારા ઘરનું કામ તથા ઓફીસનું કામ પણ **મુલતવી રાખવા મંડયો,** અને તેથી કરીને કામનાં ઘણાં કાગળિયાં ચઢી ગયાં. આ બાબત **લ્યુસિને** માલૂમ પડી તેથી તે ખીન્ન થવા લાગી અને મને સુધારવાનો પ્રયત્ન કરવા મંડી; પણ હું તો મારા વિવેચનોમાં એવો તો તલ્લીન થઇ ગયો હતો કે મેં કશાને ગણકાર્યું નહિ. હવે પાછો જેમ હું ફિલાડેલ્ફિયામાં એને એકલો મૂકતો તેમ અત્રે પણ મૂકવા લાગ્યો. અને કોઈ દિવસ રાત્રિ પણ મી. સેલબીને ત્યાં ગાળવા લાગ્યો. મિ. સેલબીને પોતાની સ્ત્રી સાથે બનતું નહિ, કાંતો એના ધર્મ સંબંધી વિચારોને લીધે તે તેને પસંદ નહોતી કે તે પોતેજ તેની સાથે રહેવાને ખૂશી નહોતી, તે હું કહી શકતો નથી. પણ એટલું તો ખરૂંજ કે એ કોઈ પણ રાત્રિ પોતાની સ્ત્રી સાથે ગાળતો નહોતો. એનાં માતપિતા ઘણાં વૃદ્ધ હતાં, તથા ઘણીવાર એને શિખામણ પણ દેતાં હતાં; પણ મિ. સેલબી મદમાં છકી ગયો હતો, તેથી પોતાનાં પૂજ્ય માતપિતાને પણ ગાંઠતો નહોતો. જાણે તેઓ એમના ચાકર હોય તેમ ધમકાવતો તથા ગાળો દેતો. જ્યારે મેં આ સાંભળ્યું ત્યારે મને એનાપર ઘણો તિરસ્કાર છુટયો, તથા મારા મનમાં આવ્યું કે ધિક્કાર છે એના જ્ઞાનને, ઉમ્મરને અને વિદ્વતાને કે પોતાનાં માતપિતાની આજ્ઞા ઉઠાવવાને બદલે આવી ગાળો ભાંડી તેમના જીવને ક્લેશ કરતાં બીલકુલે ખચકાતો નથી. તે વખતે એનું જ્ઞાન અને વિદ્વતા સઘળું ખોટીએ ભરાવતો. આવા વિંટીમાં જડવા લાયક નમુનાને—અક્કલના દુશ્મનને, તથા નીતિ નરૂના અધિકારીને શાબાશ શિરો-

પણો આપવાં તે મને જડી આવતાં નથી. આવાં આદમીની સોબતમાં રહી ખોંખારતાં નહિ તો લાત મારતાં તો શિખેજ, તેમ જાણે મને થયું.

લ્યુસીનું મન આથી ખરાબ થતું ગયું તથા મનમાં એ મને કદી ફરીને બેસવાજ દેશે નહિ એમ તેણે નિશ્ચય કર્યો હોય તેમ જણાવ્યું. ફિલાડેલ્ફિયામાં જ્યારે હું એને મૂકીને જતો ત્યારે મારો છોકરો એની પાસે રહેતો; તેને જોઇને એ ખૂશીમાં રહેતી. પણ હવે જ્યારે હું એકલી મૂકીને જતો ત્યારે કશી રીતે ચેન ન પડતાં એનું મન ઉલટું વધારે દિલગીર થતું. છોકરો તેને સાંભરી આવતો અને ઘણી વખતે રડતી. છોકરા વિષેની દિલગીરી પાછી એનામાં પ્રસરવા લાગી. હમેશાં એના એ વિચાર કર્યાજ કરે, અને હું ઘણીવાર પાસે નહિ તેથી દિલાસો આપનાર પણ કોઇ ન રહ્યું, તેથી ચિન્તામાં ને ચિન્તામાં એનું શરીર ગળવા લાગ્યું. હું પણ દિવસે દિવસે વધારે અનિયમિત ને આળસુ થવા મંડયો. આને લીધે એના અન્તઃકરણમાં જાણે કાંઇ સડો ન પેઠો હોય એમ થવા માંડયું. અગર જો કે મેં લ્યુસિને વચન આપ્યું હતું કે હું હિસાબ કાલે તપાસીશ પણ તે વાતને છ મહિના થઇ ગયા હતા, અને જ્યારે એક દિવસ લ્યુસિએ અનાયાસે એક ખતમાં જોયું ત્યારે માલૂમ પડયું કે ત્રણ મહિનાપર ૫૦૦) રૂપીઆની મુદત વહી ગઇ હતી. આ એણે મને બતાવ્યું. પાંચસે રૂપિયા સરખી રકમ ગઈ તેને માટે મને બહુ લાગ્યું; એ મારી **મુલતવી રાખવાની** ટેવને લીધેજ થયું. મારૂં મન આથી ઘણુંજ ઉદાસ થઇ ગયું મને મારી ભૂલ માલૂમ પડી, તથા સુધરવાના વિચાર કર્યા; પણ છ મહિનાનું મારા ઘરનું, ઓફિસનું તથા મિત્રોનું સોંપેલું કામ એટલું બધું હતું કે તેમાંથી શું કરવું તેની ગમ પડે નહિ. ઓફિસનું કામ ચડી ગયું હતું તેને માટે થોડાક વખત સુધી તો મારા ઉપરીએ ચલાવી લીધું.

પણ મેં જ્યારે સઘળું કામ **મુલતવી રાખ્યા** કીધું ત્યારે તેણે મારે વિષે મિ. **નનને** ફરિયાદ કીધી. આ બાબત શિખામણ દેવાને **મિ. નન** મારે ત્યાં બે ત્રણ વખત આવેલા, પણ હું તો મિ. **સેલબીને** ત્યાં વાક્ચાતુરી લડાવવા ગયો હતો તેથી મળી શકેલો નહીં, તેથી એ વિષે લ્યુસિને ઘણું સમજાવવાને કહેલું. લ્યુસિ મને એ બાબત વિષે કહેતી પણ હું ધ્યાનમાં લેતો નહીં. લ્યુસિનું દિલ આથી બહુ નારાજ થઇ ગયું અને એટલીબધી તો ચિન્તામાં ગરક થઇ ગઇ કે એની જીંદગીની પણ મને આશા રહી નહીં. હું ઘણોજ મોડો ચેત્યો. વળી એટલામાં મારૂં કમનશીબ પુરૂં કરવાને "કામ બરોબર નહીં કરવાથી, તથા મુદ્દાનાં કાગળિયાં ઘાલી મુકવાથી તમને બરતરફ કરવામાં આવ્યા છે તથા એ બાબતના ગુન્હા માટે તમારાપર ફોજદારી કેસ માંડ્યો છે" એવો હુકમ મને મળ્યો. લ્યુસિ આથી ઘણી હબકી અને મરણતોલ માંદી પડી. ડાક્ટરને પૂછવાથી જણાયું કે "ઘણા ખેદને લીધે એનું મન ખરાબ થઇ ગયું છે. અને મનની અસર તન ઉપર થવાથી આમ બન્યું છે એ હવે જીવે એમ મને લાગતું નથી. માટે તમારે ચેતવું હોય તો ચેતી લેવું." મેં તરતજ કાગળ લખીને એની મા વિગેરેને બોલાવ્યાં. લ્યુસિએ ઘણુંજ ધીમે સાદે મારી સંભાળ રાખવાની એમને ભલામણ કરી; કાંઇ પણ કામમાં મારી મરજી એ બરોબર ઉઠાવી શકી ન હોય તેને માટે મારી માફી માગી તથા હું હવે પછી કોઇ પણ દિવસ દુઃખમાં ન આવી પડું તેને માટે ઇશ્વરની પ્રાર્થના કરી. હું એને દિલાસો દેવા જતો હતો પણ શોકથી મારૂં મન એટલું બધું તો ભરાઇ ગયું હતું કે હું તે વેળા કાંઇ બોલી શક્યો નહીં. પણ અપશોચ! સ્હેજવારમાં તો એનો પવિત્ર આત્મા આ ફાનિ દુનિયા છોડી એના કર્તાની હજુરમાં જઇને ઉભો રહ્યો! મને જે દુઃખ આ વખતે થયું તે હું વર્ણ-

વીજ શકતો નથી. આવી સદ્‌ગુણી અને પતિવ્રતા સ્ત્રી ભાગ્યેજ થઈ હશે એમ કહેતા હું જરીકે અટકતો નથી.

મારા પરનો મુકર્દમો મિ. નનની ભલામણથી માંડી વાળવામાં આવ્યો; અને મારી પાસે જે જુજ ભંડોળ એકઠું થયું હતું અને જે ધીરેલા પૈસામાંથી આવે તેવું હતું તે લેઇને **મુલતવી રાખવાની** કટેવના ગુલામજ થઇને ખાધા કરૂં છું ! ! !

આ પ્રમાણે પોતાનાં કામ **મુલતવી રાખવાથી** **બેસિલ**ને ઉત્તરોત્તર કડવાં ફળ ચાખવા પડ્યાં. આ વાંચીને બાળકો, યુવાનો તેમજ પુખ્ત વયે પહોંચેલાં સુજ્ઞ પુરૂષો પોતાથી બનતા પ્રયત્ને આ આર્ય પ્રજાના કટ્ટા શત્રુ, દેશોન્નતિને મૂળમાંથીજ ખાઇ જનાર કીડીથી, તથા સર્વ વાતે હાનિ પહોંચાડનાર આ પાપિષ્ટ મરજથી દુર રહેવા પ્રયત્ન કરશે, તો મારો યત્ન સફળ થયો સમજીશ. આની સાથે દેશીઓને શિક્ષારૂપ વિનંતિ કરવાનું યોગ્ય ધારીને કવિતા સામિલ કરી છે તે ધ્યાન લેશો.

શિક્ષારૂપ બિનતિ.

રાગ ધનાશ્રી–પ્રભુ રીઝી સાહ્ય થજો જગરાય, એ રાગ.

ચેતો ચેતો દેશી ધરી ચતુરાઇ,
ધરી ચતુરાઈ, રાખી ચતુરાઈ, ચેતો ચેતો. ટેક.
બહુ બહુ વેઠયું, સેવી આળસાઈ,
જાગી ફુંકો જય શરણાઈ. ચેતો ચેતો. ૧
સારે સારૂં, માઠે માઠું, એમાં ન નવાઈ,
ફોકટ કાં ફસો છો ફુલાઈ. ચેતો ચેતો. ૨
શ્રમને ઉદ્યમની કરિને સગાઇ,
નીતિમણી શોધો હરખાઇ. ચેતો ચેતો. ૩
મુલતવી રાખે આવે છે તવાઇ,
બેસિલની ભાળો આ ભવાઈ. ચેતો ચેતો. ૪

પદ.

અપરાધ ક્ષમા કરો મારો–એ રાગ.

આર્ય બુદ્ધી ટેવ વિદ્દારો વિનંતિ ચિત્ત વિચારો. આર્ય. ૧

મુલતવી રાખ્યે માન ઘટાડયું, ધર્મ તજાવી તમારો;
શુદ્ધ મતિને નિશુદ્ધ કરીને, કાઢે છે મનના વિકારો. આર્ય. ૨
સદ્ધર્મ નીતિનું ભાન ભૂલાવે, લાવે લુબ્ધ વિચારો;
દેશ તણાં દારિદ્ર વધારે, સોંપી વિચાર નઠારો. આર્ય. ૩
લાજ ઘટાડી કાજ બગાડે, મા'જનનો જન્મારો;
આશાને ફોકટમાં ફસાવે, તરવાનો એકે ન આરો. આર્ય. ૪
કાલકરીશું કાલકરીશું, જાય દિવસ જો હજારો;
તોપણ તેનો અંત ન આવે, ટેવે બંધાયો વિચારો. આર્ય. ૫
મોગલની મુગલાઇ થકી ગયું, રાજ્ય થયા ફેરફારો;
એમ કહે કવિતાએ સઘળા આજતણા સૂત્રકારો. આર્ય. ૬
'કાલ' કરાલને ખાલ ખુશીથી, આજજ કરવાનું ધારે;
"ખંત અને ઉદ્યોગ" એ વચનો, ચિત્તથી કદિ ન વિસારો.આ. ૭
'કાલ' તણા વિશ્વાસથી સત્યે. કામનો ના'વે પારો;
નિત્ય વધે, જો મુલતવી રાખો, આખર થશે ભારો. આર્ય. ૮
રે'મ તથા પ્રભુ પ્રેમથી પામ્યા મનુષ્ય દેહ આ સારો;
કાળને કાં તમે વ્યર્થ ગુમાવો,સ્નેહથી સજનો સુધારો. આર્ય. ૯
એસિલ વાતથી બોધ લઇને, સ્વાર્થ સુધારો તમારો;
જ્ઞાન**મણી** તણીખાણ ખણીને,ખાટો ખચિત સુખતારો.આર્ય.૧૦

પદ.

સલામ સઉને હાલ સાહેબો સલામ સઉને હાલ.
દાશ કરો સંભાળ, આર્યની દાશ કરો સંભાળ.—ટેક ૧
સત્પ્રજ્ઞા સુવિચાર વસાવો, આખર તારાં બાળ. આર્યની. ૨
કાલ સૂધી મુલતવવા કેરી, ટેવનો આણો કાળ. આર્યની. ૩
અંધારામાં આવી પડેલા, આર્યઉપર ધરિ વ્હાલ. આર્યની. ૪
નિર્ધન પણ વિદ્વાન વર્ગને, આશ્રય અધિકો આલ. આર્યની. ૫
કૈંક બિચારા કદર વિનાના, કોપે કર્યા કંગાળ. આર્યની. ૬
તેમની હે જગતાત! ભલાથઇ ભાવથી લેશો ભાળ. આર્યની. ૭
વ્હેમપાશથી વિમુક્ત કરીને, દુર્મતિ ટેકથી ટાળ. આર્યની. ૮
વિજયવિજયવ્યાપેઅવનીમાં, વિનવે ગુર્જર બાળ. આર્યની. ૯

તથાસ્તુ.

સમાપ્ત.

પત્ર લખી કામ પાડી અનુભવ લેશો.

ધી ગુજરાત ઓરીએન્ટલ બુક ડીપો

અમદાવાદ.

આ ઉપરથી સર્વ માસ્તર, મહેતાજી વર્ગને જાણ કરવાની રજા લઇએ છીએ કે ગુજરાતી સ્કૂલમાં ચાલતાં તમામ પુસ્તકો, ટેક્સ્ટ બુકો, ધોરણની નોટો, ડ્રોઇંગ બુકો [કોરી ને છાપેલી] એકસરસાઇઝ નોટો, રબર, પેનસીલ વગેરે મોટા જથામાં રાખીએ છીએ અને બહાર ગામના મહેતાજીઓને ખાસ ભલામણ કરવાની કે એક વખતે કામ પાડી જોવાથી ખાત્રી થશે. ખરીદી માટે જે મહેતાજીઓને નાહક ખર્ચમાં ઉતરી શહેરમાં આવવું પડે છે તે અમારી સાથે કામ પાડવાથી બીલકુલ આવવાની જરૂર રહેતી નથી.